

૪૯૨

ડિસેમ્બર · ૧૯૬૪

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત

કુમાર

ડિસેમ્બર ૧૯૫૪ · અંક ૪૯૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ: રૂ. ૧-૨૫

બીને ચિત્ર ઉપજાવ્યું! આમ, ચિત્રકળા દ્વારા વિચારોને રજૂ કરવાને બદલે જે વસ્તુ ઉત્પન્ન થાય એમાંથી કળાકૃતિ કલ્પી લેવી, એ યુગ આવ્યો છે. આથી આપણને Pieta જેવી અમર કૃતિ હવે નહિ જ મળે. મળશે રંગનાં ચબરાકિયાં. પ્રોત્સાહન પણ એને જ મળે છે. આજે કોઇ પણ વ્યક્તિ રાતોરાત મહાન ચિત્રકાર બની જાય છે. જોકે જૂના મતના લોકો આવી કૃતિઓને મહત્ત્વ આપતા નથી.

(સાન્તાક્રુઝ) —રમેશ શાહ

કાર્તિકેય

તેજસ્વી શિવપુત્ર દેવસેનાની કાર્તિકસ્વામી યુદ્ધના અધિષ્ઠાતા દેવ છે. ક્યારેક યુદ્ધમાં પરિણમતી તસ્કરોની ક્રિયાને કારણે તે એમના પણ દેવ થઈ પડ્યા હોય. અથવા ડૉ. સાંડેસરાએ કહ્યુ છે તેમ 'ચોરીમાં ચાર તસુ ચતુરાઇ ચડિયાતી હોવાથી' સ્કંદ–સુબ્રહ્મણ્ય બૌદ્ધિક ચાપલ્યને કારણે ચોરીની વ્યવસાયકલાના અધિષ્ઠાતા ગણાયા હોય. બીજી રીતે ગણેશને ઋદ્ધિ-સિદ્ધિના સ્વામી–પ્રદાતા કહ્યા છે, પણ બુદ્ધિના નહિ. બુદ્ધિ-સિદ્ધિના અધિષ્ઠાતા કદાચ કાર્તિકેય હોય. ગણિકાઓનાં ધામ પ્રાચીન કાળથી વ્યવહારદક્ષતા અને ચતુરાઇ માટે દંતકથાઓમાં દર્શાવાએલાં છે, એથી, કે કામક્રિયાને 'સુરતસંગ્રામ' કહેવાતો માટે, એમના કુળદેવતા સુબ્રહ્મણ્ય ઠર્યા હોય.

પણ ગુજરાતીમાં એક જૂનો દુહો કંઠોપકંઠ વહ્યા કરે છે: ('કુમાર'ના ૩૦૦મા અંકમાં 'ચોરશાસ્ત્ર નામના અધ્યયનપૂર્ણ લેખમાં ડૉ. સાંડેસરાએ પાદટીપમાં નોંધ લઇને એ દુહાનાં વિવિધ પદોના અર્થો કેમ બેસારવા તે અટપટું ને કૂટ ગણ્યું છે:

ગવરી તારા પુત્રને, સમરે મધુરા મોર;
દીએ સમરે વાણિયા, રાતે સમરે ચોર.

આમાં પહેલાં બે ચરણ સ્પષ્ટ છે: પાર્વતીપુત્ર – જેનું વાહન મોર છે – તે સ્કંદને સંબોધીને આ દુહો છે. એ અર્થ વિના બીજો કોઈ અર્થ નીકળી શકે તેમ નથી. તો આમાં વાણિયાને શા માટે ચોરોની જેમ જ કાર્તિકસ્વામીનું દિવસે મંગલ સ્મરણ કરતા કલ્પ્યા છે?

જે રીતે ચોરોની વ્યવસાય-કલાના મંગલ દેવતા કાર્તિકસ્વામી છે અને આયુધદેવતા ગણેશ છે (ખાતર પાડવાના સાધનને ગણેશિયો કહે છે), તે જ રીતે વણિકોના મંગલ દેવતા આજ સુધી ગણેશ છે, અને કરણ દેવતા કાર્તિકસ્વામી છે. એથી જ વાણિયા લખવાના એ યુગના એકમાત્ર સાધન 'કિત્તા'ને–બરૂના કાઠાને-છેડેથી છાલી, સોનેરી-રૂપેરી-લીલી ભાતના વરખના કાગળમાં મઢીને દિવાળી પૂજન સમયે ચોપડામાં મૂકે છે. એ પુરાણા સમયનો કૃતિકઃ (લેખણ, કલમ) એ જ કિત્તો. જ્યારે લાકડાની લેખણો વપરાતી એ સમયનો આ દુહો નિર્દેશ કરે છે.

ચોરનું સાધન ગણેશિયો તો શાહુકારનું કૃત્તિકઃ (પણ તે કાતર, ગજવાં કાપવાની, નહિ; કારણ કે 'ગઠિયો' એવો ખિસ્સાકાતરુ માટેનો એક પ્રાચીન શબ્દ એને ચોરીનો અવાંતર વ્યવસાય જણાવે છે) 'ચોરનો ભાઈ ઘંટીચોર' (ગંઠીચોર). હજી યે જૂના ગ્રામીણ માણસો વસ્તુની ગાંઠ મારે છે.

(ભાવનગર) —ધીરજલાલ અ. વોરા

'કુમાર'ના ૪૯૦મા અંકમાં ભાઇ ખોડીદાસ પરમારના 'સીતા વનવાસ'ના ચિત્રનો પરિચય આપતાં 'ચિત્રમાં બળદ શોભનશૈલીએ આલેખાએલો' હોવાનું જણાવ્યું છે. તેમનાં માથાં, ડોકના વળાંક, શીંગડાંનો અભાવ, ગરદન પર કેશવાળી જેવી પટ્ટી, ઊંચા કરેલા પગના મરોડ તથા પૂછડાં, એ બધું જોતાં એ ઘોડાનો રથ લાગે છે; ચિત્રકારે ઘોડાં દોરવા યત્ન કર્યો છે તેમ દર્શાવે છે.

'જીવનપટનાં સ્મૃતિચિત્રો'માં (પૃ. ૩૯૦) 'વડોદરામાં પ્રો. ગજ્જર પછી તે ('કાન્ત') કલાભવનના પ્રિન્સિપલ થએલા અને ત્યાંથી પટ્ટણી સાહેબ તેમને ઈ.સ. ૧૯૦૬માં ભાવનગરમાં લઇ આવેલા' એમ લખ્યું છે તેમાં થોડો હકીકતદોષ છે. હકીકત આમ છે: તા. ૧૫-૯-૯૦થી વડોદરાના કલાભવનમાં સાહિત્યશાસ્ત્રના અધ્યાપક તથા શિક્ષણપદ્ધતિશાળા (ટ્રેઇનિંગ કૉલેજ)ના હેડમાસ્તર તરીકે 'કાન્ત' નિમાયા. તે સાથે ગાયકવાડ સરકારના રાજકુમાર જયસિંહરાવના શિક્ષક તરીકે તેમણે કામ કરેલું, જેનો વધુ પગાર તેમને મળતો નહિ. ઇ.સ. ૧૮૯૮માં કલાભવનમાંથી ગજ્જર સાહેબ મુક્ત થયા અને કલાભવનનું સ્વરૂપ બદલી નાખવામાં આવ્યું તે સાથે 'કાન્ત'ની નિમણૂક રાજ્યના કેળવણી ખાતામાં ઇન્સ્પેક્ટરની ગ્રેઇડમાં થઈ, જે ઊતરતા ગ્રેઇડની હોવાથી 'કાન્ત' સ્વેચ્છાએ છૂટા થયા અને છ માસ પછી ભાવનગરના કેળવણી ખાતામાં તા. ૧-૧૨-'૯૮થી દાખલ થયા. એ વખતે પ્રભાશંકર પટ્ટણી હજૂર સેક્રેટરી હતા અને દીવાનપદે શ્રી વિઠ્ઠલદાસ શામળદાસ હતા. શ્રી વિઠ્ઠલદાસભાઈ કેળવણી ખાતા માટે યોગ્ય વિદ્વાનની શોધમાં હતા અને વડોદરાના દીવાન શ્રી મણિભાઈ જશભાઇને યોગ્ય વિદ્વાન

(અનુસંધાન પૃષ્ઠ ૪૬૯મે)

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ.૪૯૮થી

ચીંધવા તેમણે કહેલું. ત્યારે 'કાન્ત'ને બને તો ભાવનગરમાં લેવા એ પ્રકારની ભલામણ વડોદરેથી થએલી. શ્રી વિઠ્ઠલદાસભાઇની દરખાસ્ત હતી અને 'કાન્ત'ના સહાધ્યાયી પ્રભાશંકર હજૂર સેક્રેટરીને પદે હતા, તેથી હજૂરમંજૂરીથી 'કાન્ત' ભાવનગરમાં કેળવણીખાતાના આસિ. ડિરેક્ટર તરીકે નિમાયા. શ્રી વિઠ્ઠલદાસભાઈના કુટુંબ સાથે 'કાન્ત'ને ઘણો ગાઢો સંબંધ હતો. 'કાન્ત'ના પુત્ર શ્રી સુનિકુમાર તો વિઠ્ઠલદાસભાઈના નાના ભાઇને 'મુ. લલ્લુકાકા' કહીને સંબોધતા. શ્રી પ્રભાશંકર પટ્ટણી 'કાન્ત'ના સહાધ્યાયી ને જ્ઞાતિના હતા, છતાં 'કાન્ત'ને તેમની સાથે મૈત્રી ન હતી.

મૅટ્રિકના વર્ગના વિદ્યાર્થીઓને 'કાન્તે' કાન પકડી લપડાકો મારી તે સાંજે જ અમુક વિદ્યાર્થીઓ ડેપ્યુટેશન રૂપે નીલમબાગની સામે આવેલા પ્રભાશંકર પટ્ટણીના નિવાસસ્થાને જઈ તેમને મળ્યા હતા. એ ૬-૭ વિદ્યાર્થીમાં સર્વશ્રી નૌતમલાલ વિઠ્ઠલદાસ, શાન્તિશંકર ભાનુશંકર (ભવાનીશંકર?) જટાશંકર ત્રિકમલાલ વગેરે હતા. શ્રી પટ્ટણીએ લેખિત અરજી ન લીધી, પણ ખાતરી આપી કે વિદ્યાર્થીઓ પર માર નહિ પડે. બીજે દિવસે જ 'કાન્ત'ની બદલી હાઇસ્કૂલમાંથી કૉલેજમાં થઇ.

(ભાવનગર) —મુકુન્દરાય વિ. પારાશર્ય

તાજેતરમાં મને આપણા માનવંત આચાર્ય શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી તરફથી પત્ર મળ્યો છે, એમાં એક વાતનો એમણે જે ખાસ ઉલ્લેખ કર્યો છે તે જાણી આપને પણ ગમશે એમ હું માનું છું, એઓશ્રી લખે છે:

'ચિત્રકળા પરત્વે તમારી દૃષ્ટિ મને વાજબી લાગી છે. હમણાં જે બધી કળામાં શીર્ષાસન થવા માંડયું છે તેનો હું વિરોધી છું. એની પાછળ જે ફિલસૂફી છે તે ખોટી છે, ને માનવને વિનાશ તરફ દોરે છે. કળામાંથી રમણીયતાનું, રસનું, પ્રયોજનનું, સંવાદ (harmony)નું, વ્યવસ્થાનું, નિયમનનું તત્ત્વ જ નવતર કલાકાર અને તેના પુરસ્કર્તા વિવેચકે કાઢી નાખ્યું છે. એનું કારણ એમ છે કે કળાના પ્રાગૈતિહાસિક વખતે જે આદિમ પ્રેરણા હતી તેને પાછી લાવવી. આ વાત બાલિશ છે. સંસ્કારની બાબતમાં એવી રીતે ભૂતકાળમાં જવાતું નથી. અર્થહીન ચાળા અને કૂદાકૂદ (antics)થી ઘડીક કૌતુક ઉપજાવી શકો, પણ એ કૌતુક પળવારમાં મૂઢતામાં, મૂંઝવણમાં ને ઉપહાસમાં પરિણમે છે. મને આશા છે કે આ યુગનો anti-art નો આ રોગચાળો લાંબો નહિ ચાલે. પણ એ રોગચાળાને અટકાવવાનો સુપ્રયત્ન કલાકારોએ તથા કલાના રસવિવેચકોએ કરવો પણ જોઇએ.' (વિ. ર. ત્રિ.)

(કરાંચી) —ફિરોઝશાહ રુ. મહેતા

'૫૪-'૫૫ની ફાઇલો વાંચતાં ફોટોગ્રાફી વિષેના લેખો ખૂબ રસમય લાગ્યા. કૅમેરાની માફક હાલના સમયમાં રેડિયો વિષેનું ટેકનિકલ જ્ઞાન 'કુમાર' ન આપી શકે? જુલાઈ અંકમાં શ્રી દેવજીભાઈની 'ઍલાર્મ રેડિયો'ની યોજના વાંચી ઘણો આનંદ થયો. અને 'હૅમ્લેટ' વાર્તાના રૂપાંતર માટે શ્રી મધુસૂદન પારેખની યશસ્વી કલમને અભિનંદન.

(ચોરવાડ) —નરેન્દ્ર વડિયા

શ્રી બળવંત જોશીનો અભિપ્રાય મારી દૃષ્ટિએ પ્રશંસાના જ એક પ્રકાર જેવો લાગે છે; કેમકે વાચકોને એ વધારે રસથી અને ચોક્કસ દૃષ્ટિકોણથી જોવા-વાંચવાની પ્રેરણા આપે તેવો છે! મને જણાય છે કે શ્રી જોશી કળાકાર હશે, કેમકે ચિત્રો પર તેમની સમીક્ષા મારા જેવા વર્ષોથી પોર્ટ્રેઇટ પેઇન્ટિંગ કરતા અભ્યાસીને લાલ બત્તી ધરે છે(!)

હું તો એ ચિત્રોની, બાળક અને કિશોરાવસ્થાની માનવાકૃતિઓ-પાત્રો પ્રૌઢ વયે ચિત્ર પ્રમાણે વિકસે તેવી દોરાએલી જોઉં છું. શ્રી રાવળની કિશોર અવસ્થાની છબિ દોરવા અત્યારે કોઈ કહે તો હું તો એમના ચિત્રમાં પોતાની જ દોરાએલી કૃતિ મુજબ દોરી આપું. શ્રી નાનાભાઈ ભટ્ટ યુવાન હશે તે વખતે એ જ અંક (૪૮૮)માં દોરાએલા પાત્ર જેવા જ હશે એમ કોઇ પણ માનવા પ્રેરાય એમ છે.

શ્રી રાવળ લખે છે કે 'શ્રી ત્રિભુવન પટેલનો મને ખાસ પરિચય થયો નહિ.' પણ સાહિત્યક્ષેત્રમાં અજોડ જેવા 'હાજીમહમદસ્મારકગ્રંથ'માંનું શ્રી રાવળ તથા ત્રિભુવન પટેલ એ બંને કળાકારોની સહકૃતિ જેવું ચિત્ર 'બાજીરાવ અને મસ્તાની' જોતાં તેમની મિત્રતા ગાઢ હોવાનું લાગે છે. આ પત્ર લખવા પાછળ મારો માત્ર ઉદ્દેશ શ્રી રવિભાઈ જેવા કળાઆચાર્યની શક્તિ અને સેવાઓનો જેને અનુભવ નથી એવા નવયુવાનો આવી ટીકાથી દોરવાઇ ક્યાંક એ વિભૂતિને અન્યાય ન કરી બેસે તે છે. હું સમજણો થયો ત્યારથી 'કુમાર'ને ક્યારડે' પોષાતો આજની કળાસમૃદ્ધિ સુધી પહોંચ્યો છું એટલે જરા વિષાદ થાય છે.

(મુંદ્રા-કચ્છ) —(ડૉ.) ભાનુમિત્ર છાયા

પુનરનુભવ / જયન્ત પાઠક

• શિખરિણી •

અહો ભોળાં ભોળાં કળી સમ શિશુ સ્વર્ણવરણાં!
ઉઘાડી આંખોમાં તગતગ થતો વિસ્મયરસ;
બીડેલાં પક્ષ્મોમાં સપન રમતાં કૈંક નમણાં;
હું ખોવાયાં મારાં, શિશુસુખ રહું ઢૂંઢી વરસ.

કશા નાનાનાના પગ નરતતા, કલ્લી ખખણે;
સ્મિતે-બોલે નાને ભવન ભરતી ઉચ્છલ ચડે;
કશી વસ્તી વસ્તી અહીં રખડતાં સૌ રમકડે!
મુરારિ શા પોઢ્યા પ્રકટ વટપત્રે લઘુ ગૃહે.

કદી નાસી જાયે નજર ચૂકવી આંગણુ વટી,
ઊભી વાટે દોડે, ધૂળથી રગદોળાય રમતે,
ગણી મિષ્ટાન્નોથી અધિક જમી લે માટી, મમતે
ચઢી રીઝે ખીજે, હસી હસી ઝીલે વ્હાલચીમટી.

વીતેલાં વર્ષો શાં થરમહીં અહીં શોર મચવે!
હું ખોવાઉં, ઢૂંઢું, ફરી મળું મને કો ભવ નવે!

તું / યોસેફ મૅકવાન

• વસંતતિલકા–મૃદંગ •

તું આવતી મુજ સમીપ પ્રિયે સુગંધની
ફો' લ્હેરખી સમ, અને ઉર માહરું ત્યાં
તાજાં લસંત તૃણ શું પુલકંત આખું
જેની પરે સળવળે ઋજુ ઝાંય આભની!
તારાં મરાલ સમ લાજુલ અંગ માંહીં
આ સૃષ્ટિનાં લય, સ્વરૂપ, અકથ્ય ભાવો
હું શ્વાસમાં અનુભવું; તવ નેત્ર માંહીં
ફેલાયલા સકલ તેજ વિષે ભળી જતો!
તારાં જ એ ઋજુલ શબ્દવિહંગની કશી
આછી ઉડાઉડ મચે! કલશોરમાં હું યે
ઊડું કયહીં નવલ પાંખ થકી સુદૂર...
મારું જ રે મન ભલું મુજથી જતું દૂર...
એ તાહરામય બની અવ આજ ઘૂમે,
મારી પિછાન પણ ના લવ થાય એને!

પારિજાત / રઘુવીર ચૌધરી

• વૈતાલીય •

લહું ના ગતિ રાત્રિની, ક્ષણો
    ઠરતી આ ઝમતા તમિસ્રમાં.
વિકસી નિજ સૃષ્ટિમાં રહ્યું
    નભ જેવું ગૂઢ પારિજાત; ને
ખરતાં મૃદુબંધ પુષ્પનો
    સુણતો સૌરભશેષ શો ધ્વનિ!
પમરે સ્વર એ સલજ્જ ત્યાં
    ગ્રહવા સંનિધિ કર્ણમૂલની.

દ્રવતા અણુ પૂર્વરાગના
    વિરમે કેમ અશબ્દ કંપતા?
સ્વર એ જ ધરા પરે બધે
    પથરાયો કુસુમો બની બની.
કુસુમો લય થાય કાળમાં,
    પ્રસરે કેવળ શ્વેત રિક્તતા.

આ કાળના કાનનમાં / ચંદ્રકાન્ત શેઠ

• મિશ્ર •

આ કાળના કાનનમાં બપોરે
નિઃસ્તબ્ધતાનો ગરજે મહોદધિ;
નિઃશ્વાસના અંચલ આંસુસિક્તના
શ્વાસેશ્વાસે પામતો સ્પર્શ જીવું.

આ સૂર્યતેજે ચમકંત શૂન્યની
લીસી સપાટી પરથી સરીસરી
આ દૃષ્ટિ કોઈ તલહીન ગહ્વરે
ગળી જતી : અભ્રવિહીન વ્યોમનો
શો એકધારો પ્રતિઘોષ આંખમાં!

અતીતના અંતરનો અજંપો
જાગે ખર્યા પર્ણ મહીં નિસાસતો;
આ ઝાંઝવાંની ચડતી વરાળમાં
આકારમારો પ્રતિબિંબ પામતો!

આ કાળના કાનનમાં ભવિષ્યને
પ્રતીક્ષતો લોચનમાં જીવી રહ્યો!

તારા ગયા પછી / રાજેન્દ્ર શુક્લ

• ગઝલ •

આવ્યાં હવાની જેમ અને ઓસરી ગયાં;
શો શૂન્યતાથી જામ સપનનો ભરી ગયાં!

વીતી ગઇ એ વેળ, અહીં અવ કશું નથી;
સ્મરણો ય આવીઆવીને પાછાં ફરી ગયાં!

હું શું કરું, જ્યાં કંઠ જરી ય ખૂલતો નથી!
ગીતો તો કેટલું ય અરે કરગરી ગયાં!

તારા ગયા પછી ન બન્યું કૈં નવું અહીં;
અધઊઘડી એ છીપથી મોતી ઝરી ગયાં!

જોઇ અટૂલી મ્હેક સમય પૂછતો ફરે:
'ફોર્યાં અહીં જે ફૂલ તે ક્યારે ખરી ગયાં?'

વાતો રહી ગઇ એ કસુંબલ મિજાજની;
એ ઘેન, એ ઘટા, એ ઘૂંટ—સહુ સરી ગયાં!

એની ખીણો મહીં જ સમય ખૂંચતો ગયો;
શબ્દો અજાણતાં જે તમે કોતરી ગયાં!

કવિતા અનિયતકાલિકનો ઈ. ૧૯૬૨માં અમદાવાદમાં ભરાએલા બુધવાર-કવિતા-સભા યોજિત કવિતા-સત્રમાં વંચાએલા નિબંધો આદિના સંગ્રહનો, સચિત્ર ને દળદાર, લગભગ ૨૫૦ પાનાંનો ખાસ અંક તૈયાર થવા આવ્યો છે. કિંમત લગભગ બે રૂપિયા રહેશે. સત્રમાં ભાગ લેનારાઓને તે મોકલાશે જ. એમને માટે મૂલ્ય ઐચ્છિક છે.

વિ ચા ર વિ શે ષ


આજે આપણે

ત્યાગના પાયા પર રચાએલી પૌર્વાત્ય સંસ્કૃતિ ને ઐહિક સુખના પાયા પર રચાએલી પાશ્ચાત્ય સંસ્કૃતિ વચ્ચે જબરો તાત્ત્વિક ભેદ છે. ઉભયને પોતપોતાનું આગવું સારાપણું ને નરસાપણું છે. પોતાનાં આગવાં લક્ષણો, વિશિષ્ટતાઓ અને સબળ-નિર્બળ પાસાંઓ છે. દુર્ભાગ્યે આ ઉભય સંસ્કૃતિઓ વચ્ચે અટવાતા આજના ભારતીય નાગરિકે પૌર્વાત્ય સંસ્કૃતિમાંની મોટા ભાગની સારાશ ગુમાવી દઈને પાશ્ચાત્ય સસ્કૃતિમાંની મોટા ભાગની નરસાશ અપનાવી લીધી છે, અને બંનેની એક પ્રકારની વિચિત્ર અને વિઘાતક મિશ્ર અસર હેઠળ એ જીવન વ્યતીત કરી રહ્યો છે.

બીજાને સુખે સુખી થવાની ભાવના ભારતીય નાગરિકના જીવનમાંથી હવે લગભગ ભૂંસાઈ ગઈ છે. સામાજિક રીતે સંયુક્ત કુટુંબની સંસ્થા હવે લગભગ મૃતપ્રાય થઈ ગઈ છે. વ્યક્તિગત રીતે હવે દરેક ભારતીય નાગરિક પોતાનું જ હિત જોતો થઈ ગયો છે. પૂર્વની સાદાઈ ત્યાગી દઇને એણે પાશ્ચાત્ય સંસ્કૃતિમાંથી ટાપટીપ, દંભ, દેખાડો અને વિલાસિતા વગેરે દૂષણો અપનાવ્યાં હોવાથી પોતાના આર્થિક દૃષ્ટિએ મોંઘા જીવનધોરણને નિભાવી રાખવા માટે એને પ્રકારપ્રકારના ખોટા અને અપ્રામાણિક માર્ગો ગ્રહણ કરવા પડે છે; અને વિશેષ દુઃખદ તો એ છે કે પ્રામાણિકતા, સિદ્ધાંતચુસ્તતા, નિયમિતતા, શ્રમગૌરવ, પ્રજાકીય અને નાગરિક ચારિત્ર્ય, સહકારી વૃત્તિ, કર્તવ્યપાલન, ઉદ્યોગશીલતા, સમયનો સદુપયોગ, કામચોરીનો અભાવ વગેરે પાશ્ચાત્ય પ્રજાના અનુકરણીય સદ્ગુણો આજના ભારતીય નાગરિકે ગ્રહણ કર્યા નથી!

મારી કલ્પનાનો ભારતીય નાગરિક આવો છે: એ બાહ્યાડંબરમાં ન રાચનારો, સાદાઈમાં માનનારો અને શ્રમગૌરવનો પરમ સમર્થક હોય, છતાં સમયની કિંમત સમજનારો, નાગરિક ધર્મ પૂર્ણતઃ પાળનારો અને સુઘડ હોય. એ માનવીમાં જ પ્રભુને જોવાની વૃત્તિવાળો પરમ આસ્તિક હોય. સિદ્ધાંતપાલન, વચનપાલન અને કર્તવ્યપાલનમાં ચુસ્ત હોય. આ જગતમાં પૈસો એ 'સાધ્ય' નહિ પણ 'સાધન' માત્ર છે એવું માનીને અર્થવાદને પંથે આંધળી દોટ મૂકનારો ન હોય. તાત્પર્ય કે પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિમાં જે જે સારું હોય તે તે પોતાના જીવનમાં વિવેકપૂર્વક વણી લઇને 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' એ સૂત્રમાં માનનારો તે હોય.

—ચાંપશી વિ. ઉદેશી



'અર્વાચીન યુગમાં રાજા રામમોહન રાયથી માંડીને ભારતમાં જે મહાન નરરત્નોની માલા પ્રકટ થઈ છે તેમાં સ્મરણીય સ્થાન ધરાવનાર મહાવ્યક્તિ મુનશી'ના ઊજવાએલા (૭૫ વર્ષ પૂરાં થયાના) અમૃત-મહોત્સવ પ્રસંગે અમે ગયા ડિસેમ્બર અંકમાં એમના જીવનનો પૂર્વાર્ધ, લગભગ એમના જ શબ્દોમાં, આપ્યો હતો. આ માસ (ડિસેમ્બર)ની ૨૯મી તારીખે એમને ૭૭ વર્ષ પૂરાં થશે એ પ્રસંગના ઉપલક્ષ્યમાં એમનો વિશેષ પરિચય આપીએ છીએ. 'ગુજરાતની અસ્મિતા પ્રકટાવનાર—ગુજરાતને કંડારનાર—અને વૃદ્ધ વયે પણ એ ટાંકણું હેઠે ન મૂકનાર શ્રી મુનશીનું પ્રદાન, સાહિત્ય, શિક્ષણ, કલા, ધર્મ, ફિલ્સૂફી, કાયદાકાનૂન, રાજકારોબાર, સંસ્કૃતિ—એમ સર્વ ક્ષેત્રોમાં ગુજરાતને તેમજ આ દેશને એટલું પ્રચંડ છે કે એમનું અભિવાદન કરવામાં આપણે આપણી જાતને ઊજળી કરી રહ્યા છીએ.

મહાવ્યક્તિ કનૈયાલાલ માણેકલાલ મુનશી

રસ્તા ઉપર દમામથી એક ઘોડાગાડી દોડતી જતી હતી. તેમાં આધેડ વય વટાવી ચૂકેલા એક ઉચ્ચ સરકારી અમલદાર—ડેપ્યુટી કલેક્ટર અને તેમનો કિશોર પુત્ર બેઠા હતા. કિશોરના મનમાં પિતાની શક્તિ અને મહત્તા વિષે અત્યંત આદરભાવ હતો. પિતા એની દૃષ્ટિએ અદ્ભુત પુરુષ હતા. એક દરવાજા આગળ ગાડી અટકી. એ ગોરા કલેક્ટરનો બંગલો હતો. પિતાપુત્ર-બંને ઊતર્યા. કિશોરે મુગ્ધ ભાવે પ્રશ્ન કર્યો: 'ગાડી અંદર ચોગાનમાં ના લઈ જવાય?'

'ના,' પિતાએ કહ્યું: 'ગોરા લોકના બંગલાના દરવાજાની બહાર જ ગાડી રોકવી પડે. એ તો ગોરા લોક કહેવાય.'

કિશોરના સંવેદનશીલ માનસ પર ચોટ વાગી. પોતાના પિતા જેવાને પણ બંગલા સુધી ગાડી લઈ જવાની મનાઈ? ત્યારે આખરે તો ગોરાઓ જ સર્વસત્તાધીશ હતા? અને પોતાના પિતા પણ અંતે તો તેમના આશ્રિત જ ને? ગોરી ચામડીનો આ ઘમંડ કિશોરને ખૂંચ્યો અને એમની આ તુમાખી પ્રત્યે તેના ચિત્તમાં રોષનું બીજ રોપાયું.

આ કિશોર તે કનૈયાલાલ મુનશી.

અંગ્રેજી જોહુકમી સામે જાગેલો આ રોષ ધીરે ધીરે વધતો જ ગયો. કૉલેજના પ્રોત્સાહક વાતાવરણમાં યુવાન મુનશીએ જૉન મિલનું 'લિબર્ટી', કાર્લાઇલનું 'ફ્રેંચ રેવોલ્યુશન' અને એવાં બીજાં સંખ્યાબંધ ચમકદાર પુસ્તકોનો અભ્યાસ કર્યો. એ કાળે અંગ્રેજ તંત્ર સામે ફિરોઝશાહ મહેતા તથા સુરેન્દ્રનાથ બૅનરજી જેવા દેશનેતાઓ સિંહગર્જના કરી રહ્યા હતા. એ સિંહગર્જનાએ તરુણ મુનશીના ચિત્તમાં રોમાંચ જગવ્યા; એના ચિત્તમાં અનેરા ભાવ પ્રગટવા માંડ્યા. સ્વતંત્ર ભારતની તેને લગની લાગી. 'મારો દેશ', 'મારી માતૃભૂમિ' જેવા શબ્દોએ મુનશીના ચિત્તમાં આનંદચમક પેદા કરી. શ્રી અરવિંદ ઘોષ જેવા ક્રાંતિકારી પ્રોફેસરે મુનશીની દેશભક્તિને વેગ આપ્યો. એમનાં તથા લોકનેતાઓનાં વ્યાખ્યાનો મુનશીએ પચાવ્યાં અને દેશને મુક્ત કરવાની તેમની તમન્ના સુદૃઢ બની. તે કૉંગ્રેસમાં સ્વયંસેવક થવા થનગની રહ્યા. પરંતુ પિતાનો વિરોધ હતો. કારણ: 'હું સરકારનું નમક ખાઉં છું.'

પિતા માણેકલાલ ઈ. સ. ૧૯૦૩માં મૃત્યુ પામ્યા એ વખતે મુનશીએ પ્રિવિયસની પરીક્ષા પસાર કરી. એ પછી ભારતદેશને આંચકો આપે એવી બે ચમત્કારક ઐતિહાસિક ઘટનાઓ બની: નાનકડા જાપાને મદમસ્ત રશિયાને યુદ્ધમાં પરાજય આપ્યો. એશિયાના આ નાનકડા દેશના વિજયથી આખા એશિયામાં આત્મવિશ્વાસનું, સ્વદેશાભિમાનનું મોજું ફરી વળ્યું. લગભગ એ જ અરસા (ઈ. ૧૯૦૫)માં લૉર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા અને ભાગલા પાડીને રાજ્ય કરવાની આ શઠનીતિ સામે આખો દેશ ઉશ્કેરાટ અનુભવી રહ્યો.

પ્રોફેસર અરવિંદ ઘોષનાં વ્યાખ્યાનો તેજાબી બનતાં ગયાં. હિંસક ક્રાંતિકારી પ્રવૃત્તિઓ દ્વારા અંગ્રેજી સલ્તનતને ઉખેડી નાખવાની છૂપી પ્રવૃત્તિ વેગ પકડવા લાગી. હવામાં ઈટલીના તારણહાર ગૅરીબાલ્ડીની અને ફ્રેંચ ક્રાંતિની વાતો ગુંજવા લાગી. મુનશી પણ શ્રી અરવિંદના વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ અંગ્રેજોને ઉખેડી નાખવા ઉત્સુક બન્યા.

એવામાં એક પ્રસંગ બન્યો. મુનશી અને તેમના સાથીઓએ કૉલેજની પ્રયોગશાળાનો બૉંબ બનાવવા માટે ઉપયોગ નક્કી કર્યો. પરંતુ મુનશીને આ છૂપી પ્રવૃત્તિમાં રસ પડ્યો નહિ. પ્રયોગશાળાનું તાળું બનાવટી ચાવીથી ખોલી નાખવું, બૉંબ માટે રસાયણો તૈયાર કરવાં, એ બધું મુનશીને અજુગતું લાગ્યું. મુનશી નિખાલસપણે કબૂલ કરે છે કે 'કદાચ મારામાં એ માટેની હિંમતનો અભાવ પણ હોય.' અને મુનશી એ ક્રાંતિકારી મંડળમાં ભળ્યા નહિ.

યુવાન મુનશીની સ્વદેશભાવના, ધગશ અને પ્રવૃત્તિને એમનાં



પિતા
રાવબહાદુર માણેકલાલ મુનશી
ભરૂચના ડેપ્યુટી કલેક્ટર

'બાપાજી શરીરે જાડા અને ઠીંગણા હતા. એમનો વર્ણ ગોરો ને ગુલાબી હતો. એમના ભરેલા મુખ ઉપર રાજ્યસત્તાનું તેજ હોય એવું ગૌરવ સદાય રહેતું. એમની આંખ હમેશાં ઠારતી. એ જેવા ઉગ્ર હતા તેવા જ હિંમતવાન હતા. તે ઘોડે બેસતા, બંદૂક ને તલવાર વાપરી જાણતા, કામ પડ્યે તે પંદર માઈલ ચાલી શકતા.



છ વર્ષની વયે · ઈ. ૧૮૯૩માં

'નવરાશે પિતા કનુને અંગ્રેજી શીખવતા. દીકરાને સિવિલિયન કરવાની એમને હોંશ હતી. એમને સંગીતનો પણ શોખ. રાતે જમીને એ તબલાં વગાડતા ને ગાતા. કનુભાઇને પણ એ ચટકો લાગ્યો. 'બત્રી એકું બત્રિયાં'ના આંક એણે તબલાં સાથે ગોખેલા.'



ઈ. ૧૯૦૪માં · કૉલેજમાં

'બુદ્ધિના બડેખાં હોવાનું મારુ અભિમાન ઓછું નહોતું. સોળમે વર્ષે તો મેં તત્ત્વજ્ઞાન વાંચવા માંડેલું. વાદમંડળમાં પણ મારુ સ્થાન આગળ પડતું હતું... વર્ડ્ઝવર્થ, બાયરન, શેલી અને ટેનિસનનાં બધાં કાવ્યો હું વાંચી ગયો હતો. હ્યુગોની કૃતિઓ પણ વાંચી ગયો. ડુમાની તો એકેએક કૃતિ અનેક વાર વાંચી. તત્ત્વજ્ઞાનના વાચન ઉપરાંત મેં ફ્રાન્સના વિપ્લવનો અભ્યાસ કર્યો. અરવિંદ ઘોષની સૂચનાથી હું વિવેકાનંદ વાંચવા લાગ્યો. એ વાંચતાં મને ભગવાન પતંજલિની પહેલી વાર ઓળખાણ થઈ... પતંજલિ તો મારા જીવનના સાથી છે–સુખમાં ને દુઃખમાં, એકલતામાં ને સંઘમાં: મને રક્ષતા, મને ડૂબતો અટકાવતા, મને પ્રેરતા ને દોરતા.'

મા જીજીમા તરફથી પૂરો ટેકો મળ્યો. મુનશી દેશનેતાઓનાં ભાષણોની, પોતાની ભાવનાઓની, દેશની પરિસ્થિતિની વાત જીજીમાની આગળ કરતા અને પુત્રની ભાવનાને જીજીમા રંગ ચડાવતાં. પુત્રના પુરુષાર્થને જોમ મળે એ હેતુથી સાઠ વર્ષનાં વિધવા જીજીમાએ (ઈ.સ. ૧૯૧૮) ભરૂચની મહિલાઓ વતી લોકમાન્ય ટિળકના સત્કારસમારંભમાં ભાગ લીધો. ઈ.સ. ૧૯૩૨માં વૃદ્ધાવસ્થાને કારણે જીજીમા સાવ અશક્ત બની ગયાં હતાં. ગાંધીજીની પ્રાર્થનામાં હાજરી આપવા જતાં એક પ્રસંગે ગાંધીજીએ જીજીમાને કસી જોયાં: 'તમારા દીકરાને ફરી વાર જેલમાં મોકલવા રાજી છો કે?' ઉત્સાહથી જીજીમાએ કહ્યુ: 'મારો દીકરો તમને જ સોંપ્યો છે.'

ઈ.સ. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. એ સમય અગાઉ સૂરતના અધિવેશન વખતે કૉંગ્રેસમાં બે પક્ષ પડી ગયા હતા (ઈ.સ. ૧૯૦૭) મુનશી સ્વાભાવિક રીતે જ લોકમાન્ય અને અરવિંદ ઘોષના પક્ષકાર બન્યા. એ દરમિયાન શ્રીમતી ઍની બેસન્ટનો પ્રભાવ ભારતની પ્રજા પર વધતો જતો હતો. ભારત પ્રત્યે એ વિદુષીની ગૌરવભાવના તથા હોમરૂલની પ્રવૃત્તિ દ્વારા ભારતને મુક્ત કરવાની તેમની હલચલ પ્રજાને સ્પર્શી ગઈ. મુનશી ઉપર પણ તેમના વિચારોનો પ્રભાવ પડ્યો.

ઈ.સ. ૧૯૧૫માં, દક્ષિણ આફ્રિકામાં મહાન સત્યાગ્રહીની ખ્યાતિ પામેલા કર્મવીર મહાત્મા ગાંધી ભારતમાં પાછા ફર્યા. ગાંધીજીના એક સાથી પૉલૉક પાસેથી મુનશીએ ગાંધીજીની ખૂબ ખ્યાતિ સાંભળી હતી. પૉલૉકની દૃષ્ટિએ 'ભારતનો કોઈ નેતા ગાંધીજીના બૂટની દોરી બાંધવાને પણ લાયક નહોતો!' એ ટીકા મુનશીને વાગી. ગાંધીજીના વિચારોનો કે વ્યક્તિત્વનો પ્રભાવ હજી મુનશીને અજાણ્યો હતો – અને લોકોને પણ. બૅરિસ્ટર ગાંધીના વેશ અને વ્યક્તિત્વનું કુતૂહલ લોકોમાં હતું. એક રમૂજી પ્રસંગ મુનશીએ નોંધ્યો છે: જહાંગીર પિટિટ તરફથી ગાંધીજીને માનપત્ર આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મુનશી રસ્તા પર એક પારસી મહિલા પાસે ઊભા હતા. ગાંધીજી ઉઘાડા પગે, ટૂંકી ધોતીમાં અસલ કાઠિયાવાડી ઢબનું અંગરખું અને ફેંટો પહેરીને પસાર થયા. એમને જોતાં જ મહામુસીબતે પોતાનું હસવું ખાળી પારસી બાનુ બોલી ઊઠી: 'અરે, આટો આપરો ઠનો દરજી!'



ઍડવોકેટ મુનશી • ૧૯૨૧માં

મુનશીની રાજકીય કારકિર્દી જો વેગ પકડતી જતી હતી તો તેમની સર્જનપ્રવૃત્તિ પણ મંદ રહી નહોતી. વકીલાત કરતાં કરતાં પણ એમનો સર્જક આત્મા સળવળી રહ્યો હતો, ને 'ઘનશ્યામ' તખલ્લુસથી તેમણે રચેલી 'વેરની વસૂલાતે' પ્રજાનું ભારે કામણ કર્યું હતું. એ કૃતિની લોકપ્રિયતાનો એક પ્રસંગ મુનશીના જ શબ્દોમાં વર્ણવીએ: 'તનમને ગુજરાતી પ્રજામાં ચકચાર જગાવી. યુવાનો જીવનસાથી તરીકે તનમનને ઝંખવા લાગ્યા—અને નિઃશ્વાસ મેલવા લાગ્યા. આવી સુંદર તનમનને મારી નાખવા બદલ કેટલી ય છોકરીઓએ મને શાપ આપ્યો...અમદાવાદની એક યુવતી તનમનની વાત વાંચી તેના સર્જકને મળવા ઝંખી રહી. સાત વર્ષ પછી સર્જક સાથે તેનો મેળાપ થયો. એ મેળાપનું કેવું જોખમકારક પરિણામ આવ્યું તેની વાત જાણીતી છે: એ યુવતીને પોતાની 'શેઠ' અટક બદલીને 'મુનશી' કરી નાખવી પડી!' એ પછી 'કોનો વાંક' નવલકથાએ પણ પ્રજામાં નવીન ચેતન રેડયું ત્યાર બાદ ૧૯૧૬માં એમની 'પાટણની પ્રભુતા' અને બીજે જ વર્ષે 'ગુજરાતનો નાથ' નવલકથાઓએ તો લોકહૈયાં સર કરી લીધાં. 'વેરની વસૂલાત'ની તનમન લોકહૃદયમાં રમતી હતી ત્યાં મીનળ ને મુંજાલ, કાક, મંજરી અને કીર્તિદેવ જેવાં પાત્રો પ્રજાના ચિત્તમાં ચમક ચમક થવા માંડયાં. મુનશીની વાર્તાકલાએ ગુજરાતને ઘેલું લગાડયું. એમની કલમની તેજસ્વિતાએ કેટલા ય લોકને મુગ્ધ કર્યા, કેટલાકને ચગડોળે ચડાવ્યા અને કેટલાકનાં કપાળે કચવાટની કરચલીઓ પણ પાડી.

ગુજરાતની પ્રજા સર્જક મુનશી પર વારી ગઈ હતી, પરંતુ સર્જકના હૈયામાં એ વેળાએ શી વીતી રહી હતી એની કોને ખબર? તીવ્ર આંતરિક સંઘર્ષ એમના સંવેદનપટુ હૈયાને કારમી પીડા આપી રહ્યો હતો. બાલ્યાવસ્થામાં ઝંખેલી આરાધ્ય 'દેવી' માટે એમનો જીવ પછડાટો ખાતો હતો. ભાગ્યવશાત્ એ 'દેવી'નાં એમને દર્શન થયાં. એમનું ચિત્ત ચકરાવે ચડયું. નીતિ અને અનીતિના પ્રશ્નોએ તેમના હૈયાને હલાવી મૂકયું. એમની એ 'દેવી' કેટલી નજીક હતી, છતાં કેટલી દૂર! આ કપરા મંથનકાળમાં પણ મુનશી ન ભાગ્યા, ન ભાંગ્યા. અપાર ધૈર્યથી, હિંમતભેર ચિત્તને સ્વસ્થ રાખીને તેમણે પોતાની વિવિધ પ્રવૃત્તિઓ જારી રાખી. અનેક ઝંઝાવાતોનો મુકાબલો તેમને કરવો પડયો, પણ અપૂર્વ મનોબળ ધરાવનારા મુનશી ક્યારે ય ઝૂક્યા નહિ; ઠેઠ સુધી ઝૂઝયા અને અંતે જીત્યા.

મહાત્મા ગાંધીજી અમદાવાદમાં આશ્રમ સ્થાપીને સ્વસ્થપણે સરકારના જુલમો સામે લડત આપવાનો નક્કર કાર્યક્રમ ઘડી રહ્યા હતા. શ્રીમતી ઍની બૅસન્ટની હોમરૂલ ચળવળનાં વળતાં પાણી હતાં. ગાંધીજી સમગ્ર ભારતના કૌતુક અને આકર્ષણનું કેન્દ્ર બનતા જતા હતા. પરંતુ મુનશીને હજી સુધી ગાંધીજીના વિચારો અને તેમની યોજનાઓ માફક આવ્યાં નહોતાં.

એ અરસામાં બારડોલી આખા દેશનું આકર્ષણ બની રહ્યું. સરકારે ખેડૂતો પર મહેસૂલની બાબતમાં દમન ચલાવ્યું. ગાંધીજીએ સત્યાગ્રહની લડતનો આદેશ આપ્યો. સરદારના નેજા હેઠળ બારડોલીના ખેડૂતોએ સરકારી દમનનો પ્રતીકાર કર્યો. તેમણે જમીન-જાગીર ખોઈ, જેલવાસ વેઠયો, ખુવાર થયા પણ ખુમારી છોડી નહિ. બારડોલીએ ભારતનું નામ રોશન કર્યું. મુનશી જેવા સ્વદેશવત્સલ પુરુષ માટે આ સંજોગોમાં શાંત પ્રેક્ષક બની રહેવું અશકય હતું.

આ પલટો કેમ આવ્યો તે એમના જ શબ્દોમાં સાંભળીએ:

'ઈ. સ. ૧૯૦૪-'૦૫માં હું અરવિંદ ઘોષની પ્રેરણાથી સ્વદેશભક્તિ શીખ્યો અને ભગવદ્‌ગીતા વાંચતો થયો. વડોદરા કૉલેજની તે વખત-

લીલાવતી મુનશી • ૧૯૩૩માં





૧૯૨૦માં





ડાબી બાજુ ઉપર

લીલાવતી શેઠ (૧૯૨૧) • લીલાવતી (૧૯૦૩)

'ઈ. ૧૯૧૯માં લીલા અને હું પહેલાં મળ્યાં. ૧૯૨૨ના માર્ચમાં મેં 'ગુજરાત' માસિક કાઢ્યું ત્યારે અમારો પરિચય ઝાઝો નહોતો. પછી અમારો સાહિત્યવિષયક પત્રવ્યવહાર શરૂ થયો. બાબુલનાથ આગળ હું બીજે માળે રહેતો ત્યાં ૧૯૨૨ના ઑક્ટોબરમાં લીલાના સાવકા પુત્રે ભાંયતળિયાનો ફ્લૅટ ભાડે રાખ્યો. એક દહાડો રાતે જમીને હું સોફા ઉપર ચોપડી વાંચતો હતો, ને નીચેથી લીલાના ગાવાનો અવાજ આવ્યો. મારા હૈયાના તાર ઝણઝણી ઊઠ્યા. તે સાંજે લીલા અમદાવાદથી આવીને ઉપર મળી ગઈ હતી. ત્યારે તેના જીવન કે સંસારની મને બહુ થોડી માહિતી હતી. પણ મારી વૃત્તિ વિષે મને જરાય શંકા નહિ રહી. નાનપણથી મેં 'દેવી'ને ઝંખી હતી, તેને શોધવાનાં નિષ્ફળ ફાંફાં માર્યાં હતાં, તેને જ મારા જીવનની સ્વામિની માની હું કલ્પના વિલાસની પ્રેરણાથી જીવન વિતાવતો હતો. તે જ 'દેવી' મારી ઝંખનાને બળે સાક્ષાત આવીને ઊભી હતી. આ ભાન મારા મનનો કબજો ત્યારથી લઈ બેઠું. રૂપ, રસ, ગંધ, સ્પર્શ ને શબ્દની મારી શક્તિ લીલાના વિષયમાં અતિ સૂક્ષ્મ બની ગઈ... આખરે મેં સંકલ્પ કર્યો: (૧) આઠ વર્ષની ઉંમરથી ઝંખેલી 'દેવી' આવી હતી તેને ત્યાગી હું 'આત્મઘાત' નહિ કરું; (૨) તપ વિના પ્રણયભાવના નષ્ટ થઈ જાય, એટલે ભગવાન પતંજલિની આજ્ઞા પ્રમાણે કાયેન્દ્રિયશુદ્ધિ ઉપર જ અમારો સંબંધ રચવો; (૩) મારા સંસાર પ્રત્યે મારે કર્તવ્યભ્રષ્ટ થવું નહિ...તે પછી 'ગુજરાત' ચલાવવામાં અમેં સહયોગી બની ગયાં.

ની પરિસ્થિતિનો કાંઇક ચિતાર મેં 'સ્વપ્નદ્રષ્ટા'માં આપ્યો છે.

૧૯૦૭થી હું મુંબાઇનિવાસી થયો. ૧૯૧૩માં મેં ધંધો કરવા માંડ્યો. ૧૯૧૫માં રા. જમનાદાસ દ્વારકાદાસ, રા. શંકરલાલ બૅંકર, રા. ઇન્દુલાલ યાજ્ઞિક અને હું-એમ અમે ચારેએ મળી એક નવો પક્ષ ઊભો કરવાના પ્રયાસો કર્યા. રા. ઇન્દુલાલ અને હું બન્ને ગરીબ હતા એટલે રા. શંકરલાલે પૈસાની મદદ કરી. અમે 'નવજીવન અને સત્ય' માસિક કાઢવું શરૂ કર્યું અને રા. ઇન્દુલાલ તેના પ્રથમ તંત્રી થયા. પછી અમે 'યંગ ઇન્ડિયા' કાઢ્યું અને તેના પ્રથમ સહતંત્રી રા. જમનાદાસ અને હું થયા. વળી અમે 'પ્રેસિડેન્સી એસોસીએશન'માં જોડાયા અને એમાં આગળ પડતો ભાગ લેવા લાગ્યા. થોડા વખત પછી મતભેદને લીધે 'યંગ ઇન્ડિયા'નું સહતંત્રીપદ મેં છોડ્યું. ન છોડ્યું હોત તો વખત છે ને મારા ભાવિ જીવનનો પ્રવાહ તદ્દન બદલાઈ જાત.

પછી મિસિસ બેસંટના નેતૃત્વ નીચે કામ કરતી 'હોમરૂલ લીગ'ની પ્રવૃત્તિમાં હું જોડાયો. મિ. ઝીણા આદિ મારા મિત્રો મુંબાઈમાં ચળવળ કરવાનું અને ગુજરાતનાં ગામોને રાજકીય પ્રેરણા આપવાનું કામ કરતા હતા તેમાં હું શામેલ થયો. કૉંગ્રેસની પ્રવૃત્તિમાં પણ હું સારો જેવો ભાગ લેતો હતો. ભાઈ કાનજી દ્વારકાદાસ સાથે હું મુંબાઇ 'હોમરૂલ લીગ'નો સહમંત્રી પણ બેએક વર્ષ રહ્યો.

ગાંધીજી 'હોમરૂલ લીગ'ના પ્રમુખ થયા, તે વખતે એમની ત્યાગવૃત્તિએ મને ખૂબ આકર્ષ્યો. પણ એમની દૃઢતા (જેને હું જીદ માનતો) એટલી ખૂંચી કે એમની સાથે કામ કરવું મને રુચ્યું નહિ. કોઈએ મારે માટે તૈયાર કરેલાં બીબાંમાં મારું જીવન ઘડાવા દેવું મને હમેશાં અઘરું ને અરુચિકર લાગ્યું છે.

એ અરસામાં મારો ધંધો જામવા માંડ્યો હતો. પૈસાનો નવીન સ્પર્શ મને સુંદર લાગ્યો હતો. મારી મહત્ત્વાકાંક્ષા પણ ઉત્તેજિત થઈ હતી. એટલે હાઇકોર્ટમાં જ ધ્યાન આપવાનું મન થતું.

એટલામાં ગાંધીજીએ કૅાંગ્રેસનું ધ્યેય બદલવાના પ્રયત્નો શરૂ કર્યા. તે વખતે મિ. ઝીણાનો મારા તરફ ઘણો સદ્ભાવ હતો. મને પણ તેમને માટે માન હતું. નાગપુર કૅાંગ્રેસના અરસામાં તેમની સાથે મેં હોમરૂલ લીગ અને કૅાંગ્રેસ છોડયાં.

મુંબાઈની હાઇકોર્ટમાં મળતી આવકના પ્રમાણમાં હું સારું સરખું કમાયો. વિષયલાલસા, સટ્ટો કે ઘોડદોડ જેવા ધન ખર્ચવાના ધોરી માર્ગો મેં જોયા સરખા નથી. છતાં ૧૯૩૦ સુધીમાં હું નામનું જ બચાવી શક્યો. પૈસો સંઘરવાની મારામાં જરાય શક્તિ નથી.

દહાડેદહાડે સુવર્ણમહોરો ગણવાનું યંત્ર હું થતો ગયો. ખર્ચાળ સ્વભાવ મોટી મોટી જરૂરિયાતો ઊભી કરતો; તે પૂરી પાડવા વધારે કમાવું પડતું; તે વધારે ને વધારે કામની હાયવોય રાખવી પડતી: આમ, બિલાડી પોતાની પૂંછડી પકડવા દોડે તેમ હું દોડી રહ્યો.

મારી ભાવનામયતા કોઈવાર ઘણી અકળાઈ ઊઠતી, અને તેને છાની રાખવા મારી બુદ્ધિએ લાલચ આપવા માંડી. ગુજરાતના સાહિત્યના ઉદ્ધાર માટે શકિત અને સમૃદ્ધિનો વ્યય કરી ભાવના શા સારુ ન સંતોષવી? પરિણામે હું લખ્યે ગયો, બીજા પાસે લખાવતો ગયો, સાહિત્ય માટે પૈસો અને કાર્યદક્ષતા વેરતો ગયો. સાહિત્યક્ષેત્રમાં મને કીર્તિ મળી, મારા અંતરાયો નાબૂદ થયા, ભાવનાની સિદ્ધિને બદલે ચલણમાં વપરાતો ખોટો સિક્કો-ફત્તેહ-મને ઝટ મળ્યો. વળી પૈસા, સુંવાળું જીવન, સ્નેહાળ સ્વજનો અને પ્રણય મારી માનવતાને સુરક્ષિત અને સંતુષ્ટ રાખી રહ્યાં, અને ભાવનામય જીવન માટે જોઈ તો તીવ્ર સંવેગ આવતો બંધ થઈ ગયો. આ સર્વભક્ષી ભૂખ દહાડે દહાડે વધતી ગઈ. મારી ભાવનાઓની સિદ્ધિનાં નવાં ક્ષેત્રો શોધતાં હું ૧૯૨૫ માં યુનિવર્સિટીમાં ફેલો ચૂંટાયો. શિક્ષણની વ્યવસ્થા ને ધોરણોનો અભ્યાસ મેં કરવા માંડયો. ગુજરાત માટે યુનિવર્સિટી સ્થપાય એ એક મારું સ્વપ્ન છે. એ સિદ્ધ થાય એ હેતુથી મારા મિત્ર ડૉકટર નાયકની મદદથી એક મંડળ મેં સ્થાપ્યું અને સર ચિમનલાલે તેનું પ્રમુખપદ સ્વીકાર્યું. એટલામાં સર મનુભાઈ મહેતાનાઉત્સાહથી પ્રેરાઈ ગાયકવાડ સરકારે વડોદરામાં યુનિવર્સિટીયોજના ઘડવા એક કમિશન નીમ્યું. આચાર્ય આનંદશંકર ધ્રુવ ને ડૉ. નાયક સાથે મેં તેમાં રહી કામ કર્યું. પણ સર મનુભાઈએ વડોદરા છોડયું, અને યોજના ખોરંભે પડી.

હવે હું મુંબાઈ યુનિવર્સિટીના કામમાં જ રોકાયો. પાંચ વર્ષ સુધી હું એ સંસ્થાની દરેક પ્રવૃત્તિ સાથે મારી બુદ્ધિ અને શક્તિ પ્રમાણે તન્મયતા સાધી રહ્યો. પણ અમારી મહેનતના પ્રમાણમાં ફળ કંઈ જ મળ્યું નહિ. ૧૯૨૬માં હું યુનિવર્સિટીનો સભ્ય થઈ કાઉન્સિલમાં ગયો અને સર ચૂનીલાલ મહેતાની મદદથી યુનિવર્સિટીની પુનર્ઘટના ઘણે અંશે સંતોષકારક રીતે થઈ. પણ જેમ હું એ સંસ્થા(કાઉન્સિલ)નો અનુભવ લેતો ગયો તેમ મને એના અંતરંગનાં દર્શન થયાં. એ ષડયંત્ર આપણને લલચાવવા, આપણી દેશભક્તિ ક્ષીણ કરવા, આપણા દેશભક્તોમાં વિખવાદ ઊભો કરવા માટે જ યોજાયું હતું.

ગાંધીજીએ તારીખ ૧૨મી માર્ચે સાબરમતી આશ્રમથી વિજયપ્રસ્થાન કર્યું. એનાથી મારા હૈયામાં કંઈક તારો ઝણઝણ્યા. એ ચાલવા માંડયા ને મારા જીવે કહ્યું કર્યું નહિ. જાણે હું ગુલામ હોઉં અને જીવનભર કોર્ટ ઘંટીનું પડ બાંધી ઘાણી ફેરવતો હોઉં એવું મને પળેપળ લાગવા માંડયું. દરેક સવારે દાંડીકૂચની ખબર વાંચી અકળામણ થતી. દરેક સાંજે આ ખબર સાંભળી આત્મતિરસ્કાર ઉદ્ભવતો: 'હું દેશની સેવામાં શા સારુ જોડાતો નથી? હું મારી ભાવના માટે કેમ કંઈ નથી કરી શકતો? ગુજરાતનો એક ગામડિયો કરે તે પણ મારાથી કેમ નથી થતું?' વલ્લભભાઈ અને ચંદુલાલ ડૉક્ટર જેવા પ્રિય મિત્રો પકડાયા, બીજા મિત્રો પણ જેલમાં ગયા, ને હું કાશ્મીર જવા માટે 'હાઉસ બોટ' ભાડે રાખવાની તજવીજ કરતો હતો! ગુજરાત આખું વીરતા દેખાડતું હતું ત્યારે ગુજરાતની વીરતાની વાતો કરનાર હું સુંવાળી પથારીએ પડયો હતો. સ્થિતિ દુઃસહ થતી ચાલી. દિવસ ને રાત મને ચેન પડયું નહિ. એક તરફ શાતા, ધન અને પ્રતિષ્ઠા હતાં, બીજી તરફ? પ્રભુ જાણે શું ય હોય. કારાગૃહમાં વાસ કરવો પડે, હાઇકોર્ટ સનદ લઈ લે, છોકરાં રઝળી જાય, શરીર પટકાઈ પડે... મારું હૃદય પળેપળ મને ઠપકો આપી રહ્યું હતું. મારી જાત મને કાયરની લાગી. શું હું એવો કાયર હતો કે અકિંચનત્વની બીકે ભાવના કચરતો હતો? મારા આર્ષ આદર્શો સજીવન થયા અને ઉચ્ચારી રહ્યા: 'वैराग्यमेवाभयम्।'

મેં આ સંકલ્પ કર્યો અને મારું આખું પૂર્વજીવન સાપની જૂની કાંચળીની માફક મારા પરથી સરી ગયું. એક પ્રકારના તીવ્ર સંવેગથી હું પ્રેરાઈ રહ્યો. મને કશાનું દુઃખ નહોતું રહ્યું. પૈસો, સુખ ને પ્રતિષ્ઠાની શૃંખલા હું છોડતો હતો. બધું છોડી હું મારી ભાવનાને શરણે જતો હતો. આવી તટસ્થતા અને આવું સુખ મેં કેટલે વર્ષે મેળવ્યાં!'

બારડોલીમાં સરકારનો સિતમ વધતો ગયો. રાંક ખેડૂતો મક્કમ પણે તેનો મુકાબલો કરી રહ્યા. મુનશીના હૃદયમાં રહેલો 'સ્વપ્નદ્રષ્ટા'નો સુદર્શન હલી ઊઠયો: પ્રજા-પુરુષાર્થની 'આવી વેળાએ તટસ્થ રહેવામાં ઔચિત્ય કેટલું?' એ પ્રશ્ન એમને કોરી રહ્યો. અંતે સરકારી કાઉન્સિલમાંથી રાજીનામું આપી દઈ ને એમણે બારડોલી સત્યાગ્રહમાં–'ધર્મયુદ્ધ'માં ઝુકાવ્યું. મહાત્મા ગાંધીજીને એમની શક્તિઓનો કિંચિત્ પરિચય હતો. એમણે મુનશીનું ઝવેરાત હવે જોયું. મુનશીને પણ ગાંધીજીની ભાવનાનો રસ લાગ્યો. એમની કાર્યશક્તિ અને લોકશક્તિનાં તેમનો દૃઢ વિશ્વાસ બેઠો. અને ગાંધીજી અને સરદારના એ નિકટના પ્રીતિપાત્ર વિશ્વાસપાત્ર સ્વજન બની રહ્યા.

આ ઘટનાને કારણે કેટલાક અણધાર્યા ફણગા ફૂટયા. કેટલાક વિઘ્નસંતોષીઓએ તથા મુનશીના વિરોધીઓએ ચળવળ દરમ્યાન અંગ્રેજ સરકારને સહાય કરવાનો આરોપ મુનશી-દંપતી પર મૂકયો. રાજકારણમાં આ પ્રથમ કટુ અનુભવ મુનશીને પારાવાર સંતાપી રહ્યો. ગાંધીજી એ વખતે જેલમાં હતા. એ જેલમાંથી છૂટયા કે તરત વહેલી તકે મુનશીએ તેમનો સંપર્ક સાધ્યો. શિયાળાની એક વહેલી સવારે હ્યુઝ રોડ પર ફરતાં ફરતાં મુનશીએ પોતાની વિરુદ્ધ થતી ખટપટની વાત કહી. એ સમયે તેમની મનોદશા તેમના જ શબ્દોમાં વર્ણવીએ: 'મને સ્મરણ છે તે મુજબ વાત કરતાં કરતાં મારો અવાજ લાગણીથી રૂંધાઈ ગયો હતો; અને મને ખાતરી છે કે સંતાપને કારણે મારી આંખોમાં આંસુ પણ આવી ગયાં હોય. મેં ગાંધીજીને સ્પષ્ટ કહી દીધું કે હવે કૅાંગ્રેસમાં ચાલુ રહેવાની મારી ઇચ્છા નથી. રાજકારણથી દૂર મારી જૂની પ્રવૃત્તિઓમાં ફરી જોડાઈ જવાની મારી ઇચ્છા છે.'

ગાંધીજીએ અત્યંત સહાનુભૂતિપૂર્વક તેમની વાત સાંભળી અને મીઠો સધિયારો આપ્યો. તેમણે કહ્યું: 'રાજકારણમાં આવી ચાડીચુગલી સામાન્ય છે. એ આપણે સૌએ વેઠવી જ રહી. પરંતુ તમારી બાબતમાં તમારી સામેના આક્ષેપો નાબૂદ થાય તે હું જોઈશ.'

ગાંધીજીની મહાનુભવતા જોઈ મુનશી મુગ્ધ થઈ ગયા. એમના જ શબ્દોમાં: 'અમે છૂટા પડયા ત્યારે તે હવે માત્ર મારા રાજકીય નેતા નહોતા રહ્યા. તેમણે માનવ રૂપે મારા જીવનમાં પ્રવેશ કર્યો હતો.'

અંગ્રેજી સલ્તનત સામે ગાંધીજીની નેતાગીરી હેઠળ સત્યાગ્રહની લડત ચાલતી જ હતી. તેમાં અવારનવાર અનેક પલટા પણ આવ્યા. આખરે, સરકારને સમાધાન શોધવું પડયું. હિંદુસ્તાનને સ્વરાજ



મુનશી • ઇ. ૧૯૨૮માં

'હું ને (અતિ) લક્ષ્મી મારા મિત્ર ગુલાબચંદ ઝવેરી સાથે વિલાયત જવાનો વિચાર કરતાં હતાં. એક દિવસ મનસુખલાલ માસ્તરે સૂચવ્યું કે અમારે લીલાને પણ સાથે લઈ જવી. તરત ઘણા વખતથી ઝંખેલી મુસાફરીનાં રૂપરંગ બદલાઈ ગયાં...યુરોપમાં શું શું જોવું તેની વાતો કરતાં અમે બેઠાં. અમારી મૈત્રી અમારા જગતમાં જાણીતી થઈ હતી અને તે રસ લઈ લઇને અમારી વાતો કરવા લાગ્યું.'

મુનશી · અતિલક્ષ્મી · લીલાવતી →




"લક્ષ્મી મારા જીવનપલટાથી ગૂંગળાતી હતી. વડોદરાથી આવતાં મેં બધું એને કહ્યું તેથી તો એના પર વાદળ તૂટી પડયું. વિચાર કરીને નિર્ણય કરવાનો ભાર મેં એ નરઘેલી પર નાખ્યો. અપ્રતિમ ભક્તિથી પ્રેરાઈ એણે લીલાની ને મારી મૈત્રી–જે મૂળમાં સ્પષ્ટ રીતે પ્રણય હતો–તે સ્વીકારી: 'તમારું હૃદય બાળી મારા સુખની પરવા કરશો નહિ. તમને સુખી જોઈ હું સુખી થઈશ. ભક્તિથી જીવી છું. ભક્તિ કરી જીવીશ...લીલાબહેન તમને જે પ્રેરણા આપે છે તે હું આપી શકની નથી. ભલે તમે મિત્ર રહો...તમારામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે.' આ નાનકડી સતીના અગાધ આત્મસમર્પણ આગળ સ્વામીનું શિર ઝૂકયું. એની આગળ પોતે ક્ષુદ્ર હતા તેનું ભાન થયું."

આપવાની દિશામાં સરકારે એક પગલું ભર્યું; અને ૧૯૩૭ની સાલમાં કૉંગ્રેસે પ્રધાનપદાં સ્વીકારવાનું નક્કી કર્યું. કૉંગ્રેસ માટે એ કસોટીનો કાળ હતો. હિંદીઓ રાજવહીવટ ચલાવવા માટે અપાત્ર હોવાની બ્રિટિશ ટીકાને હવે સચોટ રદિયો આપવાનો સમય આવ્યો હતો.

એ અરસામાં અંગ્રેજોની ફૂટ પાડવાની નીતિને કારણે મુંબાઈમાં હિંદુ-મુસલમાન વચ્ચે રમખાણો ચાલતાં હતાં. એ સંજોગોમાં મુંબાઈના ગૃહપ્રધાન તરીકે મુનશીના શિરે કપરી જવાબદારી આવી. રમખાણોને કારણે મુંબાઈનું વાતાવરણ સાવ કથળી ગયું હતું. મુનશીએ રમખાણોને કડક હાથે દાબી દેવાનો સંકલ્પ કર્યો. હુલ્લડગ્રસ્ત વિસ્તારોમાં તે ઘૂમી વળ્યા; તત્કાળ તોફાનીઓ માટે નવી જેલો ઊભી કરી; મુનશીના હુકમો એક પછી એક છૂટવા માંડયા ને પોલીસના 'બ્લૅક લિસ્ટ'માં નામ ધરાવનાર તમામ તોફાની-ગુંડાઓની સામટી ધરપકડ થઈ.તોફાની વર્તુળોમાં સન્નાટો વ્યાપી ગયો. તરત જ રમખાણો અટકી ગયાં. મુનશીની ગૃહપ્રધાન તરીકેની શક્તિનો પરચો મળી ગયો.

રાજકારણમાં નિમગ્ન હોવા છતાં મુનશીનો બ્રાહ્મણ આત્મા વિદ્યાવિમુખ કદી રહ્યો નહિ. એમના વિચારો ને આચારમાં ભલે પશ્ચિમી સંસ્કૃતિની ઝલક જણાતી હોય, પરંતુ એમની આંતરઝંખના હમેશાં ભારતીય સંસ્કૃતિના વારસાને જાળવવાની અને ઉજાળવાની રહેલી છે. હજારો વર્ષ પૂર્વેની આપણી સાંસ્કૃતિક-જાહોજહાલીનો મુનશીએ ઉમંગભર અભ્યાસ કરી તેના પરિપાક રૂપે 'પૌરાણિક નાટકો' અને 'લોપામુદ્રા' જેવી કૃતિઓ સરજી. આમ છતાં તેમના આત્માને તૃપ્તિ થઈ નહિ. ભારતીય સંસ્કૃતિનો શિક્ષણ અને સાહિત્ય દ્વારા પ્રસાર થાય તથા અર્વાચીન યુગની વિચારણાઓ સાથે તેનો સુયોગ થાય એ મુનશીની મહેચ્છા હતી. એમની એ મહેચ્છાનું મૂર્ત સ્વરૂપ એટલે 'ભારતીય વિદ્યાભવન'ની સ્થાપના (૧૯૩૮). કૉંગ્રેસે રાજવહીવટ સ્વીકાર્યો ભલે, પરંતુ અંગ્રેજોની દાનત બૂરી હતી. એ થોડા સમયમાં જ વરતાઈ ગયું. ૧૯૩૯માં વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને બ્રિટનના વડાપ્રધાન ચર્ચિલ, હિંદી વજીર ઍમરી તથા વાઈસરૉય લૉર્ડ લિનલિથગોની ત્રિપુટીએ ભારતને પૂછયાગાછયા વિના જ તેને યુદ્ધમાં હોમી દીધું. મહાત્માજીનો બ્રિટિશ સરકારમાંથી વિશ્વાસ ઊઠી ગયો. સરકારે કૉંગ્રેસને તોડવા મુસ્લિમ લીગને પીઠબળ આપ્યું. મહંમદઅલી ઝીણા પાકિસ્તાન માટે મથી રહ્યા. અંગ્રેજોનો તેમને ટેકો મળ્યો. (ચાલુ)



સાહિત્યસંસદ • ઈ. સ. ૧૯૨૭

ખુરસીમાં બેઠેલા : ડાબી બાજુથી (૧) ? (૨) મનહરરામ મહેતા (૩) ? (૪) કનૈયાલાલ મુનશી (૫) લીલાવતી મુનશી (૬) ? (૭) ?

બીજી હારમાં ઊભેલા : ડાબી બાજુથી (૧) 'શયદા'–હરજી લવજી દામાણી (૨) ? (૩) મનસુખલાલ ઝવેરી (૪) રમણલાલ વકીલ (૫) શંકરપ્રસાદ રાવળ (૬) ઝીણાભાઈ દેસાઈ–'સ્નેહરશ્મિ' (૭) ધનસુખલાલ મહેતા (૮) ? (૯) ? (૧૦) ? (૧૧) ? (૧૨) ?

પાછળ ઊભેલાં : ડાબી બાજુથી (૧) જમુ (જમનાદાસ) દાણી (૨) ચન્દ્રવદન મહેતા (૩) ભાનુશંકર વ્યાસ–'બાદરાયણ' (૪) કિશનસિંહ ચાવડા (૫) યજ્ઞેશ હ. શુક્લ.

'સાહિત્ય સંસદ સ્થાપવામાં પહેલું ઉત્તેજન મને મનહરલાલ મહેતાનું મળ્યું હતું. એ સ્વભાવે ગુલાબી સુરતી લાલા, સાહિત્યના શોખીન ને હાઈકોર્ટમાં દ્વિભાષિયા. સાથે કવિ પણ ખરા. ગુજરાત માટે એમને ગર્વ તો ખરો જ. એમાં હું મળ્યો. "સંસદ" શબ્દ પણ (રામાયણમાંથી) એમણે જ સૂચવ્યો હતો. નરસિંહરાવ તો સંસદના શિરછત્ર હતા. હું એમને ગુજરાતી સાહિત્ય-નાશ્રીમપિતામહ કહેતો. પહેલેથી એમણે સંસદ જોડે તાદાત્મ્ય સાધ્યું. ઊછરતા સાહિત્યકારોમાં વિજયરાય, બટુભાઈને શંકરપ્રસાદ બધાથી અમારી નિકટ હતા. વિજયરાયની વિવેચનદૃષ્ટિ ઘણી સચોટ, વિવેકી ને સંસ્કારાત્મક. બટુભાઈની બુદ્ધિ ઘણી ચંચળ અને લેખિની તેજસ્વી, તીખી ને કોઈ વાર ઘાતકી. શંકરપ્રસાદ તો મારા નાનપણના મિત્ર હતા. સંસદ સભા નહોતી, એક કુટુંબ હતું. સભ્યો વચ્ચે માત્ર સાહિત્યનો સહચાર ન હતો, અમારું તો નવું ગુજરાત ઘડવાની જ્વલંત પ્રેરણાથી સુદૃઢ બનેલું નાનકડું સૈન્ય હતું. મારે મન બધા સભ્યો સ્વજન હતા.'

ભયંકર રાત પછી પ્રભાત પડે છે ત્યારે ડબ્લ્યુ W બી B બી B ૫૫૪૭ 5547

વાંચતા બેઠા છો! તો પછી—?' સમરેશને સખત ગુસ્સો ચડ્યો, અતસી ઉપર, બિહારી ઉપર, ચશ્માં ઉપર, છાપા ઉપર, છાપાના સમાચાર ઉપર...અરે સારીયે દુનિયા ઉપર.

અતસીને કશો ય વધુ ખુલાસો કર્યા સિવાય ફરીથી છાપું લઈને એ ખુરશીમાં લંબાવીને બેઠો. એનું હૈયું જોરજોરથી ધડકતું હતું. એણે આંખો મીંચી દીધી. ક્ષણો પછી એને માથે કોમળતાપૂર્વક કોઈનો હાથ ફરતો હતો. પરિચિત સ્પર્શની મનગમતી માત્રાએ એના હૈયામાં વળી નવેસરથી ઘમસાણ મચાવ્યું.

'જેલમાં જવાનું થાય તો? આ સુખ-શાંતિ-સલામતી, આ પત્નીનું મીઠું મુખ, એનો કોમળ લાગણીભર્યો સ્પર્શ–એ બધું જ ગુમાવવાનું થાય...કદાચ નોકરી જાય. કદાચ કેમ? ચોક્કસ નોકરી જાય જ. વરસ બે વરસ જેલ ભોગવી આવેલો માણસ આવી જાણીતી આબરૂદાર કંપનીનો બ્રાન્ચ મૅનેજર પછી કયી રીતે રહી શકે? અને નોકરી જાય તો? આ સગવડભર્યો ફ્લૅટ, અને નોકર, આયા, મોટર...

મોટર? સાચેસાચ પેલી સત્તાવીસ વર્ષની યુવતી હડફેટમાં આવી ગઇ અને...અને...તેનું અવસાન થયું? કદાચ પોતે ગાડી રોકી હોત, એ ઘાયલ થએલી યુવતીને તાબડતોબ ઑસ્પિટલમાં પહોંચાડી હોત, તો...તો શું તે કદાચ જીવી ગઈ ન હોત?

ભાગભાગ એ ચાળીસ માઇલની સ્પીડે આવતો હતો. એક તો એણે મારી, પણ આંખ મીંચીને કે આંધળાની જેમ પેલી રસ્તો ઓળંગી જતી હતી તે ઊભી જ ન રહી ને! અરે આજુબાજુ જોયા સિવાય એ લગભગ દોડતી જ રસ્તો પાર કરતી હતી અને અથડાઈ ગઈ. કેવી યાતનાભરી હાય એના મુખમાંથી નીકળી ગઈ હશે?! કે પછી બ્રેક મારતાં ટાયર ચરૂરૂરૂરૂ ચીસ પાડી ઊઠ્યાં તેમાં એની હાય ભળી ગએલી? અને એને માત્ર કોઈ તીણી ચીસનો આભાસ જ થએલો?

જાણે પગ ભાંગી ગયા હોય, વેદનાના ભારથી સ્તબ્ધ અચેતન બની ગઈ હોય તેમ તેને ઢગલો થઇને પડતાં સમરેશે જોઈ. બીજી ક્ષણ થોભવાનો વિચાર ઉસેટી નાખીને એ પૂરઝડપે ભાગ્યો. થોડી મિનિટો તો મોટરની બધી જ લાઇટની સ્વિચ એણે ઑફ કરી નાખી... કદાચ કોઈ રાહદારી ભાગી જતી મોટરનો નંબર નોંધી લે તો ?

હેસ્ટિંગ્સ અને ફોર્ટ વિલિયમ વચ્ચેના રસ્તે બ્રેક માર્યા સિવાય જ એણે મોટર વાળી; ને દસ સેકન્ડમાં તો કદાચ એ રેઈસકોર્સ સુધી પહોંચી ગયો હશે. છેક ત્યાર પછી એણે બત્તીઓ સ્વિચ-ઑન કરી.

તારાથી આવું થાય? આવું થાય સમરેશ!—જેણે આઝાદીની લડતમાં ભાગ લીધેલો, ચૌરંઘી પર લાઠીમાર ઝીલેલો, '૪૩ના દુકાળમાં કન્થાઈ ને તામલુક જિલ્લાના દુષ્કાળગ્રસ્ત વિસ્તારો પગપાળા ખૂંદી જાતનો વિચાર કર્યા વિના કપરાં રાહતકાર્ય પાર પાડેલાં...મરતાં-મરી રહેલાંને સાજાંસારાં કરવા શું શું નો'તું કર્યું!–તે સમરેશ આવું કરે!

પણ અત્યારે મોટર થોભાવવી એટલે કયી કયી પરિસ્થિતિમાંથી પસાર થવાનું? અતસીને ખબર પડે જ કે એ સ્ટ્રૅન્ડ રોડ ને હેસ્ટિંગ્સ ઉપર થઇને રાતે જતો હતો. પત્નીને એણે કારણ આપેલું કે કામ ઘણું ચડ્યું છે એટલે મોડે સુધી બૅરૅકપુરની ફૅક્ટરીમાં એને રોકાવાનું છે, જ્યારે સાચી રીતે તો એ જુદી જ મંડળીમાં મોજ કરતો બેઠો હતો! અને પછી ઑસ્પિટલના અધિકારીઓની પૂછપરછ, પોલીસ તપાસ ...

એ બધાંને અંતે આવું ગોઠવાએલું જીવન અસ્તવ્યસ્ત થઈ જાય તો? અને વાંક તો પેલી બાઇનો જ હતો ને? રાત્રિના નીરવ અંધકારને ચીરી નાખે એટલા જોરથી પોતે હૉર્ન માર્યું હતું છતાં, જખ મારવા આંધળાની જેમ એણે એ વખતે જ રસ્તો ઓળંગવા માંડ્યો? અને પોતે બ્રેક પણ જોરથી મારી જ હતી ને? સ્ટિયરિંગ પણ ઝડપથી ઘુમાવ્યું જ હતું ને? છતાં ડાબી તરફના મડગાર્ડ સાથે અથડાઈ ગઈ... શું થાય? પોતે જાણી જોઇને કોઇનું ખૂન થોડું કર્યું હતું?

પણ, તો પછી પોતાની નિર્દોષતા જાહેર કરવાને બદલે આમ નાસી આવીને એણે પોતે દોષિત હોવાની ચટપટી જાહેર નો'તી કરી? જો ને, છાપામાં છપાયું જ હતું ને કે મોટર ઍક્સિડેન્ટ કરીને ભાગી છૂટી હતી?

ઑફિસે જવા માટેની એની ઇચ્છા મરી ગઈ હતી. એણે ધારી લીધું કે એકેએક કારકુન, અરે પેલી ટેલિફોન ઑપરેટર લીલી સેન પણ રોજની જેમ મીઠું લુખ્ખું હસીને એના મૅનેજર સાહેબને આવકારવાને બદલે પ્રશ્નાર્થ દૃષ્ટિથી એની સામે જોશે...કદાચ, ટેલિફોનની ઘંટડી વારંવાર વાગશે: રાતે તમે ક્યાં હતા? આછા લીલા રંગની ફિયાટ ગાડી ઝડપથી રાતના સાડા દસ વાગ્યે પસાર થતી સ્ટ્રૅન્ડ રોડ ઉપર એક સબ-ઇન્સ્પેક્ટરે જોઈ હતી, એ ગાડી તમારી તો નહિ ને? એનો નંબર પણ ડબ્લ્યુ બી બી ૫૫૪૭ હતો...

માથું દુઃખવાનું કારણ બતાવીને સમરેશ ઑફિસે ન ગયો. 'ગામમાં ડૅન્ગ્યુ ચાલે છે: કપરો ટાઢીઓ તાવ. જરા તબિયત સંભાળતા હો તો?' અતસી પલંગની બાજુમાં બેસીને પતિનું શરીર દબાવતાં કહેતી હતી: 'રાતના મોડે સુધી ઑફિસના કામમાં ઘસાવું; નહિ ખાવાપીવાનાં ઠેકાણાં; તબિયત બિચારી શું કરે? ઑફિસ એવું તે શું બાંધી આપે છે? એક-બે વરસથી મોટર અપાવી છે, પણ કંજૂસ કંઈના! ડ્રાઇવરનો પગાર મોંઘો પડી જાય છે; એટલે જાતે ગાડી હાંકવી પડે...'

વળી પાછી મોટરની વાત! ગુસ્સો કરીને સમરેશે અતસીને એના કામે વળગવા કહ્યું: 'મને એકલો પડી રહેવા દે, પ્લીઝ અતસી...'

પતિનો ગુસ્સો એ અતસી માટે નવો અનુભવ હતો. છંછેડાઈ હોવા છતાં માત્ર રિસાઇને એ ચાલી ગઈ. અરધી મીંચેલી આંખે સમરેશ એને જતી જોઈ રહ્યો: 'આવી સુલક્ષણી પત્ની ઘરમાં છતાં પોતે પેલી લીલી સેન સાથે નટખટ ટોળામાં રાત ગાળવા ગયો હતો? ફટ, ભૂંડા!'

બપોરે બે-અઢી વાગ્યા ને સમરેશ ઊભો થયો. મનોમન એણે નક્કી કર્યું કે આ પરિસ્થિતિ વધુ વખત સહન નહિ થાય. પોલીસ-થાણામાં જઈને એણે કબૂલ કરી લેવું જોઈએ કે રાતે ઝડપથી નાસી જનારો મોટરિસ્ટ એ પોતે હતો. મનમાં જાગેલા આ નિશ્ચયને કારણે એનું અંતર હળવું ફૂલ બની ગયું. એણે ઝડપથી કપડાં બદલ્યાં.

'અરે, પણ આજે હવે ઑફિસ ન જાઓ તો?' અતસીએ સવારની રીસ ભૂલીને વળી પતિની ફિકર કરવા માંડી.

'મને કંઈ થયું નથી, અતસી,' વહાલપૂર્વક પત્નીનો હાથ હાથમાં લેતાં સમરેશે ખાતરી આપી: 'થોડી બેચેની હતી એટલે સૂતો'તો. ઑફિસમાં કામ ઘણું પડ્યું છે...'

'કામ, કામ ને કામ...ગઈ કાલે પણ છેક રાતે સાડા અગિયારે—'

'સાડા દસે અતસી–' સમરેશથી વળી ગુસ્સામાં બોલાઈ ગયું.

'ભૂલ થઈ, બસ? તમે મને નહિ, તમારી ઑફિસને વર્યા છો...' સવારવાળી રીસના અનુસંધાનમાં જાણે અતસીની આંખમાં આંસુ આવી ગયાં. તેમ છતાં જતાંજતાં એ બોલી: 'વહેલા પાછા આવજો;

સવારે કશું જમ્યા પણ નથી.'

પગથિયાં ઊતરતાં સમરેશ વિચારતો હતો: પોલીસ-થાણામાં હાજતમાં ઠોકી દેશે તો પાછો ક્યાંથી ફરવાનો હતો? પણ વિના બોલ્યે માથું હલાવી 'ભલે' એમ સૂચવીને વળાંક લેતી સીડીનો કઠેરો ઝાલીને એણે અતસીની વિદાય લીધી.

થાણામાં સકારણ-અકારણ ગિરદી મચી હતી. બધા જ ખૂબ કામમાં હોવાનો સ્વાંગ સજીને બેઠા હતા. મુખ્ય ઑફિસર હજી લંચમાંથી પાછા ફર્યા ન હતા. ડાયરી લખવાની કામગીરી બજાવતા સહેજ ઊતરતી પાયરીના એક ઑફિસરના ટેબલ સામેની ખુરશી ઉપર ઢગલો થઈને સમરેશ બેસી ગયો. એના કપાળ ઉપર પરસેવો બાઝી ગયો હતો.

બહુ વિચાર કરીને, ઑફિસરનું પોતા તરફ ધ્યાન ખેંચતાં એણે વાતની શરૂઆત કરી: 'આજ સવારે સ્ટેટ્સમૅનમાં સમાચાર આવ્યા છે...કે એક સ્ત્રી...સ્ટ્રૅન્ડ રોડ ઉપર...'

'હા, હા. તમે...તમે એને આઇડેન્ટીફાઈ કરવા આવ્યા છો? હાશ, સારું થયું...અમારે માથેથી એટલી ચિંતા ઓછી...તમારું કોઈ સગું-વહાલું લાપત્તા છે?' અને કેટલાયે અણગમતા પ્રશ્નોની પરંપરા ચાલી.

સમરેશનું મન ગુલાંટ ખાઈ ગયું. એનાથી ન તો હા, ન તો ના ભણી શકાઈ. ઑફિસર ઝડપથી ઊભો થયો: 'ચાલો સાહેબ, હમણાં જ અસ્પતાલ પહોંચી જઈએ. થોડી વાર પહેલાં બીજાં બે ચાર જણ પણ આવ્યાં હતાં. રોજ ને રોજ બે-ચાર આવા કેસ તો પતાવવા જ પડે. સબ ઇન્સ્પેક્ટર મુકર્જી હમણાં જ એમની ટૅક્સીમાં નીકળવાનું કહેતા હતા...આઈ વિશ ધ યંગ લેડી ડઝ નૉટ બિલૉંગ ટુ યૉર ફૅમિલી.'

સમરેશ ઑફિસરની પાછળ પાછળ પોલીસ-જીપમાં બેસી ગયો. પેલી ડાબી ફૂટપાથ પાસે પાર્ક કરેલી આછા લીલા રંગની ફિયાટનો પોતે માલિક છે એ કહેવાનું એનું દિલ ચાલ્યું નહિ.

પોલીસ-જીપ ઘણી ઝડપથી ઑસ્પિટલ પહોંચી ગઈ. સમરેશ ત્યાં માંડ માંડ જાતને સ્વસ્થ રાખી શક્યો. કયી યુવતીને પોતે ચગદી કાઢી હતી તે જાણવાની ન ગૂંગળાવી શકાય એવી ઉત્કંઠા એને થઈ આવી.

મૃત્યુમાં જાણે નિરાંત અનુભવતી હોય તેમ એ આંખો મીચીને સૂતી હતી. હોઠ સહેજ ખુલ્લા રહી ગયા હતા. એક અણગમતી ભૂરી મૃત્યુની ગૂઢ છાયા એના દેહ ઉપર છવાઈ હતી. એ જોતાં સમરેશ બેચેન બની ગયો. ઊલટી જેવું થશે કે શું? અને કેવાં ચક્કર! આજુબાજુની દીવાલો જાણે ઘમર ઘમર ફરતી હોય એવો અનુભવ એને થવા લાગ્યો. એણે પોલીસ અફસરનો હાથ સાહી લીધો.

બહારની બાજુ એક ટૅક્સી આવીને ઊભી રહી.

'લ્યો, આ સબ ઇન્સ્પેક્ટર મુકર્જી પણ આવી લાગ્યા. રસ્તામાં કંઈ વધુ વાર થઇ?' પેલા અફસર બોલતા હતા. ત્યાં એક આધેડ વયની વિધવા સ્ત્રી અને તેનો કિશોર પુત્ર અંદર દાખલ થયાં.

મૃતદેહને જોતાંવાર માના મુખમાંથી બેઠી ચીસ નીકળી ગઈ: 'એ જ તો! એ જ તો મારી પુંટી...' અને પેલો કિશોર પણ 'દીદી-દીદી, તેં આ શું કર્યું?' એમ બોલીને આક્રન્દ કરવા માંડ્યો.

પેલા અફસરે સમરેશનો હાથ છોડી દીધો. સમરેશ સામે પ્રશ્નાર્થ દષ્ટિથી જોતાં એ બોલ્યો: 'ઓહ! ત્યારે આ બાઇ સાથે તમારે કશું લાગતુંવળગતું નથી! એ તો આ લોકોની આત્મીય લાગે છે. તમે ત્યારે શાને માટે—?' તે પછીનો પ્રશ્ન સમરેશ માટે અગત્યનો ન હતો. ત્યાંથી ખસીને ભીંતને અઢેલીને પેલી ત્રસ્ત વિધવા તથા એના પુત્રને જોતો એ ઊભો રહ્યો. એની આવી હિલચાલ અફસરને સમજવાની તક ન મળી. સમરેશ તરફથી પોતાનું ધ્યાન પેલી આધેડ વયની સ્ત્રી અને કિશોરને લઈ આવનાર સબ ઇન્સ્પેક્ટર મુકર્જી તરફ એમણે વાળ્યું હતું. મુકર્જી બેઠા અવાજે બોલતા હતા: 'આ બાઇને પોતાની દીકરીની પર્સમાંથી એક પત્ર મળી આવ્યો છે. એમાં દીકરીએ આપઘાત કરવાનો મનસૂબો વ્યક્ત કર્યો છે: "ટ્રેઈન નીચે કે દોડતી મોટરની અડફેટમાં આવીને મરી પરવારીશ; જીવવાની મઝા નથી આવતી" ને એવું બધું.'

સમરેશે ધીરા અવાજે થતી એ વાતચીત ધ્યાન દઇને સાંભળી. ધીરે પગલે એ મૉર્ગમાંથી બહાર નીકળ્યો. એણે પેલી મૃત યુવતીની મુખાકૃતિનું સ્મરણ કર્યું. મૃત્યુની ભૂખરી છાયા છતાં એની બિડાએલી આંખોના ખૂણે અને ખુલ્લા રહી ગએલા હોઠ પર કશીક નિરાંત હતી, કે એને મૃત્યુ તરફ ઝડપથી હડસેલનાર માટે આશીર્વાદ અંકાયા હતા?

સમરેશને પણ નિરાંત અનુભવવી હતી. બહાર ઊભેલી ટૅક્સીમાં એ પાછો પોલીસ-સ્ટેશન તરફ જવા નીકળ્યો.

ટૅક્સી ડ્રાઇવર બોલતો હતો: 'શું દુનિયા થઈ ગઈ છે, બાબુજી! ગઇ કાલે રાતે કોઈ બદમાશ પ્રાઇવેટે એક જુવાન બાઇને ચગદી કાઢી. એની વિધવા મા અને ભાઈ બેફાટ રોતાં'તાં...હમણાં જ મેં એમને અહીં પહોંચાડ્યાં...' 'પઢેલિખે આદમી લોગ' કે એવા શબ્દો એણે વાપર્યા ત્યારે સમરેશ ચમકી ગયો. પણ પછી તરત સ્વસ્થ થતાં એણે ટૅક્સી ડ્રાઇવરને સમાચાર આપ્યા કે જાણી જોઈને એ યુવતીએ મોટરની આગળ પડતું મૂક્યું હતું...બિચારો પેલો ડ્રાઇવર એમાં શું કરે?

ટૅક્સી ડ્રાઇવરે પાછળ નજર કરીને એક ક્ષણ માટે સમરેશ સામે એવી રીતે જોયું કે સમરેશ કમકમી ગયો. શીખ ડ્રાઇવરની બે આંખો જાણે લાલઘૂમ સર્ચલાઇટ સમી ન હોય–બધું જ અંધારું વેરણછેરણ કરી મૂકે એવી! એ બોલ્યે જતો હતો: 'એ વાતમાં શું માલ છે, બાબુજી? આજે શહેરના બધા જ ટૅક્સી ડ્રાઇવરોને ખબર છે કે ગુલશનસિંહ—મારો દોસ્ત છે—એની ધરપકડ થઈ છે. પોલીસે એને હાજતમાં પૂરી રાખ્યો છે. શાથી, જાણો છો?...આ રાતનો અકસ્માત એણે પોતાની નજરે જોયો હતો. ('—ન હોય!' સમરેશથી મનોમન બોલાઈ ગયું.) એક પ્રાઇવેટ ફિયાટ જોરથી દોડી આવતી હતી એની હડફેટમાં એક સ્ત્રી આવી ગઈ. એની ચીસ ગુલશને સાંભળી. પેલો બદમાશ કારની બત્તી બુઝાવીને ભાગી ગયો. ગુલશનને થયું કે એનો પીછો પકડે. પણ એટલી રાતે પેલી બિચારીનું પછી કોણ? એણે એને અસ્પતાલમાં પહોંચાડી. કોઈ એનું સાંભળે જ નહિ ને! પોલીસ કહે, કે જાતે ઍક્સિડેન્ટ કરીને હવે પરોપકાર કરવા નીકળી પડ્યો છે? બિચારાને હાજતમાં બેસાડી દીધો છે! શું સ્સાલી દુનિયા થઈ ગઈ છે!...'

પોલીસ-સ્ટેશનથી થોડે દૂર સમરેશે ટૅક્સી છોડી દીધી. પાર્ક કરેલી આછા લીલા રંગની ફિયાટની ધોળે દિવસે દેખાતી નંબર-પ્લેટ કોઇની પણ નજરે ન પડે તો કેવું સારું?–એમ એને થયું. પણ એની પોતાની નજરને એ પ્લેટના નંબરો ડબ્લ્યુબીબી ભોંકાતા હતા. હજાર રીતે ઢાંકવા-છુપાવવાના પ્રયત્ન છતાં વારંવાર એને એ બેચેન કરી મૂકતા હતા.

ત્યાં પાછળ પેલા ટૅક્સી ડ્રાઇવરે હૉર્ન બજાવ્યું અને લગભગ એની અડોઅડ ટૅક્સી ઊભી રાખતાં બારીની બહાર ડાબો હાથ લંબાવી કહ્યું: 'બાબુજી, પાંચ રૂપિયાની નોટ આપીને પરચૂરણ લેવાનું જ ભૂલી ગયા? લો આ ત્રણ રૂપિયા અને સિત્તેર નયા પૈસા...'

સમરેશે ટૅક્સી ડ્રાઇવરની સામે કઈ રીતે જોયું હશે?

ડ્રાઇવર બોલતો હતો: 'એવું તો બન્યા કરે, બાબુજી! બાકી દુનિયામાં ભરોસો રાખવા જેવા બધા જ માણસો મરી પરવાર્યા નથી...' કહેતો એ ઝડપથી ટૅક્સી હંકારી ગયો.

પોતાની મોટરમાં બેસવાને બદલે સમરેશ ફરીથી થાણાનાં પગથિયાં ચડી ગયો......

આત્મકથાનક • ૩૬

જીવનપટનાં સ્મૃતિચિત્રો

૧૬૧ ફરી નાસિક

લગભગ છ મહિને નાસિકનો ફરી પ્રવાસ થયો. આ વખતે ગિરિકંદરાઓ ને ઘાટો ચોમાસા પછીની લીલોતરીથી અતિ રમણીય બન્યાં હતાં. ગાડીમાં કોઈ ગુજરાતી મળે નહિ. ઘાટના લોકોની મરાઠી ભાષા કોઈ ગડબડાટ જેવી લાગતી; પણ તેઓ મહારાષ્ટ્રની ખરી જનતાનાં પાત્રો હતાં. અગિયાર વાગ્યે નાસિક પહોંચ્યો કે તુરત મેઈલ લેવા આવેલા માણસને પટ્ટા-પોશાક ઉપરથી પકડ્યો અને ગમે તેવી ભાષા બનાવી તેને સમજાવ્યું કે અમે પોસ્ટ માસ્ટરના પુત્રો છીએ. તેને પણ સૂચના હતી જ એટલે 'હોઈ! હોઈ!' કરતાં અમારો સામાન ટપાલના ટાંગા સુધી લઈ આવ્યો અને અમે પાછળ ચડી બેઠા.

પોસ્ટ ઑફિસના કૉમ્પાઉન્ડમાં ટાંગો પહોંચ્યો ત્યાં બા અને બેન રાહ જોતાં બહાર ઊભાં હતાં. 'તમને દિવાળીમાં રોકવાનો હરિભાઇનો પત્ર હતો, પણ આજે આવો છો એવો તાર મળ્યો તે શું થયું?' મારે મારી ભૂલથી વહોરેલી આપત્તિની વાત કરવી પડી. પણ છેવટે બધું સીધું થઈ ગયું તેની સૌએ નિરાંત માની.

નાસિકમાં યે દિવાળી ઉજવાતી જ હશે, પણ દૂર એકાંતમાં આવેલી પોસ્ટ ઑફિસના કૉમ્પાઉન્ડમાં તેનો જરા યે ઇશારો નહોતો. માત્ર ઘરમાં દિવાળીની વાનીઓ માણી. નાનુભાઈ જે આજ સુધી સોરાતો હતો તેને આનંદ થયો. પોસ્ટ ઑફિસમાં પિતાશ્રીએ સારું વર્ચસ્ જમાવ્યું હતું. ડેપ્યુટી પોસ્ટ-માસ્તર ગૌરીશંકર વ. ભટ્ટ પિતાશ્રીના જૂના મિત્ર અને આપ્તજન હતા. પહેલાં આ હેડ પોસ્ટ ઑફિસ ટપાલ ખાતામાં જે વગોવાઈ હતી તે હવે પ્રતિષ્ઠા પામી હતી. સુયોગ્ય સ્ટાફ ગોઠવાઈ ગયો હતો. ઊંચાનીચા થતા રાષ્ટ્રવાદીઓ પણ પિતાશ્રીની સીધી અને ચીવટભરી નીતિને આધીન થયા હતા.

૧૬૨ રાજકીય કાવતરું

હું નાસિક ગયો તે પહેલાં રાજકીય કાવતરાનો એક મોટો બનાવ નાસિકમાં બન્યો હતો. તે વખતે પિતાશ્રીએ મક્કમપણે સ્ટાફ અને ઑફિસને તેના રંગથી અલિપ્ત રાખ્યાં હતાં તેથી સરકારે તેમની ઇચ્છા પ્રમાણે સ્ટાફ રહેવા દીધો હતો અને એકએ યુવાન મહારાષ્ટ્રી તાર-માસ્તરો તો પિતાશ્રીની સ્તુતિ ભક્તની જેમ કરતા હતા કે 'આપ ન હોત તો આવી બન્યું હતું.' તેની હકીકત આમ બની હતી.

તિલક મહારાજને છ વર્ષે દેશનિકાલીની સજા થયા પછી મહારાષ્ટ્ર આખું ઊકળી રહ્યું હતું. એ સમયના મહાન ક્રાંતિવીર વિનાયક સાવરકરના મોટા ભાઈ દામોદર સાવરકરને દેશનિકાલીની જે સજા થએલી તેનું વેર લેવાને કાન્હરે નામના જુવાને નાસિકની નાટકશાળાના એક મેળાવડામાં ધૂસી જઈ અંગ્રેજ કલેક્ટરનું ખૂન કર્યું. તે પરથી નાના ભાઈ નારાયણ સાવરકર તેમજ તેના બીજા મિત્રોને પકડવામાં આવ્યા. નારાયણ સાવરકરને દિલ્હીમાં વાઇસરૉય પર બૉંબ ફેંકવાના શક ઉપરથી અગાઉ પકડવામાં આવ્યા હતા તે આ વેળા ફરી પકડાયા.

જે રાત્રે આ બનાવ બન્યો તે રાત્રે નાસિકમાં સન્નાટો છાઈ ગયો હતો. રાતોરાત રસ્તાઓ પર અને નાકે નાકે પોલીસ-પહેરો બેસી ગયો હતો અને રાતમાં જ કેટલીય ધરપકડો થઈ ગઈ હતી. પ્રજા ઉશ્કેરાઈ ગઈ હતી. પોસ્ટ ઑફિસની પણ ચારે બાજુ પોલીસ આવી ગઈ હતી, અને સ્ટેશનેથી જેવી ટપાલ આવી કે તરત પોલીસ ઑફિસર થેલા તોડાવવા ધસી આવ્યા. પણ પિતાશ્રીએ મક્કમપણે તેમને દૂર રાખ્યા અને કહ્યું કે પોસ્ટને હાથ લગાડવાનો તમને અધિકાર નથી. મુંબાઇથી પોસ્ટ-માસ્તર–જનરલનો હુકમ મેળવીને જ તેમ કરી શકો. તેઓ કેટલાક માણસોને શક ઉપર પકડવા માગતા હતા તેમાં પણ તેમને રોક્યા. આથી તે બહુ ખફા થયા, અને પોસ્ટ-માસ્તર-જનરલની પરવાનગી મેળવવા મુંબાઈ તાર કર્યો. પણ તેમાં તો 'પોસ્ટ માસ્તરનો સહકાર મેળવી કામ કરો' એવું ફરમાન આવ્યું, એટલે ઠંડા પડી પિતાશ્રીની બાજુમાં બેસી શાંતિથી ટપાલ તપાસી. એ વખતે પાર્સલોમાં પિસ્તોલો પકડાવાનો સંભવ હતો તેમજ કાવતરાના પત્રો પણ પકડાય તેમ હતું. કેટલાક પત્રો પકડાયા પણ ખરા. ગુનેગારના ઘરની જડતી લેતાં તેનો કૉલેજ સમયનો એક ગ્રૂપ-ફોટોગ્રાફ મળ્યો, જેમાંનો એક વિદ્યાર્થી નાસિકની તાર-ઑફિસમાં જ કામ કરતો નીકળ્યો. પોલીસે તેને પકડવા માગણી કરી પણ રીતસરના આરોપ વિના પોસ્ટના નોકરને હવાલે કરવા પિતાશ્રીએ ના પાડી. એથી એ કારકુન તો તેમનો સદાનો ભક્ત બની ગયો.



મૅટ્રિક પાસ થયાની યાદગીરીમાં ફોટો પડાવ્યો

લેખક-આલેખક રવિશંકર રાવળ

આ વાતાવરણમાં રોજરોજ સરકારી પક્ષના માણસોને ધાકધમકીઓ અપાતી હતી, આથી પોસ્ટ માસ્તરના જીવનું પણ જોખમ હતું. એટલે પિતાશ્રી જ્યારે પણ ક્યાંક ઘરબહાર જતા ત્યારે ઘરનાંને ફફડાટ રહેતો. ઉપર્યુક્ત પ્રસંગથી ઊકળેલાં અંગ્રેજી-હિંદી છાપાં ધમધમી ઊઠ્યાં હતાં અને કાવતરાના મૂળમાં જે માણસ હોય તેને આ બધાં કામોનો જવાબદાર ગણી પકડવો જોઇએ એમ મત થયો હતો. એ વખતે વિનાયકરાવ સાવરકર બૅરિસ્ટર થવા ઇંગ્લંડ ગએલા હતા. ત્યાં તેમણે અનેક જુવાનોમાં દેશભક્તિ પ્રેરી ઇંગલંડ અને ફ્રાન્સમાં સમિતિઓ સ્થાપી હતી. શ્યામજી કૃષ્ણવર્મા તથા મૅડમ કામા વગેરેએ તેમને આશ્રય આપ્યો હતો. અંતે સાવરકરને ઇંગલંડમાંથી પકડવામાં આવ્યા અને તેમના સામે કામ ચલાવવા તેમને હિન્દુસ્તાન લાવવાનું નક્કી થયું. એમની સ્ટીમર માર્સેલ્સ પાસેથી પસાર થતી હતી તે વખતે એમણે જાજરૂ જવાના બહાને સંડાસની અંદરની બારીએથી દરિયામાં ભુસ્કો માર્યો અને ડૂબકી મારી તરીને કિનારે નીકળી ગયા. પણ

બ્રિટિશ પોલીસે પાછળ પડી ફ્રાન્સની ભૂમિ પરથી તેમને પકડી લીધા અને છેવટે હિન્દુસ્તાન આણી કેસ ચલાવી સરકારે તેમને આંદામાન ટાપુમાં આજીવન જેલની સજા કરી. તેની સવિસ્તર કહાણી 'મારી જન્મટીપ' નામની રોમાંચક આત્મકથામાં તેમણે લખી છે.

૧૬૩ સાઇકલ શીખ્યો; દક્ષિણી નાટકો જોયાં

મારે હમણાં વાંચવા-ભણવાની ચિંતા નહોતી. એ વખતમાં તારવાળાઓને ફ્રી વ્હીલ વિનાની સરકારી સાઈકલો મળેલી. તે લાલ રંગની હતી. ઑફિસ બંધ થાય ત્યારે તે પડી જ રહેતી, એટલે પટાવાળાને સમજાવી મેં તેની પર પેડલિંગ કરવા માંડયું અને સમતોલ રહેવા લાગ્યો એટલે બેસવા માંડયું. સાઈકલ ફ્રી-વ્હીલ નહોતી, એટલે પગ અટકાવતાં અટકી જતી તેથી હું ફેંકાઈ જતો નહોતો. ધીમેધીમે અવરજવર વચ્ચેના રસ્તે લાંબી રપેટીઓ મારતો થઈ ગયો અને છેવટે તો નાસિક શહેરમાં અને નદી પારની પંચવટી સુધી પણ રજાના દિવસમાં લહેર કરી આવતો. એ વખતે મોટરોનો ભય ક્યાંયે નહોતો. ખટારા કે ગાડીઓની ભીડ હોય ત્યાં ઊતરી જતો.

એ રીતે મેં આસપાસનો પ્રદેશ જોઈ નાખ્યો. મૅટ્રિકનું પરિણામ આવવાને લગભગ એક માસની વાર હતી, પણ મને ખાતરી હતી કે આ વખતે આપણા પોબાર છે એટલે મન હળવું રહેતું હતું.

શહેરમાં સાદા પ્રકારની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચાલ્યા કરતી. ક્યાંયે પણ એવું પાટિયું વાંચું કે અંદર જોવા પેસું. ત્યાં ભીડ જરા યે હોય નહિ. પણ ત્યારનું નાનું ચિત્રપ્રદર્શન કે કળા-હુન્નરપ્રદર્શન યાદ કરું તો તે બાળરમતો જેવાં જ હતાં.

ઑફિસના કારકુનો અને નોકરોના સ્કેચ હું કરતો એટલે તેમના વચ્ચે ઠીકઠીક હળતો-મળતો થઈ ગયો હતો. એક ડિલીવરી ક્લાર્ક મુસ્લિમ જુવાન બહુ જ આનંદી હતો, તેને નાટકો જોવાના પાસ મળતા. રવિવારે દિવસોનાં નાટકો જોવાની મેં પિતાજી પાસેથી રજા મેળવી, ને તેની સાથે કિર્લોસ્કર નાટકમંડળીનાં 'સંત તુકારામ', 'ત્રાટિકા' અને બીજાં એક-બે નાટકો જોયાં. મહારાષ્ટ્રી નાટકમંડળીઓ ગુજરાતી મંડળીઓ જેવી સધ્ધર કે શ્રીમંત લાગી નહિ, પણ તેનાં નાટકોનાં લેખન, ભાવનાઓ અને અભિનયકારોએ મારા પર બહુ સરસ છાપ પાડી. ભાષાનું જ્ઞાન જરા પણ નહિ હોવા છતાં એ નાટકોએ મરાઠી ભાષાની છટા અને પ્રભાવનો મને ખયાલ આપ્યો. એ નાટકોની ભાવનાઓ સમાજના યોગક્ષેમ અને સંસારની સમતુલા ઉપર લક્ષિત રહેતી.

૧૬૪ નગરનું કલંક

નાસિકના નગરજીવનમાં મેં એક એવું અનિષ્ટ જોયું કે જેની બરોબર ગુજરાતમાં નામ સરખું યે નહિ હોય. નાસિકમાં સ્ટેશન રોડથી પ્રવેશતાં બે બાજુ જાતજાતનાં વેચાણની દુકાનો હતી, તેની સાથે એ દરેક દુકાન ઉપરના મેડાઓ ઉપર વેશ્યાઓના વાસ હતા. તેઓ જાહેર રીતે ફરતી, લોકોમાં ભળતી અને સારા દેખાતા માણસો સાથે હસી વાતો કરતી. એ જીવનની ભીતરની બાજુ તો ભગવાન જાણે, પણ નાસિકના નાગરિકોમાં 'ઉપવસ્ત્ર' શબ્દ બહુ પ્રચલિત હતો. અને તેનો અર્થ તો 'રખાત' અથવા અન્ય કે જાહેર સ્ત્રી.' પણ ત્યાં એ શબ્દ મોટા ગૃહસ્થોની ખાનદાની બતાવતો શબ્દ બન્યો હતો!

ધર્મ અને તીર્થોનાં ધામમાં આ સ્થિતિ યાત્રાળુઓનો લાભ મેળવવા થતી હોય તો મહારાષ્ટ્રના લોકજીવનનું એ કલંક સમજવું રહ્યું. નાસિકમાં અખાડા હતા, પહેલવાનો હતા, રાષ્ટ્રીય ક્રાંતિકારો હતા, સંતો હતા, વ્યાખ્યાતાઓ હતા; એ સૌના આ તરફ આંખ આડા કાન હોય તો તે પેશ્વાઈ યુગનો વિલાસી વારસો જ ગણવો રહ્યો.

૧૬૫ સિંહસ્થ-વર્ષ; ચિત્રગુરુ ભગવાનજીભાઈની યાત્રા

આ નાસિકમાં બાર વરસે આવતું સિંહસ્થ વર્ષ હતું એટલે બજારો, ધર્મશાળાઓ ને ગોરોનાં ઘરોમાં યાત્રિકોની ખૂબ ભીડ હતી. મારાં માતુશ્રી અને બેન રોજ વહેલાં ઊઠી લાંબું ચાલી ગોદાવરી-સ્નાન કરી આવતાં તેમને સિંહસ્થની જાત્રા સહજ મળી હતી. દેશમાંથી અનેક સગાંવહાલાં પણ આ જાત્રાએ આવતાં, તેમાંનાં કોઇકોઇ અમારે ત્યાં ઉતારો નાખતાં. એક દિવસે ભાવનગરના મારા ચિત્રગુરુ ભગવાનજીભાઇનો પત્ર પ્રવાસમાંથી આવ્યો કે તેઓ અમુક તારીખે પંઢરપુરની જાત્રા કરી નાસિક આવવાના છે. પત્રમાં પંચવટીની ગુજરાતી ધર્મશાળાનું સરનામું આપ્યું હતું. તે પ્રમાણે હું સાઈકલ પર બપોરના ગયો ત્યારે બીજાં ચારપાંચ સ્ત્રીપુરુષો રસોઈ કરી જમી ઊઠયાં હતાં. મને જોઇને તે બહુ હરખાયા અને વાત્સલ્યપૂર્વક મને જમવા બેસાડ્યો. પછી તે બધાં પાંચ માઈલ પરની પાંડવ-ગુફા જોવા તૈયાર થયાં અને ઘોડાગાડીઓ બાંધી. મેં પણ મારી સાઈકલ પર તેમની સાથે જવાનો નિશ્ચય કર્યો અને એમનો રસ્તો પોસ્ટ ઑફિસ આગળથી જ પસાર થતો હતો એટલે હું વહેલો વહેલો પૂરપાટ પેડલ મારી પોસ્ટ ઑફિસેથી બાની રજા લઈ તેમની ગાડીની પાછળ સાઈકલ પર લાગુ થઈ ગયો. ગાડી પકડી રાખી એટલે મારા પગને બહુ થાક ન લાગ્યો; પણ માત્ર પેડલના આધારે સાઈકલ પર પાંચ માઈલ કાપવા અને ગુફાઓવાળો ડુંગર ચડવો-ઊતરવો એ એક સાહસ જ હતું. પાછા વળતાં એકાદ વાર નીચે ઝિકાયો પણ ખરો; પરંતુ ખડો થઇને સાઈકલ સલામત રાખી ઘેર પહોંચી ગયો. શરીરની આવી સહિષ્ણુતા મને એ વખતે સહજ લાગતી. નાસિકની એ 'પાંડવ-ગુફાઓ'નું નામ ધાર્મિકોને ભૂલ ખવડાવનારું છે. અભ્યાસીઓ તો તેને બૌદ્ધ ગુફા તરીકે જોતાંવેંત ઓળખી શકે છે. ગુફા-મંડપો પાષાણ-કોતરણીનો ભવ્ય પ્રકાર છે. ત્યાં સ્વચ્છ હવા, ઠંડક અને ઝરણાના શીતળ પાણીની કુદરતી સગવડ છે.

૧૬૬ મુંબાઈની આર્ટ સ્કૂલે મહત્ત્વાકાંક્ષા જગાડી

ડિસેમ્બરમાં પરીક્ષાનાં પરિણામો બહાર પડવાનાં હતાં અને તુરત કૉલેજો શરૂ થવાની હતી, એટલે હું જરા વહેલો નીકળી મુંબાઇ આવ્યો. આ વખતે ગજુભાઈ (શ્રી ગજાનન) પાઠકે મુંબાઇની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટના આર્કિટેકચર (સ્થાપત્ય)ના અભ્યાસમાં બીજા વર્ષમાં પ્રવેશ મેળવ્યો હતો. તેમની સાથે મારો પત્રવ્યવહાર ચાલુ હતો. મુંબાઈમાં સ્કૂલ ઑવ આર્ટમાં જઈ મેં તેમનો ભેટો કર્યો. આર્કિટેકચરમાં વિટેટ નામના અંગ્રેજ પ્રોફેસર હતા. એ વર્ગો હજુ સ્કૂલ ઑવ આર્ટનો જ વિભાગ ગણાતા, પણ તેની શિક્ષણનીતિ ઘણી ચોક્કસ, વ્યવસ્થિત અને ફળદાતા હતી. તેના વિદ્યાર્થીઓમાં કામની શિસ્ત અને વ્યવહારુતા એકદમ ભાત પાડતા. ગજુભાઇએ મને ચિત્રવિભાગો બતાવ્યા, અને ત્યાં ગ્રીક શિલ્પોની અસલ માપની મોટી પ્લાસ્ટર-કૃતિઓ, છેવટના વર્ગમાં થતું પ્રત્યક્ષ પાત્રનું ઑઇલ પેઇન્ટિંગ, તેમજ વિદ્યાર્થીઓના હાથમાં પકડેલી રંગપાટી તથા પીંછીઓ જોઈ હું દંગ થઈ ગયો એટલું જ નહિ, કોઈક દિવસ અહીં આવીને ચિત્રકામ શીખવાનો પ્રબળ મનસૂબો મનમાં જાગ્યો. પણ ત્યારે મૅટ્રિક પાસ થઇને કોઈ જ આ સ્કૂલમાં આવતું નહોતું. એમને તો ત્યારે વકાલત, દાક્તરી કે ઇજનેરી લાઇનો જ ખેંચાણ કરતી. મારા માટે પણ બાપાએ ઇજનેરી લાઇન જ ધારી મૂકી હતી. ત્યારે કૉલેજનું પહેલું વર્ષ પસાર કરે તેને ઇજનેરી કૉલેજોમાં પ્રવેશ મળતો. આથી મૅટ્રિક પાસ થઈ જાઉં તો મારે માટે એક વર્ષ કૉલેજનું ઠર્યું જ હતું. છતાં ગજુભાઇએ મને ચિત્રવિભાગના વર્ગો બતાવી જુદી જ મહત્ત્વાકાંક્ષાઓ જગાડી.

બધું જોયા પછી ગજુભાઈની સાથે ચિત્રનો સામાન વેચનાર જે. વી. નવલખીની દુકાને જઈ રીઝની એક ઑઇલ પેઇન્ટિંગ બૉક્સ ખરીદી. આવી પેટી ગજુભાઇએ ભાવનગરમાં બતાવેલી તે દિવસથી મારા મનમાં તેનું વેન હતું. આ વખતે તે પૂરું કર્યું. દસપંદર રંગો, તેલ ટર્પેની બે બાટલીઓ, બે-ચાર પીંછીઓ અને કાળી પેટી બધું એ વખતે રૂ. ૮માં મળ્યું. મેં જોએલા ચિત્રકારો પાસે આવી તેલરંગની ટ્યૂબો અને પીંછીઓ જ હતાં. વૉટર કલર (જલરંગ)થી મોટાં ચિત્રો કે સ્કેચ થઈ શકે તેનો મને ક્યાંયથી પણ ખયાલ મળ્યો જ નહોતો. વર્ગ-પરીક્ષાનાં ચિત્રો અને ચિત્રકામનું ખરું કામ જુદાં જ છે એવું હું સમજેલો. આ બી પેટી હોય ત્યારે જ પેઇન્ટિંગ થાય એવું માની લીધેલું.

રંગપેટી ખરીદાઈ એટલે મુંબાઈની મુલાકાતને મેં સફળ માની. વાહન કે ટ્રામમાં હું ફર્યો જ નહોતો. પગ થાકી જાય ત્યાં સુધી મેં કોટમાંની દુકાનો જોઈ. ગજુભાઇએ એક ચિત્રો વેચનાર કંપનીની દુકાન બતાવી. 'બૉમ્બે ફાઈન આર્ટ ગૅલેરી' નામની એ દુકાનમાં યુરોપ-ઇંગ્લંડનાં અસલ પેઇન્ટિંગ, એટલે કે અસલના જેવી તાદશ નકલો ત્યાં વેચાતી. તેનું પાછલું બારણું મેડોઝ સ્ટ્રીટમાં હતું. ત્યાંથી અમે વિનંતી કરી અંદર દાખલ થયા અને ખરાં યુરોપીઅન ચિત્રો જોયાં. તેમાં અંગ્રેજ કલાકાર Mailais (મિલે)નું Northword Bound (ઉત્તર સાગરની સફર) નામનું સુંદર ચિત્ર મારા પર ખૂબ અસર કરી ગયું. એ દુકાન કેમ ઊડી ગઈ અને આજે એવી કેમ થઈ ન શકે તે એક કોયડો છે.

મને તો નવી હવા અને નવાં સ્વપ્નો મળી ગયાં. એ સમયનું મુંબાઇનું બીજું કંઈ સાંભરતું નથી. એકાદ પારસી કંપનીનું નાટક જોયું. ભૂલેશ્વર, ગ્રાન્ટ રોડ, કાલબાદેવી રખડ્યો. પરાંઓમાં જવાનું કોઈ આકર્ષણ નહોતું. ભાયખલાનું મ્યૂઝિયમ અને પ્રાણીબાગ જોયાં. સાથ વગર ભૂલા પડાય, એટલે પડોશના કોઈ વિદ્યાર્થીને સાથે લઈ જતો. ત્યારે સમાજ કે લોકજીવનનાં દશ્યો જોવાની તમન્ના જાગી નહોતી. ચિત્રકામ અને ચિત્રની રીતો જ જાણવા-શોધવા મન તલસતું, તેથી તે કામ કરનારા માટે વધુ શોધ કરતો પણ કોઈ ખરો કલાકાર કે ચિત્રકાર ભેટી જાય અને અંગત લાગણીથી કામ બતાવે એવું ક્યાંય કોઈ મળ્યું નહોતું.

૧૬૭ મૅટ્રિક પસાર કરી: કૉલેજના દ્વારે

મુંબાઈથી ભાવનગર આવ્યો ત્યાં થોડા જ દિવસમાં મૅટ્રિકનું પરિણામ આવી ગયું. હાઇસ્કૂલમાં તાર આવ્યો હતો તેમાં બપોરે બે વાગ્યે પાસ વર્ગમાં મારો નંબર વાંચી પિતાજીને તાર કર્યો. બાવન ટકા માર્કથી મૅટ્રિક પાસ કરી એટલે કૉલેજનો અભ્યાસ અને ઇજનેરી લાઈન મારા જીવનગૃહમાં ધબકવા લાગ્યાં. મૅટ્રિક પાસ થયાની યાદગીરીમાં મેં એક કાર્ડ સાઈઝનો ફોટો પડાવ્યો. જીવનનું અગત્યનું સોપાન ચડી ગયો હતો. બીજા ઘણા મિત્રો પણ પાસ થઈ ગયા હતા. એ બધાની સાથે કૉલેજની ફી ભરી ચોપડીઓ-નોટો તૈયાર કરી.

કૉલેજમાં એ વખતે કાળા આલ્પાકાનો કોટ અને બૅંગલોરી ફેલ્ટ ટોપીની ફૅશન હતી. રોજ અગિયાર વાગ્યે જવાનું. ત્રણ વાગ્યે તો કૉલેજના વર્ગો પૂરા થઈ જાય. ઘેર આવી, સાંજે હાથમાં રૅકેટ લઈ ટેનિસ રમવા જવું અને તે વખતે પગમાં ધોળા કપડાના ટેનિસ શૂઝ પહેરવા એવા દેખાવ અને ઠાઠ કરવાની દીક્ષા પામ્યો. (ચ. લુ)

લઘુકથા

નતાયુધા

મોહનલાલ પટેલ

અશોક ઉપર કૂતરો (વસ્ત્ર ઉપર ચોંટી જાય એવું એક પ્રકારનું ઘાસ) ફેંકવા માટે મનીષાએ પોતાનો હાથ સહેજ ઊંચો કર્યો, પણ એ ઉમળકો જેવો આવ્યો એવો જ શમી ગયો. અશોકને ખબર ના પડે એમ ઊંચકાએલો હાથ એણે નમાવી દીધો.

મનીષા હજુ જુવાનીની પહેલી ભરતીની અસર તળે હતી. એનો હૈયામાં તરવરાટ ભર્યો હતો. અશોક સાથે સરોવર ઉપર સહેલ કરવામાં, ઉદ્યાનમાં વિહાર કરવામાં, એની સાથે ફિલ્મ જોવામાં, મિત્રો સાથે પિકનિક ઉપર જવામાં—આવી અનેક પ્રવૃત્તિઓમાં એ ધિંગામસ્તી, તોફાન ચાહતી હતી.

પણ જીવનની એ પ્રબળ ઝંખનાઓ જાણે અશક્ય બની ગઇ હતી. વિધુર અશોક સાથે એણે લગ્ન કર્યાં ત્યારે એના મનની આટલી કોમળતા વિષે એ વાકેફ નહોતી. કદાચ અશોક પણ પોતાના મનને પામી નહિ શક્યો હોય, નહિતર મનીષાએ લગ્નની દરખાસ્ત મૂકી ત્યારે એટલા હર્ષ સાથે એણે એ વધાવી લીધી ન હોત. કદાચ લગ્નથી પોતે સ્વસ્થ થઈ શકશે એવી માન્યતાથી એ દરખાસ્ત સ્વીકારી લીધી હોય.

મનીષાએ જોયું કે લગ્ન થયે છ મહિના વીતી ગયા હતા છતાં અશોક પૂરા દિલથી પોતાના તરફ વળી શકતો નહોતો. સામાન્ય બાબતોથી પણ એના મનમાં પૂર્વ પ્રસંગની સ્મૃતિ તાજી થઈ ઊઠતી અને એ ગંભીર બની જતો. એક દિવસ એક ટેકરી ઉપર ચડતાં મનીષાએ એનો હાથ પકડીને ખેંચ્યો ત્યારે એ ઉદાસ થઈ ગયો. એક વાર એણે ઝરણનું પાણી ઉછાળીને એને ભીંજવ્યો ત્યારે એ દર્દથી ઢીલો થઈ ગયો. એક સમયે બગીચામાં લૉન ઉપર આળોટતાં એના કાન ઉપર ઘાસના તણખલાનો છાનો સ્પર્શ કર્યો ત્યારે એ ચમક્યો ખરો, પણ ક્યાંય સુધી ગંભીર થઈ ગયો. આવું કંઇક બનતું ત્યારે એ ગળગળો થઈ જતો અને ક્યાંય સુધી સંધ્યાની જ વાત કર્યા કરતો.

એટલે જ છેલ્લા કેટલાય સમયથી મનીષા ઉદ્યાન, ટેકરી, સરોવર, સિનેમા વગેરે બધું છોડી પોતાના હૈયામાં હિલોળા લઈ રહેલી જુવાનીના આવેગ વ્યક્ત કરવા કોઇ મૌલિક માર્ગ શોધતી હતી. કોઈ પણ સ્ત્રીએ પોતાના પ્રેમી સાથે કદી ન સેવ્યો હોય એવો આચાર અખત્યાર કરીને એ પોતાના પ્રેમને વ્યક્ત કરવા માગતી હતી. અત્યારે ચોમાસું ભરજુવાનીમાં હતું. ચોતરફ લીલોતરીની બિછાત આંખને ઠારે એવી બની રહી હતી. આ એકાન્ત પ્રદેશમાં ખીલી ઊઠેલી વનરાજિને જોઇને મનીષાના મનનો મોરલો ગહેકી ઊઠ્યો. અશોક પણ અત્યારે આનંદમાં આવી ગયો હતો.

મનીષાએ પેલો કૂતરો ફેંકવા હાથ ઊંચો કર્યો ખરો, પણ એનું મન બોલી ઊઠ્યું: 'સંધ્યાએ કો'ક દિવસ અશોક ઉપર આ ચીજ ફેંકવાનું બાકી રાખ્યું હશે ખરું?' એનો હાથ આપોઆપ નમી ગયો અને મન નિઃશ્વાસ મૂકી રહ્યું: 'અરેરે! સ્ત્રીઓએ પોતાનો પ્રેમ વ્યક્ત કરવા જગતની કઈ ચીજ બાકી રાખી હશે?!'

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મય-સમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તેમજ લલિતેતર વાઙ્મય પ્રકાશનોની સમીક્ષાનું કામ સને ૧૯૬૪ માટે પ્રો. ચિમનલાલ શિ. ત્રિવેદી (૨૫ નૂતન સોસાએટી, પાલડી પાસે, અમદાવાદ–૭)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખકો-પ્રકાશકોને સાહિત્ય સભાની વિનંતી છે કે પોતાના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થતાં વાર તેમને મોકલીને આભારી કરશો.

નેતૃત્વ-શિબિર એક નવો પ્રયોગ જેની પ્રેરણાએ મારા જીવનમાં ક્રાન્તિ આણી છે

'હું આ શિબિરમાં આવ્યો ન હોત તો કેટકેટલુંયે હું ગુમાવી બેસત!' તે દિવસોની મારી રોજનીશીમાં મેં આ ઉદ્‌ગાર લખ્યો હતો.

કૉલેજની કેળવણીમાં અને જીવન માટેની તાલીમમાં ફેર છે. આજની કેળવણી ડિગ્રીપ્રધાન છે. પણ ડિગ્રીથી જીવન માટેની લાયકાત મળતી નથી. આથી, પ્રયોગ તરીકે, બધાને નહિ તો કેટલાક પસંદ કરેલા વિદ્યાર્થીઓને જીવનમાં જરૂરી એવી ઘનિષ્ઠ તાલીમ આપવા સેન્ટ ઝેવિયર્સ કૉલેજ તરફથી એક નેતૃત્વ-શિબિર યોજવામાં આવ્યો હતો. વાઇસ-પ્રિન્સિપલની વ્યવસ્થા હેઠળ પાંચ જુદી જુદી કૉલેજોમાંથી વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને એન્જિનિયરિંગના કુલ બાર વિદ્યાર્થીઓ ત્રણ દિવસ માટે માઉન્ટ આબુ પર આ માટે મળ્યા હતા.

શિબિરની યોજના

નેતાનાં બે મુખ્ય લક્ષણ છે: સ્પષ્ટ જીવનદર્શન અને પોતાની જાત પરનું પ્રભુત્વ. આમ, નેતૃત્વનો પાયો સ્પષ્ટ વિચાર અને પ્રબળ ઇચ્છાશક્તિ હોવાથી શિબિરમાં એક તરફ જીવન-તત્ત્વજ્ઞાન ઉપર પ્રકાશ ફેંકનાર વ્યાખ્યાનમાળા અને ચર્ચાસભાઓ હતી, જ્યારે બીજી તરફ શિસ્ત અને સંયમ, એકાગ્રતા ને આત્મનિરીક્ષણની તાલીમ આપવામાં આવી.

વ્યાખ્યાનોનો સાર

ભગવાને મનુષ્યો માટે એક અદ્‌ભુત યોજના ઘડી છે. માણસને પોતાનો વિકાસ સાધવાનો ને બીજાઓની સેવા કરવાનો આદેશ આપ્યો છે. અને તેના હાથમાં અનેક સર્જેલી વસ્તુઓ મૂકી છે. એ સર્જેલી વસ્તુઓ આ ઉદ્દેશ માટે મદદ રૂપ થાય ત્યારે એનો ઉપયોગ કરવો, અને અડચણરૂપ થાય ત્યારે તેમનો ત્યાગ કરવો એ માનવ માટે શ્રેષ્ઠ માર્ગ છે. દરેક માણસ એ યોજનામાં પોતાનું સ્થાન સ્વીકારે, પોતાની જવાબદારી માથે લે અને પોતાનું જીવન સુધારીને સમાજ-કલ્યાણ માટે પોતાની જાત ઘસવાનો નિર્ણય કરે તો જ તેનો અને સમાજનો ઉદ્ધાર થશે. આમ, પ્રથમ દિવસે 'ઈશ્વરની યોજના', બીજે દિવસે 'યોજનામાં મારું સ્થાન' અને ત્રીજે દિવસે 'સંકલ્પ' વિષે ફાધર વાલેસે વ્યાખ્યાનો આપ્યાં.

ચર્ચાસભા

પોતાના વિચારો લખાણમાં તેમજ ભાષણમાં ક્રમબદ્ધ અને અસરકારક રીતે વ્યક્ત કરવાની શક્તિ કેળવવા શિબિરમાં ખાસ તાલીમ મળતી. સમૂહ-ચર્ચા માટે સાંજના સમયે અમે જંગલમાં જતા અને કોઈ રમણીય સ્થાનમાં બેસી ચર્ચા ચલાવતા. ત્રણ દિવસ દરમ્યાન અમે નીચેના ત્રણ વિષયોની ચર્ચા કરી: (૧) આજની કેળવણીના ગુણદોષ (૨) રાષ્ટ્રીય એકતામાં અંતરાયો (૩) હવે આપણે કરવું શું? ચર્ચાનું સંચાલન રાજકારણના અધ્યાપક ફાધર હેરેદેરો કરતા. વ્યાખ્યાનો પછી દરેક વિદ્યાર્થી પોતાના વિચારો નિબંધરૂપે લખી શિબિરના સંચાલકને બતાવતો. આ વ્યક્તિગત માર્ગદર્શન શિબિરનું અગત્યનું લક્ષણ હતું.

આત્મનિરીક્ષણ

નેતાને અનિવાર્ય એવો સંયમ અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા વ્યક્તિગત કે સમૂહચર્ચાના સમય સિવાય ત્યાં મૌન પાળવામાં આવતું. સવારે ને સાંજે પ્રાર્થનાસભા યોજાતી. પ્રાર્થનામાં ભગવાન સાથે સાન્નિધ્ય સાધવાની તાલીમ મળતી. તે સિવાય આત્મસુધારો કરવા પોતાની જાતની તપાસ કરવાની ટેવ પાડવા અમે પ્રયત્ન કરતા. જેમ વેપારમાં પૈસાનો હિસાબ ચોપડે લખાય છે, તેમ નૈતિક-માનસશાસ્ત્રીય હિસાબ પણ રોજ કાઢવો જોઈએ. એ જિંદગીમાં અગત્યની વસ્તુ છે, કારણ કે આત્મનિરીક્ષણમાં હિસાબનાં પાસાં તપાસાય છે, ને પોતાનો સ્વભાવ ઓળખી લઈને આજના અનુભવ ઉપરથી કાલની યોજના કરી શકાય. આ માટે દરેકને છાપેલી નોંધ આપવામાં આવી હતી. તે કાયમ માટે પણ ઉપયોગી રહેશે.

હવે પછી

'આ ત્રણ દિવસ વર્ષના તો શું, જિંદગીના મારા સારામાં સારા દિવસો હતા.' 'આ કૅમ્પની પ્રેરણાએ મારા જીવનમાં ક્રાંતિ આણી છે.' 'હું કૅમ્પમાં આવ્યો ત્યારે નિસ્તેજ અને નિરુત્સાહ હતો. હવે આદર્શ જીવન જીવવા અને દેશ માટે કંઈક કરી છૂટવા અદમ્ય ધગશ જાગી છે.' 'મારું આખું જીવન બદલાઈ ગયું છે!' 'ઘણા વિદ્યાર્થીઓને આવો લાભ મળે તો કેવું સારું.' આ વાક્યો શિબિર પછી વિદ્યાર્થીઓએ લખેલી ખાનગી નોંધમાંથી ટાંક્યાં છે.

બીજા એવા શિબિર ગોઠવવા, એવા વિચારો અને પ્રેરણા ફેલાવવા પ્રયત્ન કરવો, કૉલેજના 'સમાજ સેવામંડળ'માં જોડાઇને તેના દ્વારા દર્દીઓ તથા ગરીબોની મુલાકાતે જવું, અંધશાળામાં અમારી સેવાઓ આપવી અને અભણને કેળવણી આપવી એવા ઠરાવો કર્યા.


છેલ્લે, અભ્યાસ-ધંધામાં પ્રવીણતા મેળવીને, દરેક ક્ષેત્રમાં પ્રામાણિકતા પ્રતિજ્ઞાપૂર્વક પાળીને, એક-બીજાને ટેકો આપીને આગળ ઉપર કુટુમ્બમાં તેમજ સમાજમાં આદર્શ જીવન ગાળવાનું અને બીજાઓ ઉપર પણ એવી અસર પાડવાનું જીવનધ્યેય સ્વીકારે એવા યુવાનોનું મંડળ સ્થાપવાની વિચારણા થઈ. દેશને હાલ અકળાવનાર પ્રશ્નો ઉકેલવા માટેનો આ અમારો નમ્ર પણ રચનાત્મક પ્રયોગ છે.

એ દિવસોમાં લખેલી નોંધ હું મારી પાસે રાખું છું. જ્યારે જ્યારે જીવનમાં ઉત્સાહ ઓછો થઈ જાય, ત્યારે હું એ નોંધ વાંચું છું. તેમાંથી પ્રેરણા મળે છે, અદમ્ય ઉત્સાહ મળે છે અને જીવનમાં આગળ જવા માટે તીવ્ર ઉત્કંઠા જાગે છે. ખરેખર, ઘણા વિદ્યાર્થીઓને એવો અનુભવ મળે તો કેવું સારું!

—બબાભાઈ ગિરધરદાસ પટેલ

શતરંજનો કોયડો

L. Ebrlich–1928



White to Play and win

સ્થિતિ: 8/k7/2P5/2KB4/r7/24

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું

આ કોયડામાં સફેદ પાસે કાળા હાથીના બદલામાં ઊંટ અને એક પ્યાદું છે. જીતવા માટે તેણે પ્યાદાનો વજીર બનાવવો જોઈએ. કાળાએ રમત ડ્રૉમાં લઈ જવા માટે હાથીનો ભોગ આપીને પણ સફેદ પ્યાદું મારવું જોઈએ. અથવા તો એ પ્યાદું વજીર બને કે તરત તેને પોતાના હાથીથી મારવાની કોશિશ કરવી જોઈએ. અહીં પહેલી ચાલ તો સહેલી છે: 1P–B7. પણ 1...R–R4ch પછી સફેદ રાજા ક્યાં જશે? પ્રયત્ન કરો. ખરો ઉત્તર પૃ. ૪૯૭ પર આપ્યો છે.

પોલીસ લેબોરેટરી

લેખક · પુષ્કરભાઈ ગોકાણી

જ્યાં લોહીના ડાઘથી માંડી ખોટા હસ્તાક્ષરો કે તૂટેલા કાચથી માંડી બંદૂકની ગોળીઓ સુધીની અનેક અવનવી તપાસ થઈ ખરા ગુનેગારને પકડવામાં સહાય મળે છે.

૬

શહેરમાં એક મોટા વિસ્તારમાં કમલકાન્ત મૅન્શનને ત્રીજે માળે માધવદાસનું મૃત્યુ થયું. એમની ખોપરીમાંથી બે ગોળી સોંસરવી નીકળી ગઈ હતી ને પિસ્તોલ માધવદાસના જમણા હાથમાં જ હતી; એટલે પ્રથમ નજરે આપઘાતનો બનાવ જણાતો હતો. માધવદાસ એકલા જ રહેતા હતા. પત્ની હતી, પણ અણબનાવને લીધે એ પોતાના ભાઈ પાસે દૂર ગામડે રહેતી હતી. પોતાની પેન્શનની આવકમાંથી દર મહિને અમુક રકમ માધવદાસ એને મોકલતા હતા.

બનાવની પોલીસ-તપાસ ચાલી. ઘરમાંથી એક પત્ર પણ મળ્યો. એમાં એક મોટી રકમની માગણી કરવામાં આવી હતી અને જો એ ન મળે તો માધવદાસની કોઈ એવી વાત જાહેર કરી દેવાની ધમકી હતી કે જેનાથી એમનું પેન્શન પણ સદાને માટે બંધ થઈ જાય. આમ, અનેક પ્રકારની મૂંઝવણોને કારણે માધવદાસે આપઘાત કર્યો હોય એવું લાગતું હતું, પણ પોલીસ કોઈ મત બાંધવા તૈયાર નહોતી.

વધુ તપાસ ચાલી. મરનારના હાથનો ગ્લીસરીન ટેસ્ટ લીધો: પિસ્તોલ ફોડતાં એની ગોળી (કાર્ટ્રિજ)ના દારૂનાં રજકણોની જાણ એ ટેસ્ટથી થાય છે ને એ રીતે નક્કી થાય છે કે એ હાથ વડે જ પિસ્તોલ ફૂટી છે કે નહિ. અલબત્ત, હાથમોજાં પહેર્યાં હોય તો હાથ પર એ રજકણો ન લાગે પણ અહીં હાથમોજાં હતાં જ નહિ. લેબોરેટરીમાં ગ્લીસરીન ટેસ્ટ પરથી નક્કી થયું કે પિસ્તોલ માધવદાસે ફોડેલી નથી.

આના સમર્થનમાં પોલીસને બીજી પણ વિગતો મળી. નજીકથી પિસ્તોલ ફૂટે તો જ્યાં ગોળી વાગે ત્યાં ચામડી દાઝી જાય છે. માધવદાસની ચામડી દાઝેલી નહોતી; એટલેકે પિસ્તોલ દૂરથી ફોડવામાં આવી હતી. આ પરીક્ષા પણ પોલીસ-લેબોરેટરીની સહાયથી થઈ.

બીજું: મરનારને બે ગોળી વાગી હતી. પહેલી જ મૃત્યુ માટે પૂરતી હતી, ને એ વાગ્યા પછી મરનાર પોતે તો બીજી ગોળી છોડી શકે તેમ હતું જ નહિ, મતલબ કે ગોળી મારનાર અન્ય જ કોઈ હોવું જોઈએ. વળી, ખોપરીમાંથી પસાર થએલી ગોળીનો માર્ગ મરનારના શરીર સાથે જે રીતનો કોણ બતાવતો હતો એ રીતે આપઘાત કરનાર પોતે ગોળી છોડી શકે નહિ. એટલે સાબિત થયું કે આ આપઘાત નહોતો, ખૂન હતું. તો ખૂન કોણે કર્યું?

પિસ્તોલ ૦·૩૨ કૅલિબરની 'સ્મિથ ઍન્ડ વેસન' બનાવટની હતી. એ જમણે હાથે ફોડવી સુગમ પડે છે. અહીં મરનાર ડાબોડી હતા, એમ પડોશીઓએ ને માધવદાસના હસ્તાક્ષરો પરથી નિષ્ણાતોએ જણાવ્યું. પણ પિસ્તોલ જમણા હાથમાં હતી; તેથી ચોક્કસ થયું કે મારનારે આપઘાતનો બનાવ લાગે તે સારુ મરનારના હાથમાં પિસ્તોલ ગોઠવી છે. વળી, ખંડમાં કંઈ વેરવિખેર નહોતું એટલે ખૂન કરનારે માધવદાસ સાથે વાતો કરતાંકરતાં કદાચ ખૂન કર્યું હશે.

પિસ્તોલ ઉપર, તે જ્યાં બને છે ત્યાં તેનો નંબર નાખવામાં આવે છે, ને જ્યારે વેચવામાં આવે ત્યારે તેનો એ નંબર, લેનારનું નામ અને સરનામું વેચનારના ચોપડામાં નોંધવામાં આવે છે; એટલે એ દુકાનના રજિસ્ટર પરથી પિસ્તોલના માલિકનો પત્તો લાગી શકે છે. પણ આ પિસ્તોલના નંબર ઘસી નાખેલા હતા. કદાચ કાનસથી પણ ઘસી નાખ્યા હોય! તો પિસ્તોલના ખરા માલિકને કેમ શોધવો?

ફરી પોલીસ-લેબોરેટરી મદદમાં આવી. જ્યારે પિસ્તોલ ઉપર નંબર ઉપસાવવા માટે કારખાનામાં વજનદાર 'ડાઈ' મારવામાં આવે છે. એ દાબ આવવાથી નંબરના આંકડાઓ તથા એની આસપાસની જગ્યાની ધાતુની ઘટ્ટતામાં ફેર પડે છે. હવે, આ નંબરોને કોઈ પણ રીતે ઘસી નાખવામાં આવ્યા હોય તો લેબોરેટરીમાં તે નંબરો ફરી શોધી કાઢવા માટે પિસ્તોલના એટલા ભાગમાં અતિશય જલદ તેજાબ લગાડવામાં આવે છે. આ તેજાબથી પિસ્તોલનો તે ભાગ ખવાવા લાગે છે. આમાં જે ભાગ વધારે ઘટ્ટ અને કઠણ હોય છે. તે ઓછો ખવાય છે. નંબર પાડતી વખતે પિસ્તોલ ઉપર બનેલો આવી ઘટ્ટતા વાળો ભાગ ઓછો ખવાય છે, અને એ રીતે તેમાં જૂના આંકડા ફરી જુદા પડી આવે છે. આમ, પિસ્તોલના પણ નંબર મળી આવ્યા, તરત તે વેચનાર પાસેની નોંધ પરથી તેના માલિકનો પત્તો લાગ્યો. માધવદાસની બાજુમાં જ રહેતા એક પેન્શનર દાંડેકરની એ પિસ્તોલ હતી. પણ દાંડેકરે ત્રણેક દિવસ પહેલાં પોતાની પિસ્તોલ ખોવાયાની ફરિયાદ પોલીસને દફતરે નોંધાવી હતી. એટલે ધારણા બંધાઈ કદાચ એ પિસ્તોલ ચોરનારે જ ખૂન કર્યું હશે.

મરનારની રૂમમાંથી ઘણાનાં આંગળાંની છાપો મળી હતી. મુખ્યત્વે ત્યાં આવતા જતા પડોશીઓની, અને વધારે તો દાંડેકરની તથા ચાલીમાં સામે રહેતા કાંતિલાલ પટેલની હતી. પિસ્તોલ ઉપરથી પણ આંગળાંની છાપ મળી આવી. તે પણ પિસ્તોલ પર જ્યાં નંબર હોય તે જગ્યાની બાજુમાં જરા સરખી હતી.

પોલીસે દાંડેકરના રૂમની જડતી લીધી. તેમાંથી એક કાનસ મળી આવી. જેમાં ચોંટેલા બારીક ધાતુકણ તથા રંગના કણ આ પિસ્તોલની ધાતુના તથા રંગના હતા એમ લેબોરેટરીમાં જણાઈ આવ્યું. નક્કી થયું કે દાંડેકર આ ખૂન સાથે સંકળાએલા છે. દાંડેકર ડાબોડી હતા.

પણ ખૂન કરવાનું કારણ શું? પોલીસે તપાસ આગળ ચલાવી. દાંડેકરને ઝઘડો થયો હતો? હા, ઝઘડો બહુ ગંભીર થયો હતો, પણ તે કાંતિલાલ સાથે. તેમાં માધવદાસનું નામ ક્યાંય આવતું નહોતું.

લેબોરેટરીની સહાયથી મળેલા પત્રમાંના અક્ષરો તપાસવા હસ્તાક્ષર-નિષ્ણાતો કામે લાગ્યા. માળામાં રહેતા સૌ કોઈના હસ્તાક્ષરો તપાસાયા. પેલા કાંતિલાલના અક્ષરો સાથે એ મળતા હતા. વળી, એનાં આંગળાંની તો ઘણી છાપો પણ મળી હતી. પોલીસે મરનારનો બૅંક-એકાઉન્ટ તપાસ્યો. મરનારે મોટી રકમ ઉપાડી હતી.

દાંડેકરે પોતાના બચાવમાં જણાવ્યું કે પોતે પરોઢિયે માધવદાસ પાસે દૂધ લેવા ગયો હતો. વહેલી સવારે તેને જવાનું હોઈ તેણે ચા માટે આગલી રાતનું દૂધ વધ્યું હોય તો માધવદાસ આપશે એવી ધારણાથી તેના રૂમનું બારણું ખટખટાવેલું. બારણું ખુલ્લું હતું. અંદર માધવદાસ મરેલી હાલતમાં પડયા હતા. આથી દાંડેકર ગભરાયો. તેણે તેના હાથમાં પિસ્તોલ જોઈ. તે ઓળખી ગયો કે એ તેની જ પિસ્તોલ હતી. એટલે કદાચ ખૂનનો આરોપ પોતા ઉપર આવશે એ બીકે તેણે પિસ્તોલ પોતાની રૂમમાં લઈ જઈ તેના નંબર કાનસથી ઘસી નાખી પિસ્તોલને લૂગડાથી સાફ કરી જ્યાં હતી ત્યાં મૂકી દીધેલી. પોતે ખૂન નહોતું કર્યું.

મળી આવેલા પુરાવાને આધારે અને કાંતિલાલ ઉપરના શકને કારણે પોલીસ દાંડેકરની વાત માનવા પ્રેરાઈ, અને કાંતિલાલના રૂમની જડતી લેતાં માધવદાસે ઉપાડેલાં નાણાં તેની પાસેથી મળી આવ્યાં !

હસ્તાક્ષર, આંગળાંની છાપ, મળી આવેલાં નાણાં, આ બધા પુરાવા સામે કાંતિલાલ ટકી શક્યો નહિ. તેણે દાંડેકર સાથે થએલા ઝઘડાનું વેર લેવા, અને પોતે ફીચરમાં ગુમાવેલા પૈસાને કારણે થએલા કરજ માટે માધવદાસનું ખૂન કરેલું, માધવદાસ પાસે પૈસા હોવાની એને ખબર પડી ગઈ હતી, પણ માધવદાસ તેને ધીરવા રાજી નહોતા. એ માટે થએલી રકઝક ને તેમાં થએલી બોલાચાલીમાં કાંતિલાલે પોતે અગાઉ ચોરેલી દાંડેકરની પિસ્તોલ વડે માધવદાસનું ખૂન કર્યું. કાંતિલાલે માધવદાસ પૈસા ન ધીરે તો શું કરવું એ અગાઉથી જ વિચારી રાખ્યું હશે. એની યોજના પ્રમાણે એને પૈસા યે મળે અને દાંડેકર પર વેર પણ વળે તેમ હતું. પોલીસને ખોટે માર્ગે દોરવા એણે બનાવટી પત્રનું તરકટ પણ કર્યું.

પણ ખોટા ગભરાટને કારણે દાંડેકરે પુરાવા સાથે કરેલાં ચેડાં તેને ભારે પડી ગયાં. પિસ્તોલનો નંબર ઘસી નાખવા જતાં તેણે તે પિસ્તોલ ઉપર પડેલી કાંતિલાલનાં આંગળાંની છાપો પણ કાઢી નાખી, અને તેથી ગુનાનો ઉકેલ ઢીલમાં પડ્યો. એ રીતે નિર્દોષ હોવા છતાં એ જ કદાચ દંડાઈ જાત, જો પોલીસે વધુ ઊંડી તપાસ ન કરી હોત તો.

અહીં આપણે બે વાત જોઈ. એક: પુરાવા સાથે કશી પણ રમત કરવી યોગ્ય નથી; બીજું: ગુનાશોધનમાં લૅબોરેટરી એ અગત્યનું અંગ છે. પુરાવામાં છુપાએલું સત્ય લૅબોરેટરી બહાર લાવે છે—અલબત્ત, પુરાવાને જો વિકૃત કરવામાં આવ્યા ન હોય તો. આમ બનાવની કડીબદ્ધ કહાણી રજૂ કરવામાં લૅબોરેટરીનો મોટો હિસ્સો છે.

બનાવટી ચેક, બનાવટી દસ્તાવેજ, પકડાએલો ગાંજો ચરસ કે કોકેન, હોજરીમાંથી મળી આવેલું ઝેર વગેરે ખૂન સિવાયના બીજા અનેક ગુનાઓ શોધવામાં પણ લૅબોરેટરી અગત્યનો ભાગ ભજવે છે. મોટર-વાહનોના અકસ્માતમાં, આગના બનાવોમાં, ધોબીના લૉન્ડ્રી-માર્ક ઓળખવા આદિમાં લૅબોરેટરી મદદગાર થાય છે. રોજિંદી વપરાશની વસ્તુઓ-ઘી, દૂધ અને મસાલામાં આવતી ભેળસેળ પણ આ લૅબોરેટરી ખોળી કાઢે છે. ખૂનનો બનાવ હોય તો તેની તપાસ તો લૅબોરેટરી વિના થઈ શકે જ નહિ. ગુનાઓમાંથી ૭૫ ટકા ખૂનના ગુનાઓની સૂક્ષ્મ તપાસ લૅબોરેટરીને ફાળે આવે છે.

લૅબોરેટરીની કામગીરી આ પ્રમાણે હોય છે :

(૧) નશાકારક પ્રવાહીઓ, પદાર્થો, ઝેર, લોહી, પ્રસ્વેદ, વીર્ય અને બીજા તેલી ડાઘાઓ; રંગ, તેલ, આગ, ધડાકાઓ અને બીજા ન ઓળખી શકાય તેવા પદાર્થોની જાંચનું કામ. ટ્રુથ સીરપ (સત્યાન્વેશી) પ્રવાહી.

(૨) મોટરગાડીઓની બત્તીઓના કાચ, તૂટેલી બારીઓ, ઇલેક્ટ્રિકનાં સાધનો, તાળા-કૂંચી, વાળ, દોરડાં, તાર, કાપડના અને બીજા રેસાઓ, ઓજારનાં નિશાન, ટાયરનાં નિશાન, પિસ્તોલના નંબરો, ઘટત્વ, વિશિષ્ટ ઘટત્વ, પ્રકાશનાં પરાવર્તન, ઉષ્ણતા; પગરખાંની રજ, કાપડની રજ, નખમાં ભરાઈ જતો મેલ; તમાકુ-બીડી-સિગારેટ, પાન, દાંતમાં ભરાઈ રહેલા ખોરાકના કણો વગેરેની સૂક્ષ્મ વૈજ્ઞાનિક તપાસ.

આંગળાની છાપ, પગ કે બૂટનાં તળિયાં, મોટર કે સાઇકલનાં ટાયરની છાપ (પ્લાસ્ટર ઑવ પારીસથી ઉપાડીને) દાંતની છાપ, ધોબી અને ડ્રાઈક્લીન કરનારાઓની છાપ વગેરેની તપાસમાં પણ લૅબોરેટરી સહાય કરે છે.

અણઓળખાએલા હસ્તાક્ષર, બાળી નાખવામાં આવેલા કાગળો ઉપરનું લખાણ, બનાવટી દસ્તાવેજ, વસિયતનામા કે વેચાણખતની નુક્તેચીની, કાગળ શાહી ફાઉન્ટપેન અને પેન્સિલને લગતી તપાસ, છૂપી શાહી અને અદૃશ્ય લખાણો શોધવાનું કામ પણ એ કરે છે.

છોડવામાં આવેલી ગોળીની ઓળખ, કારતૂસ, ફોડવાનો દારૂ અને ગ્લીસરીન ટેસ્ટ, ડર્મલ નાઈટ્રેટ ટેસ્ટ, ફોડવામાં આવેલી ગોળીનો માર્ગ અને કેટલે અંતરેથી તે છોડી છે તે અંગેની તપાસ પણ.

આ ઉપરાંત, સામાન્ય ફોટોગ્રાફી, બારીક (માઇક્રો) કે ઉચ્ચ કક્ષાની ફોટોગ્રાફી, ઇન્ફ્રા રેડ અને અલ્ટ્રા વાયોલેટ ફોટોગ્રાફી, ફોટોમાઇક્રોગ્રાફી, સ્પેક્ટોગ્રાફી અને એબ્સોર્પ્શીઓમેટ્રી, બ્લુપ્રિન્ટિંગ, કૉપીઇંગ, અને અદ્યતન સૂક્ષ્મદર્શક યંત્રતળે તથા દૂર અંતરેથી લેવાતી ફોટોગ્રાફી, એક્સ રે ફોટોગ્રાફી પણ એ કરી આપે છે.

વળી, પદાર્થના ભૌતિક ગુણો જાણવા માટે તથા તૂટી પડતાં મકાનો, બંધ, પુલો, નહેરો વગેરેનાં કારણોની તપાસ માટે, વીમા માટે, ડૂબી જતાં જહાજો, આગ અને બીજા અકસ્માત અંગેની તપાસો, તથા આ બધી સિવાયની તપાસ, પોલિગ્રાફ ટેસ્ટ (સત્ય શોધનાર યંત્ર) વગેરેનાં કામ પણ લૅબોરેટરી પાસે આવે છે.

આ બધી તપાસ માટે લૅબોરેટરીમાં મુખ્યત્વે આ મુજબ ખાતાંઓ હોય છે: (૧) રાસાયણિક અને ભૌતિક તપાસનું ખાતું (૨) શારીરિક અને જીવશાસ્ત્રીય તપાસનું ખાતું (૩) પિસ્તોલ વગેરેનું ખાતું (૪) અણઓળખેલ દસ્તાવેજોનું ખાતું (૫) ફોટોગ્રાફીને લગતું ખાતું (૬) યાંત્રિક તપાસ અને સમારકામનું ખાતું અને (૭) સામાન્ય સર્વગ્રાહી ઑફિસકામ સંભાળતું ખાતું.

મળી આવેલી પિસ્તોલ 'સ્મિથ ઍન્ડ વેસન'ની છે કે હેરિન્ગટન ઍન્ડ રિચાર્ડસન'ની છે; વાળ દક્ષિણીના છે કે ગુજરાતીના છે; ટાઇપનું લખાણ રેમિંગ્ટન, બેબી હર્મિસ, ગોદરેજ કે સ્ટાન્ડર્ડ ટાઇપરાઇટરનું છે; અકસ્માતમાં આવેલી મોટરના બેરિંગમાં વપરાએલું ઘસારા નિરોધક તત્ત્વ કયા પ્રકારનું છે, મળી આવેલી લિપસ્ટિક 'કોસમી'ની છે કે 'બ્યુટીફૂલ ઇવનિંગ'ની છે વગેરે પણ ત્યાં નક્કી થાય છે.

લૅબોરેટરી માટે એકઠા કરેલા પુરાવા કે જેના ઉપર પ્રયોગ કરવાના હોય છે તે પુરાવાઓ કેમ એકઠા થાય છે તેની, તથા તે એકઠા કરતી વખતે એ વિકૃત ન બની જાય તેની તેમજ વિકૃત પુરાવાઓને અલગ તારવવા વગેરેની કામગીરી વિષે હવે આગળ આપણે જાણીશું.

વિનતિ

સંખ્યાબંધ લેખકો પોતાની કાચી-પાકી કૃતિઓ, જવાબી પોસ્ટેજ બીડ્યા વિના મોકલ્યા જ કરે છે અને પછી આકળા થઈને લેખની, ઉત્તરની કે માર્ગદર્શનની અપેક્ષા રાખે છે. એ સૌને વિનતિ છે કે (૧) 'કુમાર'ની કક્ષાની લાગે તેવી જ કૃતિઓ મોકલવી; (૨) ઉત્તેજન ખાતર કશું 'કુમાર'માં છપાતું નથી; (૩) લેખો, વાર્તાઓ અને કાવ્યોનો એટલો બધો ધસારો હવે થાય છે કે માર્ગદર્શન આપવાનું અશક્ય બની ગયું છે; (૪) કૃતિ પાછી મેળવવા માટે અગર ઉત્તર મેળવવા માટે પોતાનું **સરનામું કરેલું અને ટિકિટ ચોડેલું તૈયાર કવર કે કાર્ડ મોકલવું. છૂટું પોસ્ટેજ હરગિજ નહિ.**
આ સિવાય ઉત્તર ન મળે તો ક્ષમા કરવી.

કલાવાર્તા

સ્વ. ચિત્રકાર ફૈઝી રહેમાન

કરાચીથી ગુજરાતી સાહિત્યક જનાબ ગુલામહુસેન મુસ્તફાના પત્રથી જાણવા મળ્યું કે "વડોદરાના મહારાજા સયાજીરાવના મહેલને શણગારનાર, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર ચિત્રકાર ફૈઝી રહેમાનનું તા. બીજી ઑક્ટોબર ૧૯૬૪ના દિને અહીંની સાર્વજનિક ઑસ્પિટલમાં અવસાન થયું છે. છેલ્લાં થોડાં વર્ષથી એમણે ચિત્ર–પીંછી મૂકી દીધી હતી અને પોતાની મૂળ જાતિ—'આર્મેનિયન'નો ઇતિહાસ તેઓ લખી રહ્યા હતા. એમનાં પત્ની અતિયાબેગમ જે મહેલોમાં રહેનાર હતાં તે અહીંની એક હોટેલમાં રહે છે. ભાઈ ચુઘતાઈનાં ચિત્રો સાથે એમનાં ચિત્રો પણ 'યૂનો'ની ઇમારતની શોભારૂપ બન્યાં છે. વિશેષ શું લખું?

> 'લખજો ખાક પડી આંહી
> કોઈના લાડકવાયાની!"

સ્વ. ફૈઝી રહેમાને લંડનની અકાદમીમાં વર્ષો સુધી અભ્યાસ કર્યા પછી પ્રસિદ્ધ ચિત્રકાર જ્હૉન સાર્જેટના હાથ નીચે ચાર વર્ષ રહીને પોતાની ચિત્રકળામાં સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેમના તસવીર–કાર્યથી પ્રભાવિત થએલા શ્રીમંત સયાજીરાવ મહારાજે પોતાના કુટુંબની તસવીરો કરવા સારુ તેમને વડોદરા બોલાવી ભારતમાં વસાવ્યા. અહીં તેમને નવાબી કુટુંબનાં શ્રીમતી અતિયા બેગમનો પરિચય થયો. અતિયા બેગમની ભારતીય સંગીતની પ્રવીણતાથી મુગ્ધ બનીને તેમણે મુસ્લિમ ધર્મ અંગીકાર કરી તેમની સાથે લગ્ન કર્યાં, તે સાથે જ પોતાનું સૅમ્યુઅલ નામ ત્યજી દઈ ફૈઝી રહેમાન નામ ધારણ કર્યું.

નવાઈ જેવું એ છે કે સંપૂર્ણરીતે યૂરોપી કલાની તાલીમ પામેલા છતાં શ્રી ફૈઝી રહેમાને ભારતીય સંગીતની સૂરાવટમાંથી પૌર્વાત્ય ચિત્રશૈલીનો પ્રેમ કેળવ્યો અને સુકુમાર રેખાચિત્રોમાં રાગ–રાગિણી અને હિંદી પાત્રોનાં ચિત્રો કરવામાં નોંધપાત્ર સફળતા મેળવી તે ચિત્રોનું ઇંગ્લૅન્ડમાં પ્રદર્શન કર્યું. જૉન સાર્જેટ આંખ સામેની સૃષ્ટિની પાર જોવાની શક્તિ ધરાવતા નહોતા, પણ સ્થૂલ આંખની શક્તિ તો અસાધારણ ચોક્કસ હતી, ને હાથ ચમત્કાર કરી તે તેમને અધીન વર્તતો.



સ્વ. કલાકાર ફૈઝી રહેમાનનું એક રાગ-ચિત્ર: 'મેઘમલ્હાર'

પરંતુ જનાબ ફૈઝી રહેમાન તો આંખની યે પાર જોઈ શકતા અને અનંત પ્રાચીન સુધી પહોંચી શકતા, પણ તે વખતે હાથ ખચકાતો. દૃશ્ય જ્યારે દર્શનની સીમાએ પહોંચે છે ત્યારે યૂરોપનું શિક્ષણ આડું આવે છે, એટલે તેમણે રાગ–રાગિણીનાં ચિત્રો કરતાં ભારતીય શૈલીનો આધાર લઇને માનવ–તસવીરો કરેલી છે, અને તેમાં તેઓ વધુ ફતેહમંદ થયા છે.

તેમનું 'રાજપૂત સરદાર'નું ચિત્ર જુઓ: કેવી કુશળતાથી તેમણે ખાલી વિસ્તારમાં માનવપાત્રની આકારણી કરી છે! તેમાં સાર્જેટના શિષ્ય તરીકેના ચિત્રકારનો અને અતિયા બેગમે ઉપજાવેલી ભારતીયતાનો સુભગ સંયોગ દેખાઈ આવે છે. એક પક્કા ઉસ્તાદની ઢબે તેઓ તીક્ષ્ણ રેખાઓ ખેંચી શકે છે અને સપાટ રંગોથી આકૃતિને જે સાદગી આપે છે તે જોતાં અન્યના કૅનવાસ પરના અનેક રંગોના થપેડા નિરર્થક લાગે.

યૂરોપિય ઢબે કરેલી તેમની તસવીરો જુઓ તો મનાય નહિ કે રાગ-રાગિણીનાં કાલ્પનિક ચિત્રો કરનારનું તે કામ હશે. તસવીરકલામાં તેમનો હાથ પૂર્ણ સિદ્ધિ દાખવે છે. વડોદરાના રાજકુટુંબની તસવીરો, અમદાવાદમાં સ્વ. સર ચીનુભાઈના કુટુંબમંડળની વિશાળ તસવીર વગેરે તેમની યાદગીરી રૂપે લાંબા સમય સુધી સાંભરશે.

પ્રખ્યાત સ્થપતિ સર લશ્યન્સે નવું દિલ્હી બાંધ્યું તેના રાજભવનમાં તેમના હાથનાં



રાજપુત સરદાર
(તસવીર : સ્વ. ફૈઝી રહેમાન)

પાકાં ભીંતચિત્રો છે. તેમાં તેમણે જૂની રાજપૂત ક્લાપરંપરાનુસાર તે સ્થળના પથ્થરો-માંથી જ રંગ બનાવી વાપર્યા હતા.

ચિત્રકળાના નવા ફાંટાઓ તરફ તેઓ સાશંક રહેતા. તેઓ કહેતા કે આ નવા પ્રયોગો-નાં મૂળ ભૂમિમાં ઊતર્યાં નથી ને માનવ હૃદય-માંથી ઊગ્યાં નથી. ઘણા નવજુવાનોને તેઓ પોતાનાં જ્ઞાન અને અનુભવ આપવાને હમેશાં તત્પર રહેતા.

એમનો આત્મા શાંતિ પામો !

ર. મ. રાવળ

દક્ષિણ ભારતનાં શિલ્પો

આપણે સાધારણ રીતે દક્ષિણ ભારતની સંસ્કૃતિ ને ઇતિહાસનો યથાયોગ્ય અભ્યાસ અને પરિચય કરવામાં ઘણા જ પાછળ રહ્યા છીએ. સુવિદિત વાત છે કે ભારતનાં ઘણાં ધર્મધામો, શિલ્પધામો અને નિસર્ગધામો દક્ષિણ ભારતમાં જ છે, અને સિક્કાની એક જ બાજુની જેમ આપણે મોટે ભાગે ઉત્તર ભારત-ના જ નમૂના અને દૃષ્ટાંતો પર રાચીએ છીએ; પરંતુ જ્યારે દક્ષિણ ભારતના સમાગમમાં આવીએ છીએ ત્યારે જ ભાન થાય છે કે કેટલી યે સંસ્કૃતિ અને કલાશિલ્પનાં આદિ મંડાણ દક્ષિણ ભારતમાં થયાં હતાં અને ઇતિહાસનાં અંકોડા પૂરતા આજ પર્યંત તે મોજૂદ છે.

એક કાળે આખો ભારત, કાશ્મીરથી કન્યા-કુમારી સુધી, જ્ઞાન ધર્મ અને સંસ્કારના આદાનપ્રદાન તથા સંસ્કૃત ભાષાથી એક-રૂપતા અનુભવતો હતો અને તેની પ્રતીતિ કરાવતા શબ્દો અને સ્વરૂપો પ્રજામાં સહજ પ્રસરી ગયા છે. તેથી આ પુસ્તક[1] Heritage of Indian Artની માળાના ત્રીજા મણકા રૂપે પ્રસિદ્ધ થયું છે તે ઉચિત છે. તેના લેખક ડૉ. શિવરામમૂર્તિ સંસ્કૃત ભાષાના આરૂઢ જ્ઞાતા તેમજ સુપ્રસિદ્ધ પ્રાચીન વિદ્વાન હોવા ઉપરાંત હાલ ભારત સરકારના પુરાતત્ત્વ ખાતાના દિલ્હી કેન્દ્રના મુખ્ય નિયામક છે. તેમણે કાલિદાસના સાહિત્યને સાકાર કરતાં શિલ્પોનું સંશોધન કરી કલા-સાહિત્યનો એક નવો જ રસમય પ્રદેશ પ્રકટ કર્યો છે.

દક્ષિણ ભારતનાં પાંડ્ય, ચોળ, પલ્લવ, ગાંગેય, વાકાટક વગેરે મહારાજ્યોની કથાઓ, સાહિત્ય, તેમનાં પરાક્રમોનાં વર્ણનો તેમજ ધર્મ અને કળાનો તેમને મળેલો વિપુલ સમાશ્રય ઉત્તર ભારતનાં રાજ્યોને છાયામાં નાખી દે એવો છે. પરંતુ તેની સીધી અસરો નીચે ગુજરાત આવેલું નહિ હોવાથી અને ભાષાઓનો સમાગમ નહિ હોવાથી આપણે તેનાથી લગભગ સાવ અજાણ છીએ. તે દોષ નિવારવાને આવાં પુસ્તકોનું અધ્યયન અને પરિચય આવશ્યક બને છે.

'હેરીટેઇજ ઑવ ઇંડિયા'ની આ માળાનો પણ મુખ્ય આશય એ જ છે કે જે જે પ્રાચીન શિલ્પસ્થાનો પ્રવાસીના પંથમાં આવતાં ન



તિરુવ્યરમ્ કુરમ્ ખાતેનું પાંડ્ય સમયનું શિલ્પ : તાંડવ



ચોળીશ્વરમ્ મંદિરમાં દ્વારપાલ : ચોળ શિલ્પ

હોય છતાં જે જોવા લાયક હોય તેનો પરિચય અને પ્રતિષ્ઠા કરી તેનો પ્રસાદ મેળવવો. તદ્‌નુસાર 'કાળુગુમલાઇ' નામક એક પ્રાચીન સ્થળનાં પાંડ્ય સમયનાં પાષાણ–શિલ્પોનો આ પુસ્તકમાં સચિત્ર પ્રસ્તાર કરવામાં આવ્યો છે. સાધારણ વાચકને અનુકૂળ થવા માટે બહુ જટિલ સમસ્યાઓ દૂર રાખી શિલ્પની દર્શનાત્મક વિગતો તેમાં સમજાવી છે. દક્ષિણ ભારતના એક સરસ પ્રકારના ખંડ-નકશામાં સર્વ સ્થાનો દર્શાવ્યાં છે. પાંડ્ય રાજ્યોનો ઉલ્લેખ ઈ. પૂ. ૩ના અશોક સ્તંભોના લેખોમાં છે, મહાકવિ કાલિદાસના સાહિત્યમાં પણ છે.

ઉપર્યુક્ત માળામાં આવા જ શિલ્પાભ્યાસનું એક બીજું યે પુસ્તક છે: Four Chola Temples[2] પાંડ્યો પછીનાં મહારાજ્યોમાં પલ્લવ રાજ્ય આવે છે. એ રાજ્યવંશના નરસિંહદેવ રાજાના સમયનાં મહાબલિપુરમનાં ખડકમંદિરો સુપ્રસિદ્ધ ભારતીય શિલ્પ-સ્થાપત્યનાં નિર્માણો છે. પલ્લવોના રથાકાર દ્રવિડ-મંદિરો તે કાળનાં ઈંટ અને લાકડાનાં મંદિરોના ઘાટના અવશેષો છે. તે પછી ચોળ રાજ્ય પ્રકાશમાં આવે છે.


ચોળ રાજ્યનો પ્રારંભકાળ ઈ. ૮૫૦થી ૯૮૫નો છે, મધ્યકાળ ૯૮૫થી ૧૦૭૦ અને આખરી રાજવંશ ૧૦૭૦થી ૧૨૭૦ સુધી પહોંચે છે. ઉત્તર ભારતના ગુપ્ત સોલંકી સમયોના સમાંતરકાળમાં સર્જાએલું દક્ષિણભારતનું આ પાષાણ-શિલ્પ નિરાળી રીતે પ્રાદુર્ભૂત થયું છે, છતાં એકસરખી ધર્મભાવના ને ધર્મ-પ્રતીકોના કારણે પ્રતિમાઓ અને શિલ્પપ્રાસાદોમાં ભારતીય નિજસ્વ ને સ્તંભો, ગોલકો વગેરેની અલંકૃત આકૃતિઓમાં અંતર્ગત સામ્ય પણ જણાય છે. લેખકે કાળ-ક્રમ-બદ્ધ ઇતિહાસ અને વંશવૃક્ષો તેમજ શિલાલેખો અને સાહિત્યોલ્લેખો આપી ગ્રંથને અભ્યાસઘન બનાવ્યો છે. ભૂતળપટના નકશાઓ અને પ્રતિમાઓના મોટા બ્લૉક મોટી સંખ્યામાં આપી સામાન્ય વાચકને માટે પણ ઉપયોગી ને આકર્ષક બનાવ્યો છે. —ર. મ. રા.

---

(૧) "History of Kalugumalai and Early Pandyan Rock-cut Shrines' by C. Shivarammurti

(૨) 'Four Chola Temples' by S. R. Balasubramanyam

N. M. Tripathi & Co. (Pr.) Ltd., Princess Street Bombay-2 Rs. 12–50 and Rs. 14, respectively.



ન્યૂયૉર્કની ગગનચૂંબી (સ્કાઈ સ્ક્રેપર્સ) મહેલાતોના જંગલની મધ્યમાં, તાજેતરમાં નવું વેશાન્તર પામેલું 'મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટ'નું મકાન શાંત-સુંદર સર સમું સોહે છે. ઉપરના ચિત્રમાં તેનો સંવર્ધિત 'શિલ્પ-ઉદ્યાન' (સ્કલ્પ્ચર-ગાર્ડન) છે, જેમાં ડાબી બાજુ ઉપલા માળની અગાસી અને વચ્ચોવચ વિશાળ બારીઓવાળી તેની પૂર્વ પાંખનું દર્શન છે.

કલાકારો માટે પ્લાસ્ટિકના રંગ


ઇંગ્લૅન્ડની રીવ્ઝ ઍન્ડ સન્સ લિ. નામની પેઢીએ કલાકારો માટે પ્લાસ્ટિકના ખાસ રંગ બનાવ્યા છે. એની વિશિષ્ટતા એ છે કે રંગો ઘેરી છાયા માટે એ જ સ્વરૂપમાં વાપરી શકાય છે, તેમજ તેને પ્રવાહી બનાવીને પણ તેનો ઉપયોગ થઇ શકે છે. રંગ જલદી સુકાઈ જતા હોવાથી તેના ઉપર બીજા રંગનો ઢોળ પણ ઘણા થોડા વખતમાં આપી શકાય છે. રંગને પાણી સાથે કે બીજા ખાસ મિશ્રણ સાથે પણ મિશ્ર કરી શકાય છે અને કૅન્વાસ હાર્ડબોર્ડ, લાકડું, કાગળ કે ઍલ્યુમિનિયમ જેવી ધાતુ ઉપર પણ તે લગાવી શકાય છે. એટલે કલાકારો એને અનેક રીતે પ્રયોજી શકશે.

આ અંકના પૂઠા પરનું ચિત્ર


લઈને આવે છે એક નવા કલાભક્ત ભાઈ સુરેશ ઓઝા: 'કુમાર'નાં પાનાંઓ પર અવારનવાર આવી જનાર ચિત્રકાર દિવ્યકાન્ત ઓઝાના નાનાભાઈ. નબળી કલમને 'મૉડર્ન' ના ઓઠા નીચે વહેતી મૂકનાર કલાકારોને આંગળી ચીંધે એટલી તાલીમ, ધીરજ, ચોકસાઈ અને પ્રમાણભાન દાખવનાર આ નવા આગંતુકને અમારી પેઠે સૌ આવકારશે.

ટિકિટ સંગ્રહ






અણુપ્રયોગબંધી નિર્દેશતી સંયુક્ત રાષ્ટ્રસંઘ-ની, ૨૩મી ઑક્ટોબરે બહાર પડેલી ટિકિટ તથા તે અંગેનું ફર્સ્ટ-ડે કવર. (જમણી બાજુ) એના પરનાં આલેખનોની સૂચકતા સ્પષ્ટ ને સચોટ છે. (પ્રેષક: મધુ પંડ્યા, અમદાવાદ)



સંયુક્ત રાષ્ટ્રસંઘના બાળદિન નિમિત્તની પશ્ચિમ જર્મનીની આ ચાર રંગીન ટિકિટો પર મળ કિંમત ઉપરાંત વધારાની જે રકમ લખી છે તે આવક અસહાય બાળકોના લાભાર્થે વપરાશે. (પ્રેષક: ગિરીશ મોદી · ભારતની ટિકિટો સિવાયની ટિકિટના પ્રેષક: મધુ પંડ્યા)



માનવહક્કદિન નિમિત્તની લાઓસની ટિકિટ. નીચે: ટોગોલિઝની ટિકિટ. ત્યાંના પ્રમુખ અને અમેરિકાના પ્રમુખ કેનેડી—એ બંનેની હત્યા થોડા સમયના ગાળામાં જ થઈ હતી.







શતરંજના કોયડાનો ઉકેલ

1P-B7, R-R4ch. હવે સફેદ રાજાને ખસવા માટે પાંચ સ્થાન છે. આપણે એ પાંચે સ્થાન વિષે વિચારીએ.

2K-Q6? કે K-Q4?, R×Bch; 3 K×3, K-N2; 4K-Q6, K-B1; 5 K-B6 Stalemate.

2K-B6? R×B. હવે જો સફેદ કાળા હાથીને મારે તો 3 K×R, K-N2 પછી ઉપર પ્રમાણે ડ્રૉ થાય; અને જો ન મારે ને પ્યાદાને આગળ ચલાવે તથા વઝીર બનાવે તો 3R-B8 (=Q), R-B4ch; 4 K×R Stalemate. આમાં પ્યાદાને વઝીર સિવાય બીજું કોઈ મહોરું બનાવે તો પણ જીતવાની શક્યતા રહેતી નથી.

2K-N4? R-N5ch; 3 K-B4 (જો 3 K×R કરે તો તરત Stalemate થાય અને બીજું કંઈ રમે તો 3...R-B4 પછી પ્યાદું મરે.) R-N1; 4B-K6!, R-QB1!!; 5 B×R, K-N3. અને હવે પ્યાદું મરશે.

2K-B4! R-R8; 3 B-B6! (અત્યારે જો પ્યાદાને વઝીર બનાવે તો તે R-B8ch પછી તરત મરી જાય.) R-B8ch; 4 K-Q5, (અહીં K-N5 ન રમી શકાય. કારણ કે તેમ કરતાં કાળો 4..., R-N8ch પછી 5..., R-N1 રમીને રમત ડ્રૉમાં લઈ જઈ શકે.)

4..., R-Q8ch, 5 K-K6 (અહીં પણ K-K5 કે K-K4 ન ચાલી શકે, કારણ કે કાળો 5..., R-K8ch પછી 6... R-K1થી તેની પહેલી હરોળ ઉપર આવે, જેથી સફેદ વઝીર બનાવે કે તરત તેને મારી શકે.)

5..., R-K8ch; 6 K-B7, R-B8-ch: 7 K-N7, R-N8ch; 8 K-R7! અને જીતશે; કેમ કે હવે સફેદના રાજાને શેહ આપી શકાય તેમ નથી અને તેના પ્યાદાને વઝીર થતાં અટકાવી શકાય તેમ પણ નથી. 9 P-B8 (=Q), R-N1!થી રમત ડ્રૉમાં લઈ જઈ શકે. માટે રાજાએ સાતમી હરોળ ઉપર જ રહેવું જોઈએ. જો એ ભૂલે-ચૂકે આઠમી હરોળ ઉપર જાય તો રમત ડ્રૉ થાય.

સુરેશ મોદી

ડાબી બાજુ: નવી દિલ્હીમાં મળેલી ૨૨મી આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક કૉંગ્રેસ નિમિત્તની અને યુકેરિસ્ટ સમેલન નિમિત્તે નામદાર પોપ પૉલ છઠ્ઠાના ભારતમાં આગમન નિમિત્ત-ની ભારતે બહાર પાડેલી ખાસ ટિકિટો

ડૉન કિહોટેના પગલે પગલે

બાવનમી રંગ-ગઠરિયા છોડતા **ચન્દ્રવદન મહેતા**

આ લાયબ્રેરીની બાજુની ગલીમાં રેકોલેટોસ નામનું રેસ્ટોરાં. હું તો અમસ્તો પાટિયું વાંચી ત્યાં ચડી ગયો, તો એમાં ક્લબ, નાનકડું સ્ટેજ, પ્રેક્ષકોને બેસવા માટે સુંદર ઊતરતી-ચડતી જગ્યા, ને ઉપર રેસ્ટોરાં, જ્યાં બેઠાંબેઠાં પણ સ્ટેજ દેખાય. બપોરનો સમય એટલે ત્યાં નૃત્ય કે નાટક કંઈ નહોતું, પણ લાયબ્રેરીમાંના કીડા અહીં ભોજન આરોગવા આવતા હોય એમ જણાયું. ત્યાં મળ્યા રૂપર્ટ ક્રોફ્ટ કુક. દસ-પંદર નવલકથાઓના લેખક, દસેક આત્મકથાના લેખક, અને બીજા વિવિધ વિષયો ઉપર અવનવું લખનારા અંગ્રેજી લેખક. બારેના પ્રવાસી. ભારતમાં પણ સારા પ્રમાણમાં મુસાફરી કરેલી.

આત્મકથા તો એક જ હોય એ ખરું, પણ એમણે પોતાના જીવનનાં વિવિધ પાસાંને વ્યક્ત કરતી અલાયદા ભાગોમાં વહેંચી તબક્કે તબક્કે આત્મકથા લખેલી; બધી એક-બીજા ઉપર આધાર ન રાખે એ રીતે; એકમાં અમુક હકીકત પૂરી. એ પણ લખવાનો એક કસબ છે ને? શા માટે આત્મકથાનો લેખક 'હું કમેજ ગામમાં જન્મ્યો હતો; મારા પિતાનું નામ કરમદાસ; પહેલું કરમ મેં રમતાં રમતાં પથ્થર લઈ મારું કપાળ ફૂટ્યું તે; ને હું ધીમેધીમે મોટો થયો' એમ લખે? એમ ન લખે તો એને આત્મકથા ન જ કહેવાય!

કુક અને હું. અમને બેને જામતાં વાર નહિ લાગી. એનો પ્રવાસ-શૉખ? ઓહોહો! 'આપણે તે શા પ્રવાસ ખેડીએ છીએ!—'એમ જ એને સાંભળતાં અને એનાં લખાણો વાંચતાં થાય. ભારતમાંનાં પ્રખ્યાત મંદિરો, એની કોતરણી, એની બાંધણી; બુદ્ધનો વિષય લ્યો તો એની મૂર્તિઓ, એના મઠો, એની ફિલસૂફી, એની જાતકકથાઓ; યાત્રાધામોનું નામ દીધું તો હરદ્વારથી માંડી શ્વેત બિન્દુ રામેશ્વર સુધીની નામાવલી આપી દે...એટલે એને પણ મારી પાસે બેસી ખાવા-પીવાની મજા પડી. અને જ્યારે મેં મારો ત્યાં આવવાનો હેતુ સમજાવ્યો ત્યારે તો એ હાથમાંનો છરીકાંટો બાજુ ઉપર મૂકી બાઝી જ પડયો.

એમની પાસે શી વિગતો હતી, ભલા ભગવાન! આપણને એમ જ થાય કે આ તો છે બીજા ડૉન કિહોટે સાહેબ જ! પણ એવો અવળ-ચંડો વિચાર આપણને જ આવે – યૂરોપમાં નહિ. ત્યાં તો એ વિદ્વાન, સંશોધક, પંડિતમાં જ ખપે. ડૉન કિહોટેની શોધમાં નીકળેલા એ કુક સાહેબ (કિહોટે નીકળેલા સાહસોની શોધમાં, એમ એ કિહોટેની શોધમાં ભટકે) ભટકેલા. ક્યાં ક્યાં? જ્યાં જ્યાં ડૉન કિહોટેએ પોતાની ઘોડી રૉઝિનાન્ટને ઘુમાવેલી ત્યાં ત્યાં. કિહોટેએ કઈકઈ ધર્મશાળામાં રાતવાસો કરેલો, કોનેકોને કઇ જગ્યાએ પડકારેલા, એ બધાં સ્થાન શોધવા ને જગ્યા મુકરર કરવા એમણે બીડું ઝડપેલું, એટલે એમણે પ્રથમ પગલે તો કિહોટેની માફક જ રખડપટ્ટી શરૂ કરવાનું નિરધાર્યું.

લેખક તો એ પાકા, અનુભવ મેળવવાના કીમિયામાં એક્કા. તે એ તો પહેલા ગયા આફ્રિકા, સ્પેનની નીચે જિબ્રાલ્ટરની સામે ટાંગિયર બંદરે, ત્યાં પાસપૉર્ટ લેવાની અનેક હાડમારી ભોગવ્યા બાદ હોડી લઈ એ સ્પેનના અલ્જેસિરાસ બંદરે લાંગર્યા. ત્યાંથી ગયા કેડીઝ, ત્યાંથી સેવિલ, કારમોના, કૉર્ડોવા–એમ ફરતાં ફરતાં સ્પેનની મધ્યમાં આર્ગા માસિલા ડ આલ્બા ગામે પહોંચ્યા. આ જ લા માન્શા. અહીંથી જ આપણા શૂરવીર સર-નાઇટે ફાટતે પહોરે ઘોડેસવારી શરૂ કરેલી.

ત્યાં આપણા કુક સાહેબે તંબૂ નાખ્યા, ગામલોકને મળી કિહોટે-નું ઘર શોધી કાઢયું, એના પડોશી સાંકોની છાપરી નક્કી કરી, અને ત્યાંથી જ્યાંજ્યાં એ સર સાહેબે પવનચક્કીઓને ફટકારતાં, ઘેટાંના ટોળાના સરદાર ભરવાડને પડકારતાં, રસ્તે જતાં જન્મટીપ પામેલા કેદીઓને છોડવતાં એક વાર, બે વાર, ત્રણ વાર–એમ ત્રણ-ત્રણ વખત સવારી કાઢેલી, એ રસ્તે કુક સાહેબે સવારી કાઢી, તે છેક બાર્સિલોના સુધી એ જ રસ્તે ફરી આવ્યા. આર્ગા માસિલા ગામમાં એમણે સાંકોની વહુ ટેરેસાને પણ જોઈ. 'એ ભાગમાં તમને ઘેરઘેર ઠેરઠેર ટેરેસા જોવા મળે.' કુક સાહેબ કહે.

આ પ્રવાસ ખેડતાં કુક સાહેબને ડૉન અને સાંકોએ પગલાં માંડેલી જગ્યાઓ તો મળી, પણ એમની હોંશને આંચકો લાગે એવી હકીકત પણ સાંપડી. ના જી, એ આ જમાનામાં જન્મ્યા એટલે મોડા પડયા. ઈ. ૧૭૭૭માં પૅલિસરે એક નકશો બનાવ્યો હતો. અંગ્રેજ અનુવાદક વાટ્સે પણ ડૉન સાહેબનો રસ્તો તારવ્યો હતો. ૧૮૭૭માં એક અમે-રિકન ઑગસ્ટ જસાસીએ ડૉન કિહોટેની વાટેદોટે, અને ત્યાર બાદ સ્પેનના એક લેખક એઝારિને, અને ૧૯૩૬માં વૉલ્ટર સ્ટાર્કીએ એ રસ્તે પ્રવાસો ખેડી ડૉનનો પ્રવાસપંથ મુકરર કર્યો હતો; એટલું જ નહિ પણ કુક સાહેબને અભ્યાસ કરતાં એ પણ જણાયું કે ડૉન કિહોટે અમુક જ ધર્મશાળામાં ઊતર્યા હતા. એ સંબંધી તેમજ એમણે પાવન કરેલાં ગામડાંઓ સંબંધી, નિષ્ણાતો–પંડિતો વારંવાર વાદ-વિવાદે ચડયા હતા, એવા કે હાથોહાથની મારામારી જ બાકી; પરંતુ લખાપટ્ટીમાં તો તલવારબાજીને પણ શરમાવે એવી દલીલ-બાજી જમાવી હતી.

લાયબ્રેરીમાંથી રેસ્ટોરાંમાં, અને ત્યાંથી લાયબ્રેરીમાં, અને સાંજ પડતાં જોસે એન્ટોનિયો મહોલ્લામાં 'એલ સોટો' રેસ્ટોરાંમાં. એક દિવસ કુક સાહેબ હું અને શીરીન જમવા ગયાં, ત્યાં કુક સાહેબે મને સાંકોની ઓળખાણ કરાવી. હું તો ઠંડોગાર જ થઈ ગયો. 'સોટો'નો માલિક એને ઓળખે. ઓળખે જ ને? એ પણ અમારા ટેબલ ઉપર આવીને બેઠો, અને જાણે સર્વેન્ટિસની કલમ એના જીભેથી ઊકલતી હોય એમ એણે ચલાવ્યું. અલબત્ત, કુકે આ સોટોના માલિકને મારી ઓળખાણ આપી, અને શીરીનને પણ ઓળખાવી. અને એની ચતરા-બકાવલી જેવી સાડી જોઈને મલાગા શેરેઝનાં ઉત્તમ પીણાં અમારી સંમુખ મૂકી એણે તો પછી ચલાવ્યું:

'સિનોર મેત્તા! સાંકો ઇઝ હીઅર, ઇધર, યહાં, એવરીવેર. જુઓ પણે સાંકો. મારી પાસે બે સાંકો છે. દર સાલ હું સ્પેનમાં એક પ્રવાસ ખેડું. માડ્રિડથી ઉત્તરમાં સાં સાબાસ્તિન, તો દક્ષિણમાં એન્ડાલુશિયા, મુરશિયા. એમાં રસ્તે ગ્રાનાડા આવી જાય અને કાસ્ટિલિના પણ આવી જાય. જ્યાં જાઉં ત્યાં મારી નજર એક કોઈ સિનોરિટા પર નહિ, પણ ફક્ત સાંકો પાન્ઝા ઉપર: ભોળો ભટાક, તથા જમાનાનો ખાધેલો, ગોઠમડાગટ્ટી, બેઠી બાંધણીના શરીરનો, ઉપરાંત ચબરાક. સર્વેન્ટિસ-ના સાંકો જેટલી તો નહિ પણ થોડીઘણી કહેવતો ફડફડાફડ બોલી જાણનાર. ભલે એ સાંકો જેટલો ખાઉધરો હોય. પણ એ જો ખાવાનો શૉખીન હોય તો મેં પણ એ બેટ્ટમજીને શીશામાં ઉતાર્યો જ છે.'

'એટલે?' હું પૂછું છું. તો એ સિનોર પોતાના હાથની અદા કરી મને ભાંગ્યાતૂટ્યા અંગ્રેજીમાં અભિનયથી સમજાવે છે કે 'એ દાગીનાને હું પગાર પૂછું; અને માડ્રિડ આવવા તૈયાર થાય કે તરત એની બૅરી સિનોરિટા ટેરેસા-ઇસાબેલા-લોલિતા-મરીસા-મોનીકા-લીના-એલવીરા-રોસિટા જે હોય તેને પકડી મગાવું, અને એની હાજરીમાં સોદો સિફ્રે કરું.' 'શાનો?' હું પૂછું છું. તો એ મહાશય લલકારે છે કે 'અહીં મારા એલ ટોસોના રેસ્ટોરાંમાં નોકરી કરવા આવવાનો. પણે જુઓ પેલી પવનચક્કીઓ!' ખરેખર, મારે વહાલે ભીંત ઉપરથી ઊપસી આવતી આબાદ બનાવટની બે-ત્રણ પવનચક્કીઓ ત્યાં ખડી કરી દીધી હતી!

જી, એ દોડ્યો પોતાના ટેબલ ઉપર. ત્યાં જઈ કોઈ ન જાણે એમ જેવું એક બટન દબાવ્યું કે પેલી પવનચક્કી ફરવા લાગી! એને ફરતી રાખી એ દોડતો અમારી પાસે આવ્યો અને આગળ ચલાવ્યું: 'જુઓ: પેલો ચીતરેલો, ગધેડા પર મહાલતો, અસ્પાનિયાના ચૉકમાં જેવો પૂતળે બેઠો છે એવો જ કોઠમડો સાંકો! અને એવો જ આ અમારા રેસ્ટોરાંમાં કામ કરનારો સાંકો! એવા બે ગઠિયા છે. તે વારાફરતી સવાર-સાંજ અમારા મુલકનો ઉત્તમમાં ઉત્તમ શેરી વાઈન પીરસતો રહે, અને રોજની એકેકી નવી કહેવત એ પડકારતો રહે! હવે એમ છાસિયું મોઢું કરી તમે મારી તરફ જુઓ નહિ. આવો, પ્લીઝ ઊભા થાઓ'–એમ કહી, હાથ પકડી, એના અંદરના ખંડની હિસાબ-કિતાબ રાખવાની નાનકડી ઑફિસમાં લઈ ગયો. ત્યાં એનો સલામત ગલ્લો, અને એની બાજુ બે-ત્રણ પુસ્તકો. એમાં એક ડૉન કિહોટેનું અને બીજું સ્પેનની કહેવતમાળાનું. એમાંથી એ પોતે એક સરસ કહેવત એના સાંકોને કાઢી આપે, અને એ સાંકો સવાર પડે અને જે ઘરાક આવે એને મેળ જામે કે ન જામે તો યે પેલી કહેવત વાતવાતમાં સંભળાવી દે.'

મેં પૂછ્યું: 'દાખલા તરીકે કઈ?' તો આ એલ સોટોના માલિકને મોઢે કહેવતોનો માળો બાઝેલો, એમાંથી એક તરત જ ફટકારી: 'ગાટો મિયેડોર નુન્સા ઑામ મ્યુરેડોર.' ત્યાં શીરીને તરત એની અંગ્રેજીમાં એ જ તરીકાની કહેવત કહી: 'એ ક્લોઝ માઉથ કૅચિઝ નો ફ્લાઇઝ.' ટૂંકમાં મેં એમ બેસાડ્યું કે 'ઊંઘતી બિલાડીથી ઊંદર નહિ પકડાય'. એમ કહેતાં જ આ સોટોના માલિકનો દિમાગ ચમક્યો. તરત જ એક બીજી ફટકારી, જેનો અંગ્રેજી અર્થ થાય: 'એ ફૂલ મેઈક્સ મૅની.' એટલે કે 'એક મૂરખ સોને મૂરખ બનાવે.' એટલે હું પૂછું છું 'ભાઈ, આજની તમારી કહેવત શું છે?' એટલે એણે તરત એના કોઠમડા જેવા ભીમસેની સાંકોને બોલાવ્યો. હજી તો એ મહલાતો-ઝૂલતો ટેબલ સુધી આવે છે એ પહેલાં જ એણે એક કહેવત લલકારી, અને શીરીને એને ગુજરાતીમાં ઉતારી: 'દરેક ફેરિયો પોતાની સોયને વખાણે.' તો હું એ સિનોર દ સોટોને કહું છું, કે 'ભાઈ, એ જ પ્રમાણે, તમે તમારાં ખાનપાનનાં વખાણ કરતા હશો. જે રેસ્ટોરાંમાં જઇએ, એ કહે છે કે અમારી રાંધણી ઉત્તમ, અમારી વાનીઓ સર્વોત્તમ, અને અમારાં પીણાં શ્રેષ્ઠ તો શું, પણ શ્રેષ્ઠોમાં યે શ્રેષ્ઠોત્તમ!' આ સાંભળી એ સિનોર મૅનેજર કહે: 'બરાબર છે; વાંચો અમારો ડૉન કિહોટે. એમાં જ્યારે સાંકો અને ડૉન વચ્ચે સંવાદ ચાલે છે, ત્યારે સાંકો ઘણી વાર વ્યાકરણને ગીરે મૂકે છે, પ્રત્યયોને મોભે ચડાવે છે, અને ઉચ્ચારણમાં ભળતા શબ્દોને જ એક-બીજા સાથે ભેળવી દે છે. તમે જે આ શ્રેષ્ઠોત્તમ લગાવ્યું, એવા તો કંઈ પ્રયોગો અમારો સર્વેન્ટિસનો સાંકો ફેંક્યે રાખે છે.'

મને થયું કે સિનોરે મને દાઢમાં એક દીધી! એટલે મેં કહ્યું: 'ત્યારે આપે મને સાંકો સાથે સરખાવ્યો?' તો કહે: 'હાસ્તો, તમે સાંકો અને હું ડૉન કિહોટે! સાંકો જ્ઞાનનો ભંડાર હતો, શબ્દોની રસરમત સાથે એને શી પંચાત? ડૉન સાહેબના કોઠામાં ક્યાંક જાળાં બાઝેલાં હતાં, એ ખંખેરી નખાય તો એના જેવો હોશિયાર બીજો કોઈ નહિ. પણ પેલી સર નાઇટની પંથપ્રથાનું કોઠામાં એક કાળોતરું જાળું બાઝેલું, તે એને ધર્મશાળામાં લટકતી ભિસ્તીની પાણીની મસક તે પણ રાક્ષસરૂપે દેખાય, અને કદરૂપી ડલશિનિયા ડેલ ટોબોસો એને રૂપરૂપનો ભંડાર ભાસે! એમ અમને ડૉન કિહોટેઓને અમારો જેવો હોય તેવો માલ સ્વાદિષ્ટમાં સ્વાદિષ્ટ લાગે, એમાં આપ સાહેબને ખોટું લગાડવાનું કશું કારણ નથી. આ અમારો ઠંડો ગુશપાશો સૂપ પીઓ અને પછી કહો કે જીભ સ્વાદને પકડે છે કે સ્વાદ જીભને પકડે છે!'

ફૂક સાહેબે આ ઓળખાણ કરાવી એ પણ મને ઘણી ફળી. મારી મરજી મુજબનું ખાવાનું કરી આપવામાં આ રેસ્ટોરાં મને બહુ લાભદાયી થયું. સિનોર મૅનેજર કહેવતોનો બાદશાહ, સર્વેન્ટિસ હશે એમ જ; તો જ સાંકોના મોઢામાં સર્વેન્ટિસે ઠાંસી એમ આ સિનોર એના સાંકોના મોઢામાં ભરી શકે ને? કૂક સાહેબનો સાંકો માટેનો મત પણ સારો. કેટલાક એને ઢીલો-પોચો, બીકણ-ડરપોક માને છે; પણ ઘણા વિદ્વાનોનો મત છે કે સાંકોમાં સામાન્ય વ્યવહારનું ઘણું જ્ઞાન હતું, વ્યવહારુ સમજદારી ઘણી સારી. એટલે જ જ્યારે ડૉન કિહોટે કંઈ આડું વેતરી મૂકે ત્યારે એની જ સલાહ કામમાં આવતી. પણ વળી પાછા આપણે ડૉન કિહોટેના દાસ્તાનમાં અટવાયા. એ આખા પુસ્તકમાંનો અઢળક ખજાનો અહીં ઠાલવવા બેસીશું તો બીજા મહાભારતનો ગ્રંથ થઈ બેસશે, માટે કૂક સાહેબ સાથેની ચર્ચા અહીં જ પૂરી કરીએ. પણ શી રીતે થાય? એ જ અરસામાં હોલૅન્ડથી દસ-બાર વિદ્યાર્થીઓ અમારી હોસ્ટેલમાં ઊતરી પડ્યા, કૉલેજમાં રજા; ફરવા નીકળ્યા; તો ક્યાં, કે માડ્રિડ જઈ ત્યાંથી ડૉન કિહોટે જે રસ્તે ફર્યો ત્યાં જ સવારી હંકારવી! આ જાણ્યું એટલે એ ટોળીને કૂક સાહેબ સાથે ભટકાવી દીધી. એમનો માર્ગ સરળ થઈ ગયો.

લાયબ્રેરી; ત્યાંથી રેસ્ટોરાં; ત્યાંથી ઘર; લાયબ્રેરીમાં સંશોધન; બહાર ચર્ચા; એ આખા પરિશીલનને અંગે મનમાં એક ગૂંચ ઊભી થઈ, અને એનું નિવારણ શોધવું અઘરું થઈ પડ્યું. આ ડૉન કિહોટે, જેને લઈને હું અર્ધા સ્પેનમાં ઘૂમતો થઈ ગયો, પેલા ડચ છોકરાઓની ટોળી સાથે થોડે સુધી રખડવા હું પણ ખેંચાયો, રેસ્ટોરાંનો માલિક મુલકમાં રખડી-ભટકી શોધીશોધીને સાંકોના અવતાર જેવો મનેખ પકડી લાવ્યો, એનું ગામ એનો રસ્તો એણે રાતવાસો કર્યો એ ધરમશાળાઓ આજે હયાત છે એ જ એના જમાનામાં હતી એ નિશ્ચિત કરવામાં આવ્યું, તે કિહોટે એ મીથ—કપોળકલ્પિત કથા–એક કિસ્સો જ છે કે એ સત્ય હકીકત–એક ખરેખરી બનેલી ઘટના? કોણ જાણે! કેમ, કોણ જાણે? વિવેચકોએ તો બાપોકાર કહ્યું છે કે એ એક નવલકથા, એક દાસ્તાન જ છે. ઐતિહાસિક પણ નહિ, કોઈના જીવનચરિત્રના આધારે પણ નહિ. બાયરન, શેલી, તુલે લોત્રેક, વૅાન ગૅાઘ, વોલ્તેર, મૅન્ડલસોન, એમ જ મીનળદેવી, સિદ્ધરાજ, શિવાજી, ઔરંગઝેબ એવી ભલભલી વ્યક્તિઓ ઉપર નવલકથાઓ લખાઈ છે એવું પણ આમાં નહિ, કેવળ સર્વેન્ટિસના ફળદ્રુપ ભેજાની પેદાશ, મીથ જ. અને છતાં અહીં માડ્રિડ ગામમાં અને આસપાસ, અને બારસિલોનામાં, આજ સાડા ત્રણ સો વર્ષ થયાં છતાં એ મહાશય જીવે છે; એ જીવી ગયા છે એમ લોકો માને છે; એણે વાપરેલો ભાલો, એનું બખ્તર, એનું ટોપસ એ સંગ્રહસ્થાનમાં સંઘરાએલાં મોજૂદ છે; મશહૂર ચિત્રકારો ડોરે, દોમિયેર અને ગોયા જેવાએ પોતાની પીંછીથી એ વ્યક્તિને અને એના જીવનપ્રસંગોને રંગની

સૃષ્ટિમાં સાકાર કર્યા છે; કંઈક અજાણ્યા ચિત્રકારોએ પણ પોતાની પીંછી ચલાવી છે; એ મહાશય અને એના કારભારી બંને જીવી ગયા એ હકીકત છે; એક કપોળકલ્પિત કથા સત્ય-ઘટના બની ગઈ છે; અને જતે કાળે એ અસત્ય છે એમ ઠેરવવા કોઈ બીડું ઝડપશે તો ડૉન કિહોટે જ ભાલો લઈ એને પડકારવા દુનિયાના કોઈ ખૂણેથી એકાએક આવીને ખડા થઈ જશે!

અને અહીં આપણે હજી ચર્ચા કરીએ છીએ કે મીરાં દ્વારિકા આવી હતી, વૃન્દાવનમાં જીવા ગોસાંઈને મળી હતી, એણે પૂજેલી ગિરધર નાગરની મૂર્તિ (નાગર કે ના ગુણ એ તો પેટા ચર્ચા; એ જવા દઈએ) આજે ક્યાં? અખા ભગત જયપુર ગયા હતા: કયા રસ્તે? બનારસના બ્રહ્માનંદ મહારાજ કિયા? હતા ખરા? દયારામે કેટલા પ્રવાસ ખેડેલા? એની કોઈએ તૈયાર કરેલી સિલસિલાબંધ માહિતી?

રે જીવ! વળી નાહકની જીભાજોડીમાં ચર્ચા કરવા લલચાયો? આ નશ્વર જગતમાં અમર અક્ષય છે જ શું? મેલો ને પંચાત! આવી અવળચંડી મેણાંમારીમાં ઊતરવું એ ઠીક નથી. આપણે આપણા ડૉન કિહોટેને જ વળગી રહીએ. એનું ઘર નહિ છતાં એનું ઘર ઠોકી બેસાડ્યું છે—સાડી ત્રણ સો વર્ષ પહેલાંનાં એના લેખકના વર્ણન ઉપરથી. સારાગોઝા પાસેની ધર્મશાળામાં, અને એવી બીજી ઇમારતોમાં જ્યાં એ ગયા ત્યાં એના નામનાં પાટિયાં પણ ચોંટાડી દીધાં છે.

એ જમાનામાં લેખકની કમનસીબી તો જુઓ: પંદર વર્ષે પહેલો ભાગ પૂરો કરી પ્રગટ કર્યો ત્યારે એને તો જે પહેલી પ્રતના થોડા પૈસા મળ્યા એ જ. તે જમાનામાં વળી કૉપીરાઈટ કેવો? એટલે સોળ સો બારમાં બીજી બે-ત્રણ આવૃત્તિઓ વળી જુદી જુદી ભાષામાં પ્રગટ થઈ. તો યે લેખકને મળ્યો અલ્લાયો! પણ પુસ્તક લોકપ્રિય થયું, એક વર્ષમાં પાંચ આવૃત્તિઓ ખપી, ત્યારે ડૉન કિહોટેને મળ્યા એવા ગઠિયા-ઠગારા સર્વેન્ટિસને પણ મળ્યા. તે એવી રીતે કે પોતાના પુસ્તકનો બીજો ભાગ જ્યારે એ લખી રહ્યા હતા ત્યારે કોઈ એક ધુતારા લેખકે આવેલાનેડાનું બનાવટી નામ રાખી, તાબડતોબ એ જ પાત્રો લઈ બીજો ભાગ પ્રગટ કરી નાખ્યો! સાઠ ઉપરની ઉંમર, ગરીબી, ઘરસંસારમાં કજિયા, તબિયત લથડેલી, આંખોનું નૂર જવાની તૈયારી—એવે વખતે કોઈ અદેખા નાપાક ધૂર્ત લેખકે આવું હિચકારું પગલું ભર્યું. પહેલા ભાગને છેડે લેખકે ડૉન મહાશયને સારાગોઝા ફેરવવાની સૂચના કરેલી, તે જ પ્રમાણે આ છૂપા નામધારી લેખક ડૉનને સારાગોઝા લઈ જઈ ત્યાં સર-નાઈટો સાથે મુકાબલો કરાવેલો.

સર્વેન્ટિસને આ ભાગ પ્રગટ થયાની ખબર થતાં જ, સારાગોઝાની નજીકની ધર્મશાળામાં ડૉન સાહેબનો કબઠાર પડ્યો હતો ત્યાં સુધી પોતે દાસ્તાન લખેલું, ત્યાંથી જ એણે બાજી બદલી; અનેએ ધર્મશાળામાં ડૉન કિહોટેને એક બીજા શખસ ડૉન જેરોનિમો મળે છે તે કહે છે કે 'આપ સારાગોઝા સરનાઇટોના મુકાબલામાં જવાના છો? તો ડૉન કહે છે, 'એ બીજા, કોઈ લેભાગુ, મારું નામ ધારણ કરી મને ઉતારી પાડનાર બનાવટી ડૉન કિહોટે, હું નહિ. જેણે એવા ઉલ્લેખો કર્યા હોય તે બિનઆધાર, પારાવાર જૂઠ્ઠા. હું તો ચાલ્યો બાર્સિલોના તરફ. મારે તો એથી પણ મોટાં કામો ફતેહ કરવાનાં છે, સાહેબજી!' ને આમ મામલો પલટાવી નાખી, ઝપાટાબંધ બીજો ભાગ પૂરો કરી પ્રગટ કરી નાખ્યો.

સાડા ત્રણ સો વર્ષ બાદ પણ આજે યે આવી ચોરીઓ ક્યાં નથી થતી? નવલકથાઓ ઉપરથી ફિલ્મવાળાઓએ તો આ દિશામાં હદ જ કરી છે. ચોર-લૂંટારુઓ ધનદોલતની કે દરદાગીનાઓની જેમ સીધી ચોરી કરે છે, એમ સાહિત્યની સૃષ્ટિમાં પણ ધોળા દિવસની લૂંટફાટ થાય છે જ. 'ક્વેસ્ટ ફૉર કિહોટે'ના આપણા રૂપર્ટ ક્રૂક સાહેબના પુસ્તકમાં સર્વેન્ટિસની આ હકીકત નોંધતાં, સાથેસાથે એમણે આ જમાનામાં પોતે જ્યારે મુંબાઈમાં હતા ત્યારે એક વયોવૃદ્ધ મરાઠી લેખકે જાતે એમની આગળ પી. જી. વૉડહાઉસની કૃતિઓમાંથી ભારોભાર કિસ્સાઓ ઉઠાવી લેવાની હકીકત જે બહાદુરીથી કરેલી છે, એ ઘટના પણ આપણી આબરૂની ટકોર કરતાં એમણે નોંધી છે.

એક દિવસ સવારે અમે લાયબ્રેરીમાં જવાનું માંડી વાળી સેંકડો ખંડોવાળો રૉયલ પૅલેસ જોવા ઠરાવ્યું. શીરીનની પડોશમાં, એટલે એ પણ હતી. ત્યાં ગોયાનાં બેનમૂન ચિત્રો તો જોયાં, પણ એ આલીશાન રાજમહેલમાંની અસલી રાજ-લાયબ્રેરીમાં પણ ડૉન કિહોટે બેઠા છે. દરેક ખંડનું વર્ણન, એની બાંધણી, એનું કોતરકામ એ વિશે અહીં ઇશારો સરખો કરવો પોસાય એમ નથી, એટલે આપણે સીધા લાયબ્રેરીમાં અમને આવકારવા એક ગૃહસ્થ રાહ જોતા હતા, ત્યાં જ પહોંચી જઈએ. ડૉન કિહોટેની યુરોપમાં આવૃત્તિઓ પ્રગટ થઈ, એની ફ્રેન્ચ લેખક રૂસોએ ખરીદેલી, એમ ખ્યાતનામ લેખકોએ ખરીદી પોતાનો સિક્કો મારેલો એવી નકલો પણ અહીં સંઘરેલી જોવા મળી. રૂસોવાળી નકલ માટે વળી મતભેદ છે; કયો રૂસો? મૂળ નામાંકિત કે એનો ભાઈ? એ ઉપરાંત ઇંગ્લંડ અને સ્પેન વચ્ચે અવારનવાર બેટી-વ્યવહાર થયા કરતો: અહીંની રાજકુંવરી ત્યાં પરણે કે ત્યાંની રાજકુંવરી અહીં સાસરે આવે. એમ જર્મન રાજકુટુંબોમાં પણ લગ્નો થએલાં. ત્યારે પલ્લાં-પહેરામણીમાં જે કંઈ અપાએલું, ભેટ-સોગાદમાં જે કંઈ મોકલાવાએલું એમાં, સોનાના પતરામાં મઢાએલા, ને ઉપર મોતીના ચોક પુરાએલા એવાં 'ડૉન કિહોટે' હીરાજડિત અક્ષરોમાં ઝગઝગતા જોયા. ચાંદીનાં પૂઠાં, માણેકજડિત પૂઠાં, એવી રાજકુંવરીઓને ભેટમાં મળેલી ડૉન કિહોટેની પોથીઓ અહીં સંઘરેલી રાખવામાં આવી છે. કિહોટેનાં ચીતરામણોવાળી હાથે ચીતરેલી જાતજાતની આવૃત્તિઓ જોઈ આંખ ઠારી બહાર નીકળ્યા ત્યારે રાજમહેલના મેદાનને જમણે ખૂણે એક વિશાળ ખંડમાં પુરાણી આરમરી, એમાં સાઠ-સિત્તેર ઘોડાનાં બખ્તરો, ને સેંકડો સરનાઇટનાં ભાલાં-કવચો, ટોપસ-તલવારો, એમાંના માનવ વગર ઠેસણ-ઠેકા ઉપર ખડાં રાખેલાં, એમાંનું એકાદ બખ્તર તો શું પણ એમાંનો એક ભાગ પણ મારા જેવાની છાતીએ કે માથા પર પહેરાવવામાં આવે તો પાંસળી ભાંગી જાય યા કનેરું ફૂટી જાય એવાં જાલીમ લોખંડી તોતિંગ બખ્તરો પણ જોયાં; ને એમાંનું એકાદ જરૂર ડૉન કિહોટેએ પણ પહેરીને પાવન કર્યું હશે એવો ભ્રમ પણ સેવ્યો.

એ આપણા ડૉન કિહોટે, એનાં પરાક્રમ વિષે કશીક વાંચવાનું થાય તો વાંચ્યા બાદ એના સર્જક સર્વેન્ટિસને પણ સાથે યાદ કરજો. એ જીવ્યો ત્યારે ન કોઇએ એને યાદ કર્યો, મર્યો ક્યાં એની પાકી માહિતી મળતી નથી, પરંતુ ૧૮૪૦માં પ્રગટ કરનાર ચાર્લ્સ જારવિસ એની પ્રસ્તાવનામાં નોંધે છે કે મૃત્યુ બાદ આઠ-દસ વર્ષે રહી યૂરોપભરમાં તેમજ દક્ષિણ અમેરિકામાં એની કીર્તિ પ્રસરી, ત્યારે માડ્રિડ, સેવિલ, ટોલેડો, લ્યુસેરી, એસ્કીવિયાસ, અલકાઝાર, કોન્સુએગ્રા, ને અલકાલા ડ હેનારસ—આટલાં આઠ ગામોના લોકોએ સર્વેન્ટિસ પોતાના ગામમાં જન્મ્યો હતો એવી દલીલો અને સાબિતીઓ આપી દાવો નોંધાવ્યો હતો! હકીકતે એ માડ્રિડ પાસે અલકાલા ડ હેનારસ ગામમાં શેક્સપીઅરના જન્મ પહેલાં સત્તર વર્ષ આગળ, ૯મી ઑક્ટોબર ૧૫૪૭ના રોજ જન્મી શેક્સપીઅરના ગુજરવાના સપ્તાહમાં એપ્રિલ ૧૬૧૬માં મરણશય્યામાં પોઢ્યો.

(ચાલુ)

માંસાહાર

આહાર અને આરોગ્ય ૫૯

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

- **એમાં** શરીરને આવશ્યક ખનિજો અને વિટામિનોની ઓછપ છે.
- **એનાથી** શરીરને ઝડપથી ગરમી મળે છે, પણ તે લાંબો સમય ટકતી નથી.
- **એના** વધુકા પ્રમાણથી મંદતા, આળસ અને ભારેપણું પેદા થાય છે.
- **એનાથી** રોગિષ્ટ જીવાણુઓનું પ્રમાણ વધી આંતરડાંમાં સડો પેદા થાય છે.
- **આપણા** ગરમ પ્રદેશમાં એ મોંઘો અને બિનજરૂરી છે.

"તગડો" બનેલો માંસાહારી થોડા શ્રમથી થાકી જવાનો એક દાખલો કાકા કાલેલકરે આપેલો છે: 'મહારાષ્ટ્રના મલ્લોને કોઈ પહોંચી શકતું નહિ, પણ પંજાબના પહેલવાનો પાસે તેઓ હારી જતા. મહારાષ્ટ્રીય મલ્લો એ કારણે એનો ભેદ શોધવા છેક પંજાબ પહોંચ્યા. તો ત્યાં તેમને જણાયું કે માંસાહારથી પંજાબીઓ તગડા બને છે, ક્ષણિક જુસ્સો પણ મેળવે છે; પણ સાથે એ પણ જાણી લીધું કે તેઓ પાડાની જેમ જલદી થાકી પણ જાય છે. આ પછી મહારાષ્ટ્રીય મલ્લો પંજાબી મલ્લો સાથે કુસ્તી કરતાં પ્રથમ બચાવ જ કરતા અને જ્યારે પંજાબીઓ થાકી જતા ત્યારે જોર અજમાવી મહારાષ્ટ્રીય મલ્લો ચડી બેસતા. પરિણામ એ આવ્યું કે પંજાબી મલ્લો પછી મહારાષ્ટ્રમાં આવવાની ખો જ ભૂલી ગયા.' (ર. મ. શાહ) બિલપિકરીંગ, મરે રોઝ, નુરમી, અર્નીબોર્ગ, ડેવ કીલર વગેરે નામાંકિત કસરતબાજોનાં શારીરિક વિકાસ, બળ અને સહનશક્તિ વનસ્પત્યાહારને આભારી છે.

લાંબું જીવન જીવવાની કોની ઇચ્છા નથી હોતી? પણ લાંબી જિંદગી એ વૃદ્ધાવસ્થાની કમજોરીવાળી નહિ પણ જુવાનીની જોમભરી કામગીરીવાળી ઇચ્છનીય છે. ફળો, શાકભાજી અને દૂધના વનસ્પત્યાહારથી એ સંભવિત હોવાનું ડૉ. શર્મનનું કથન છે. દીર્ઘ અને કામગરું જીવન માત્ર માંસાહારથી શક્ય છે એવું કહેનારા સામે પ્રતિઉત્તર માટે વનસ્પત્યાહારથી લાંબું ને ઉપયોગી જીવન જીવી ૯૪ વર્ષની ઉંમરે અવસાન પામેલા જ્યૉર્જ બર્નાડ શો અને ભારતના શતાયુ એમ. વિશ્વેશ્વરૈયા જ્વલંત ઉદાહરણરૂપ છે. માંસાહાર અને દૂધમાંથી પ્રાણીજ પ્રોટીન પામતા પણ વધારે પ્રમાણમાં ફળો શાકભાજી ને અનાજમાંથી પોષણ મેળવતા ભારતની વાયવ્ય સરહદના હુંઝા લોકો વિસ્મયાવહ નિરામય અને અસાધારણ દીર્ઘજીવી છે, જ્યારે ખોરાકમાં ૯૦ ટકા માંસાહાર કરતા અમેરિકાના એસ્કિમો પચ્ચીસની ઉંમર સુધી યુવાન લાગે છે, પણ પાંત્રીસની વય થતાંમાં તો જુવાની કૌવત ને કુશળતા ખોઈ બેસી, આળસુ અને થોબડ બને છે અને આર્ટરીઓ સ્ક્લૅરૉસિસથી પીડાતા ઘરડા દેખાય છે. સરાસરી, તેઓ વીસ વર્ષ જીવે છે!

આમિષાહાર માટે માનવી સરજાયો છે કે નહિ એ વિવાદાસ્પદ મુદ્દો છે. વનસ્પતિસૃષ્ટિ વચ્ચે ઉછરેલો આદિ માનવ ફળ-ફૂલ અને પાંદડાં ઉપર જીવતો હશે. લાખો વરસો અગાઉ હિમયુગના સમયે પૃથ્વી ઉપર જ્યારે વનસ્પતિસૃષ્ટિ નાશ પામી ત્યારે બચી ગએલા થોડા માનવો જીવન ટકાવવા માનવભક્ષી અને માંસભક્ષી બન્યા હશે. પછી ઘણાં વરસો બાદ પશુપાલક તરીકે જીવન વીતાવતાં માનવ ખેતી શીખ્યો હશે. ખેતી ને પ્રાણીઉછેરમાંથી માનવના સામાજિક-આર્થિક જીવનનો વિકાસ થયો. આ સમય દરમિયાન ખોરાકમાં વનસ્પતિ ખાદ્યો વધતાં ગયાં, આમિષાહારમાંથી મિશ્ર આહાર થયો ને દેશ અને કાળ પ્રમાણે ભારતીય લોકો નિરામિષાહારી બન્યા છે. હિંદમાં આ વર્ષમાં મળેલા રાષ્ટ્રીય શાકાહારી સંમેલનના પ્રમુખ ડૉ. સર સી. પી. રામસ્વામી આયર દેશના ૮૦ ટકા લોકો ધર્મ, રૂઢિ, નીતિ, માનવતા, તંદુરસ્તી કે આર્થિક કારણોસર શાકાહારી હોવાનું અને ખુદ માંસાહાર કરનારા પણ ૮૦ ટકા શાકાહાર કરતા હોવાનું કહેલું છે. ગુજરાત, મારવાડ, દક્ષિણ હિંદ અને ઉત્તર હિંદમાં ઉપલા વર્ણોમાં વનસ્પત્યાહાર જ વિશેષ છે ને જૈનોમાં તો સર્વત્ર જોવા મળે છે. વિનોબાજી કહે છે: 'ગુજરાતની જનતાએ માંસાહારનો પૂરેપૂરો ત્યાગ કર્યો એ ઘટના આખા જગતમાં કેવળ ગુજરાતમાં જ બની છે. ગુજરાતની એ વિશેષતા છે કે કઠણમાં કઠણ પરિશ્રમ કરનાર અહીંના ખેડૂતોનો જે જનસમુદાય છે તેણે પણ માંસાહાર છોડી દીધો છે. આ ઘટના નાનીસૂની નથી.'

વાસ્તવમાં માનવ આમિષાહારી નથી. શરીરરચનાની દૃષ્ટિએ તે નિરામિષાહાર માટે સરજાયો છે. નિરામિષાહારી તરીકે તેની ઉત્ક્રાંતિ થએલી છે. આમિષાહારી ને નિરામિષાહારી પ્રાણીના ભેદ આ પ્રમાણે છે: હિંસક પશુઓની જેમ ભક્ષ્યને મારવા વનસ્પત્યાહારી પ્રાણીને નથી પંજા કે નથી નહોર. માંસભક્ષી પ્રાણીઓના દાંતના ઘાટ કરતાં એમના દાંત જુદા પડે છે. માનવના દાંત તો વનસ્પત્યાહારી વાનરને મળતા આવે છે. માંસભક્ષી કરતાં વનસ્પત્યાહારી પ્રાણીનાં આંતરડાં ઘણાં લાંબાં છે; કારણ કે તેના કુદરતી ખોરાકમાંથી પોષણ ધીમેથી શોષાય છે. વળી માંસાહારીની જેમ વનસ્પત્યાહાર જીવાણુઓથી વિષમય થયો ન હોવાથી વિષમયતા ઉપજાવતો નથી. માંસભક્ષી પ્રાણીઓની લાળ આમ્લિક છે, વનસ્પત્યાહારીઓની નથી. વનસ્પત્યાહારી પ્રાણીઓની લાળમાંના ટાયલિન આથવણથી સ્ટાર્ચમાંથી શર્કરા પરિણમે છે. આ આથવણ માંસભક્ષી પ્રાણીઓની લાળમાં નથી. માંસભક્ષી પ્રાણીઓના જડબાં માત્ર ઉઘાડ-વાસ થાય છે જ્યારે માનવ સહિત વનસ્પત્યાહારી પ્રાણીઓની જડબાંની બાજુની ગતિ હોવાથી ખોરાક ચવાય છે, લાળ પેદા થાય છે અને ટાયલિન આથવણથી સ્ટાર્ચનું થોડું પાચન પણ થાય છે. વનસ્પાત્યાહારી પ્રાણી કરતાં માંસભક્ષી પ્રાણીમાં હોજરીનો જઠરરસ દસ ગણો વધારે હોય છે.

શક્તિ અને શરીર બાંધનારા પદાર્થ તરીકે આર્થિક દૃષ્ટિએ માંસ એ મોંઘો ખોરાક હોવાનું હચિન્સનનું કથન છે. આમાં કસાઈ ને ત્યાંથી આણેલા માંસમાં ૧૭ થી ૨૦ ટકા પ્રમાણમાં હાડકાં અને બીજા અખાદ્ય ભાગો તથા સસલાં જેવાં નાનાં પ્રાણીઓમાં અંદરનાં અવયવોનાં મોટાં કદ નકામાં જતાં હોવાની ગણતરી છે. બીજી વાત: અત્યારે વસતિ-વધારા સાથે અન્નની અછતનો પ્રશ્ન છે. આ સમયે ખોરાક માટે પૂરતા અનાજ માટે જેટલી જમીન જોઈએ તેનાથી ચાર ગણી વધારે જમીન ભક્ષ્ય પશુઓના ચરાણ માટે જોઈએ. અનુમાન છે કે અત્યારે દુનિયામાં અનાજ-ઉત્પાદન માટે માણસ દીઠ એક એકર જમીન આવે એમ છે. માંસાહારીને માથાદીઠ ૧·૬૩ એકર જમીન જોઈએ, તો નિરામિષાહારીને માત્ર ૦·૫ કે ૦·૬ એકર જમીન. માંસાહારીની ૧·૬૩ એકર જમીનમાંથી ૧·૩ એકર માંસાહાર પૂરો પાડવા જોઈએ, જ્યારે નિરામિષાહારીની થોડી જમીનમાંથી ઢોરનો ઉછેર થવાથી દૂધની પ્રાપ્તિ પણ સંભવિત છે. આમિષાહાર અને નિરામિષાહારના ઉત્પાદનની સરખામણી પણ જાણવા જેવી છે. એક વર્ષભરનાં ઘઉં, કઠોળ કે માંસ મેળવવા

માનવીએ કેટલી જમીન ઉપર કેટલા સમય સુધી કામ કરવું જોઈએ તે નીચેના કોઠા ઉપરથી સ્પષ્ટ થશે :

ખોરાકની જાત	જમીનનો વિસ્તાર	કામના દિવસો
ઘઉં	એક એકર	એક દિવસ
કઠોળ	ત્રણ એકર	ચાળીસ દિવસ
માંસ	વીસ એકર	ચાળીસ દિવસ

એક ટન ગોમાંસ ઉત્પન્ન થવા માટે જેટલી જમીન ને સમય ફાજલ પાડવાં જોઈએ એટલામાં દસથી બાર ટન પોષણદાયી અનાજ પકવી શકાય. 'ગોકરુણાનિધિ'માં સ્વામી દયાનંદ સરસ્વતીએ તારણ કાઢયું છે કે 'એક ગાયના દૂધથી અને તેના બળદો દ્વારા થએલા અનાજથી ૪૧૦ થી ૪૪૦ માણસોને એક ટંકનું ભોજન આપી શકાય, જ્યારે એક ગાયના માંસથી માંડ એંસી માણસો એક વાર તૃપ્ત થઈ શકે છે.' આ હકીકત જાણ્યા બાદ માંસાહાર મોંઘો હોવાની સ્પષ્ટતા થશે.

આમ હોવા છતાં ઇન્ડિયન મિનિસ્ટ્રી ઑવ ફૂડ ઍન્ડ એગ્રિકલ્ચર લખે છે : 'ભારતીય જનોને માંસની પ્રાણરક્ષક ઉપયોગિતા છે, કારણ કે તેમનો ખોરાક પ્રથમ પંક્તિના પ્રોટીનોની ઊણપવાળો છે અને તે તેમને માંસમાંથી સહેલાઈથી મળે છે.' આ માટે નૅશનલ પ્લાનિંગ કમિટીના રિપોર્ટમાં 'લોકોની ધર્મભાવના બદલી નાખીને અને ખોરાકમાં પરિવર્તન કરાવીને તેમને માંસાહાર તરફ વાળવા'નું લખેલું છે. આ વિધાનો કેટલાં શોચનીય અને ગેરરસ્તે દોરવનારાં છે!

ખ્યાતનામ આહારશાસ્ત્રી સર રૉબર્ટ મૅક્કૅરિસન 'પ્રોટીનના મુખ્ય સાધન તરીકે માંસના વપરાશને બિન-જરૂરી ને બિન-ઉપયોગી' ગણાવે છે. 'શરીરની પ્રોટીનની જરૂરતો પ્રાણિજ ખોરાકમાંથી મેળવવી જરૂરી નથી; એમાંની એક તૃતીયાંશ જરૂરત સંતોષાય તો પૂરતું છે. વળી, પ્રથમ પંક્તિનાં પ્રોટીનો માંસમાંથી મળે એ પણ અગત્યનું નથી. દૂધનાં પ્રોટીનો શ્રેષ્ઠ છે; એની હાજરીમાં વનસ્પતિ-ખોરાકનાં પ્રોટીનો સુધરે છે; એટલે દૂધ અને પનીરની વપરાશ ઘણી વધવી જોઈએ. સોયાબીન, કઠોળ અને કવચવાળાં ફળો ને સારાં પ્રોટીનો વધુ વાપરવાં જોઈએ.'

દૂધની અછતની દલીલ કરનારને ડૉ. મિલ્ડ્રેડ મેક્રાઈ કૈથાનનું કથન વિચારવાનું છે : 'શાક ધાન અને કઠોળનાં ઓછાં માફક આવતાં પ્રોટીનોના શોષણમાં સહાયક નીવડવા ભાજીનાં શાક વાપરવાં. આહારમાં જરૂરી ગણાતાં ૧/૫ ભાગનાં પ્રાણિજ પ્રોટીનનાં એ પુરવણીરૂપ નીવડે છે. દૂધની અછત પૂરવા લીલોતરી-ભાજી ને કાચાં શાક વાપરવાં.'

ખોરાક શરીર બાંધનારો હોવા સાથે મન અને આત્મા ઉપર પણ અસર ઉપજાવે છે. પ્રાચીનોએ આ બાબત આમ કહી છે : આહારની પવિત્રતાથી મનની પવિત્રતા રહે છે અને મનની પવિત્રતા ઉપર સ્મૃતિ સ્થિર થાય છે. (आहार शुद्धौ सत्त्वशुद्धि सत्त्व शुद्धौ ध्रुवा स्मृतिः ॥) મન ઉપર થતા પ્રભાવ અનુસાર ગીતામાં ખોરાકના સત્ત્વ, રજસ્ અને તમસ્-એવા ભેદ વર્ણવેલા છે. આ સૂક્ષ્મ બાબત છે; પણ પોષણની સ્થૂલ બાબત મૅક્કૅરિસને આ પ્રમાણે વર્ણવી છે; 'ખોરાકની અસર મનની કામગીરી ઉપર પડે છે. કેટલીક જાતના ખોરાક મનની કામગીરીને વેગવંતી કરનારું યોગ્ય દ્રવ્ય પૂરું પાડે છે. તાજાં વિટામિનો અને કૅલ્શ્યમ-ફૉસ્ફરસ યુક્ત તથા માંસ વગરના સાદા ખોરાકથી મન શ્રેષ્ઠ કામ કરે છે.' સાત્ત્વિક ખોરાકથી આધ્યાત્મિકતા પ્રાપ્ત થાય છે. માનસિક ઉચ્ચ ભૂમિકા અને આધ્યાત્મિકતાને સાત્ત્વિક આહાર સાથેના સબંધની વિચારણા વખતે પિથાગોરસ, સૉક્રેટિસ ને પ્લેટો વગેરે પ્રાચીનોએ અને રૂસો, થૉરો, ટૉલ્સ્ટોય, જ્યૉર્જ બર્નાર્ડ શૉ, આલ્બર્ટ શ્વાઇટ્ઝર વગેરે અર્વાચીનોએ માંસાહારને વખોડ્યો જ છે.

'જીવમાત્ર એક છે. નાનામાં નાના જીવને પણ જીવવાની જિજીવિષા છે, સર્વ જીવોને સાથે રહેવાનો અધિકાર છે અને જીવહત્યા એ પાપ છે, અધર્મ છે.' આ ધર્મ-શાસ્ત્રનાં વચનોના પગલે પગલે જીવન-વિકાસના ઇતિહાસમાં હિંદુઓએ માંસાહાર છોડયો છે; પશુને માર્યા વગર શરીરની પ્રાણિજ પદાર્થની જરૂર તરીકે ખોરાકમાં દૂધને સ્વીકાર્યું છે. કાકા કાલેલકર કહે છે કે દૂધના આધાર ઉપર જ મનુષ્ય માંસાહારનો ત્યાગ કરી શક્યો છે. દૂધ આપનાર ગાયને પૂજનીય બનાવી દરેક હિંદુએ ગોમાંસને નિષિદ્ધ લેખ્યું છે.

ભારતીય સંસ્કૃતિએ માંસાહાર અને દારૂના વ્યસનને વર્જ્ય ગણ્યું છે. એની અસર નીચે આજ સુધી ઊંચા વર્ણનો હિંદુ જાહેરમાં માંસાહાર કરતાં અને દારૂ પીતાં શરમાય છે. વળી, આહારશાસ્ત્રનો પણ માંસાહારને સયુક્ત આહાર તરીકે ટેકો નથી.

કૃત્રિમ જીવોત્પત્તિ (અનુસંધાન પૃષ્ઠ ૫૦૪થી) જણાયું કે તેમના પ્રયોગોમાં પણ આવો પદાર્થ બનતો હતો. આથી તેમણે એ પદાર્થની ઉત્સેચક-સક્રિયતા (enzyme activity) પારખવાની સલાહ આપી અને આ પદાર્થને માઇક્રોસ્કોપમાં જોતાં તેમાં સૂક્ષ્મ રંગીન કણો દેખાયા જેમાં જીવંત કોષના બધા ગુણ મોજૂદ હતા.

ત્યાર પછી ડૉ. કૃષ્ણબહાદુરે નૅશનલ ઍરોનૉટિક્સ ઍન્ડ સ્પેસ ઍડમિનિસ્ટ્રેશન (NASA)ના સૌજન્યથી ફ્લૉરિડા (અમેરિકા) જઈને પાંચ મહિના પ્રયોગો કર્યા. એના પરિપાકરૂપે તેમણે '૬૩ના માર્ચમાં એક પત્ર પ્રો. પર્તીને લખ્યો, જેથી પ્રેરાઈને પ્રો. પર્તીએ પુનઃ પ્રયોગો કરતાં આખરે એ જેલી જેવા પદાર્થનું રહસ્ય ઉકલી ગયું. પ્રયોગમાં વપરાતાં પદાર્થોની દ્રાવણ (solution) અવસ્થામાં ઉત્સેચક-સક્રિયતાને પરિણામે તે પદાર્થ ઉત્પન્ન થયો હતો. અર્થાત્ આ ક્રિયાને ઝડપી તથા શક્ય બનાવવા માટે તેમાંનાં જ કોઈ પ્રોટીનનો ઉત્સેચક તરીકે ઉપયોગ થતો હોવો જોઈએ. આમાં રહેલા રંગીન કણોને આ વૈજ્ઞાનિકોએ 'જીવ અણુઓ' (living molecules) નામ આપ્યું. તેમના બધા ગુણ જીવંત કોષ જેવા જ છે, જો કે તેમનામાં હજી કોષકેન્દ્ર હોતું નથી. પણ આગળ જોયું તેમ આદિકાળમાં આવા કોષો ઉત્પન્ન થયા હતા. એથી એ દિશામાં આગળ ઉપર કૃત્રિમ જીવ ઉત્પન્ન કરી શકાય.

પ્રો. પર્તીના મત પ્રમાણે જીવની ઉત્પત્તિ માટેની મુખ્ય અવસ્થાઓ આ છે : (૧) સાધારણ અણુઓની ઉત્પાદનની તથા સંકેન્દ્રિતતાની, (૨) ઍમિનો ઍસિડ તથા ટ્રાયોસ (trioses) વગેરેના નિર્માણની તથા (૩) બહુલીકરણની. આ સિવાય બીજી પણ અનેક અવસ્થાઓ હોવી સંભવી શકે એમ તેમનું માનવું છે અને ડૉ. કૃષ્ણબહાદુરના પછીના પ્રયોગોથી તો અનાઇટ્રોજનીય પદાર્થોમાંથી પણ જીવની ઉત્પત્તિની શક્યતા છે—જેમ કે તેમણે ૫૦ ટકાવાળા તાંબાયુક્ત ક્યુપ્રસ ઑક્સાઈડ (cuprous oxide)માંથી જીવોત્પત્તિ કરી, જેમાં મુકુલન (budding) પણ થએલું જોવા મળ્યું હતું.

આમ, હવે આગળ જતાં કૃત્રિમ રસાયણોમાંથી જીવોત્પત્તિ શક્ય બનશે, અને આખરે પ્રયોગશાળામાં 'ટેસ્ટ-ટ્યૂબ-માનવી' સંભવિત બનશે! આ પરિણામો જોતાં લાગે છે કે ફક્ત ઑક્સિજન સિવાય જીવોત્પત્તિ ન જ સંભવી શકે એવું કાંઈ નથી. એટલે અન્ય ગ્રહોમાં ઑક્સિજન ન હોય તો પણ ત્યાં સજીવ સૃષ્ટિ વિકસી હોય એવી અત્યાર સુધીની કલ્પના કાઢી નાખવા જેવી નથી. આ દિશામાંની પ્રગતિ, વિજ્ઞાનની અન્ય શાખાઓ કરતાં મહત્ત્વની તેટલી જ આશ્ચર્યજનક તથા અદ્ભુત ને અનન્ય છે. આથી જ આપણા પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ને વિદ્વાન મનીષી ડૉ. ડી. એસ. કોઠારી આવા સંશોધન માટે કહે છે : 'આજે જેટલી સંભાવના આ સદીના અંત સુધીમાં ગ્રહયાત્રાની છે, તેટલી જ સંભાવના જીવનું સંશ્લેષણ થવાની પણ છે.'

સુશ્રુત પટેલ

હવે તો આપણે ત્યાં પણ શરૂ થઇ છે


કૃત્રિમ જીવોત્પત્તિ

"**પ્રકૃતિમાં** મનુષ્ય શું છે? એનો પ્રાદુર્ભાવ અને અંત, એની નજરથી પર, અભેદ્ય રહસ્યમાં વીંટળાએલાં છે. જેમાંથી એ બહાર આવ્યો છે એ શૂન્યને અને જે એની ચોતરફ પ્રસરેલું છે એ અનંતને એ જોઈ શકતો નથી." પાસ્કલના આ શબ્દો આજ સુધી વિજ્ઞાનને પડકાર રૂપ હતા, પણ હવે એ દિશામાં શ્રીગણેશ મંડાયા છે.

પૃથ્વીના પ્રાક્-જૈવિક (pre biologic વાતાવરણમાં ઉત્પન્ન થએલા જીવ કંઇ કેટલીય જટિલ રાસાયણિક પ્રક્રિયાઓ દ્વારા બન્યા હશે. એ કાળમાં વાતાવરણમાં ઑક્સિજનનું પ્રમાણ નહિવત્ કે તેના વિહીન હતું. સમુદ્રના પાણીમાં પણ એની સ્થિતિ એવી જ હતી. એ ઉપરાંત કાર્બન ડાયૉક્સાઈડ, જળબાષ્પ, નાઇટ્રોજન, થોડી-ઘણી માત્રામાં હાઇડ્રૉજન સલ્ફાઈડ, મિથેન અને ઍમોનિયા જેવા વાયુઓ પણ હતા. વધારામાં, સમુદ્રમાં ક્લૉરાઈડ તથા દ્રાવ્ય સ્થિતિમાં ફૉસ્ફરસનાં સંયોજનો હતાં. એ સંયોજનો સંકીર્ણ (complex) હશે એમ મનાય છે. આ બધા પદાર્થોની સહાયથી અને કોઈ ચોક્કસ વાતાવરણ રચાતાં તેમાંથી ઍમિનો ઍસિડ (amino acid)* નામનો એક કાર્બનિક પદાર્થ ઉત્પન્ન થયો. એ કેવી રીતે ઉત્પન્ન થયો એ આગળ જોઈશું. વૈજ્ઞાનિકોની માન્યતા મુજબ રાસાયણિક પ્રક્રિયાઓમાં શક્તિ (energy) આપવા માટે સમુદ્રમાં એડીનોસાઈન ટ્રાઇફૉસ્ફેટ નામના પદાર્થની હયાતી હોવી જોઇએ. આ પદાર્થ એડીનાઈન (adenine) અને ફૉસ્ફરસના કોઈ એકાદ સંયોજનથી જ બન્યો હોવો જોઈએ. ઍમિનો ઍસિડ બનવાની ક્રિયાના સંચાલનમાં જરૂરી એવી ઉષ્મા (heat) સૂર્યના પારજાંબલી વિકિરણ (ultra-violet radiation) દ્વારા સાંપડી હશે.

આમ, ઍમિનો ઍસિડ બનવાની ક્રિયા પછી જીવોત્પત્તિનો બીજો તબક્કો શરૂ થાય છે. આ ઍમિનો ઍસિડમાંથી પ્રોટીન બનાવતાં પ્રકૃતિએ ઘણી ધીરજ ધરી હશે. કૃત્રિમ રીતે એમાંથી પ્રોટીન બનાવવાનું માન અમેરિકાના ડૉ. રોબર્ટ વૂડવર્ડને ફાળે જાય છે. તેઓએ એના દ્વારા રેસા તથા ત્વચા બનાવેલાં, જે કુદરતી પ્રોટીનને ઘણાં જ મળતાં આવતાં હતાં. એનું બંધારણ પણ કુદરતી પ્રોટીનને ઘણું મળતું હતું. નાઇલૉન એ દિશામાં પ્રથમ સોપાન કહી શકાય.

ત્યારબાદ ધીમેધીમે વધુ ને વધુ શક્તિ મળતી જવાથી અને પાણી ઓછું થતું જવાથી ઍમિનો ઍસિડ સિવાય બીજાં પણ કેટલાંક વિટામિનો, પાયરિમિડિન અને કાર્બન જેવા ઉપયોગી પદાર્થો ઉત્પન્ન થતાં ગયા. પાણીની અછતને કારણે તેમાંથી પૉલીપેપ્ટાઈડ (polypeptide) છૂટું પડતું ગયું. આગળ જતાં તેમાંથી કોશિકાના મુખ્ય આધાર કહી શકાય એવા કાર્બનિક ગુરુ-અણુઓ (macromolecules) —જેવાં કે લાયપિડ્સ (lipids), ન્યૂક્લીઓટાઈડ્ઝ (nucleotides), કેન્દ્રકીય ઍસિડ (nucleic acids), પૉલીસૅકેરાઈડ્ઝ (polysaccharides) વગેરે ઉત્પન્ન થતા ગયા. આ બધા જીવનના મૂળભૂત પદાર્થોના સંમિશ્રણથી અંતે પ્રારંભિક કોશિકાઓ (early cells)



(૧) જેમાંથી વિકાસ પામી પૃથ્વી પર જીવસૃષ્ટિ ઉત્પન્ન થઈ તે યુગ્લીના – કશાધારી જીવ (૨) લોહીમાં પરોપજીવી જીવન ગાળતું કશાધારી પ્રાણી ટ્રાઇપેન સોમા (૩) યીસ્ટમાં કલિકા-બડિંગ દ્વારા પ્રજનન (૪) અમીબા : એક-કોષી પ્રાણી

ઉત્પન્ન થઈ. અહીં સુધી તો આપણે સફળતા મેળવી લીધી છે. અને પ્રયોગશાળામાં વાતાવરણની સંકેન્દ્રિતતા અને જરૂર પ્રમાણે પાણી ચૂસી શકે કે છોડી શકે એવી પ્રારંભિક કોશિકાઓ બનાવી શકાઈ છે.

હવે, આવી કોશિકાઓમાંથી જીવંત કોષ બનવા માટે વળી ત્રીજો તબક્કો શરૂ થાય છે. જ્યારે કોઈ વસ્તુ બીજી વસ્તુમાં પરિવર્તન પામતી હોય, ત્યારે પ્રાણીશાસ્ત્રીઓ કહે છે, તે બે વસ્તુ વચ્ચેની અવસ્થાને સંક્રાન્તિક અવસ્થા (transitional stage) કે જેમાં તે બે વસ્તુના ગુણ સંયુક્ત હોય છે. દા.ત. પેરિપૅટસ (પ્રાણી)ને સંધિપાદ સમૂહ (Arthropoda Phylum)માં મૂકવામાં આવ્યું છે; પણ તે નૂપુરક સમુદાય (Annelida Phylum) તેમજ સંધિપાદ સમૂહ એમ, બંનેનાં લક્ષણો દર્શાવે છે. એટલે તે આવી અવસ્થાવાળું પ્રાણી કહી શકાય. એવું જ કાંઈક જીવંત અને અજીવંત વસ્તુઓ વચ્ચે બન્યું, ધીમે ધીમે એ અવસ્થા જટિલ બનતી ગઈ; અને રફતે રફતે તેમણે સ્વજનન (auto-reproduction)ની રીત અપનાવી. તેથી ધીમેધીમે તેમના જેવા જ પદાર્થો ઉત્પન્ન થવા લાગ્યા. એ પછી, તેવા પદાર્થોમાં રહેલા

* ઍમિનો ઍસિડ એ એક કાર્બનિક પદાર્થ છે. એની અત્યાર સુધીમાં ૨૦થી પણ વધુ જાતો નોંધાઈ છે. એનું સામાન્ય રાસાયણિક સૂત્ર, પ્રોલાઈન (proline) ને હાઇડ્રોક્સાઈ પ્રોલાઈન (Hydroxy proline) નામના પ્રોટીનને બાદ કરતાં R-CH (NH_2) cooh છે.

પ્રોટીને ઉદ્દીપક (catalyst) કે ઉત્સેચક (enzyme)નું કાર્ય કર્યું. અર્થાત્, પોતાની હાજરીથી એ ક્રિયાને ઝડપી બનાવી. એના વિપાકરૂપે અનિયમિત આકારો ધારણ થતા ગયા.

આ બધી કોશિકાઓ કેન્દ્રવિહોણી હતી, જે પાછળથી એકકોષ-કેન્દ્રીય (uni-nucleated) કેન્દ્રયુક્ત બનતી ગઈ અને આખરે તેમાંથી એક કોષીય (uni-cellular) જીવ ઉત્પન્ન થયા, જેમાં વનસ્પતિ અને પ્રાણી-બંનેના ગુણ હતા. તે બધા કશાધારી (flagellate) તરીકે ઓળખાયા. આ પ્રજીવ સમુદાય (Protozoa Phylum)માં આવેલો એક વર્ગ છે. દા.ત. ટ્રાઇપેનસોમા (પ્રાણી), યુગ્લીના (પ્રાણી) વગેરે. આમાંના કેટલાક પ્રાણી પોતાનામાં રહેલું હરિતદ્રવ્ય (chlorophyll) ગુમાવીને જંતુની જેમ ભરણપોષણ કરવા લાગ્યાં.

પછીના પ્રશ્નો આપણે માટે અજ્ઞાત છે અને એ માટે ફક્ત કલ્પનાનાં અને અચોક્કસ નિર્ણયો જ બાંધવા પડે. એમ માનવામાં આવે છે કે [illegible] પછીની આખી સૃષ્ટિ આ કશાધારીમાંથી જ ઉત્પન્ન થઈ હોવી જોઇએ. તેમાં આખરે થોડો ફેરફાર થઈને શેવાળ (algae: વનસ્પતિ) અને અમીબા (amoeba : પ્રાણી) જેવાં એકકોષીય જીવો બનતા ગયા. ત્યાર પછી વૉલ્વૉક્સ (volvox) અને તેમાંથી આખરે બહુકોષી જીવ (multicellular metazoa) જેવી જટિલ રચનાઓ અનુક્રમે ઉદ્ભવતી ગઈ અને વિકાસ પામતી ગઈ.

ટૉમસ હક્સલેએ કહ્યું હતું : 'જીવદ્રવ્ય એક રાસાયણિક યૌગિક છે'. પણ આધુનિક મતાનુસાર જીવદ્રવ્ય (protoplasm) રંગવિહીન, અર્ધપારદર્શક, ચીકણો પદાર્થ છે. અને નોંધપાત્ર તો છે એનું કલીલતંત્ર (colloidal system), જેમાં કેટલાક કલીલ પદાર્થોનો સમૂહ માનવામાં આવે છે. એમાં પ્રોટીનનું પ્રમાણ સૌથી વધુ છે, અને એથી જ એનું સ્થાન એમાં મહત્ત્વનું છે.

બહુલીકરણ (polymerisation)ની વિધિ ઘણાં વર્ષોથી જાણમાં હતી પણ આચરી શકાતી ન હતી. આ ક્રિયામાં નાના પરમાણુને કોઇ પણ રીતે મોટા પરમાણુમાં ફેરવાય છે. દા.ત. ઍમિનો ઍસિડ (નાના પરમાણુ)માંથી પ્રોટીન (મોટા પરમાણુ) બનાવવાની ક્રિયા. આ રીતે જ કૃત્રિમ રબર, પ્લાસ્ટિક, ફિલ્મ, નાઇલૉન વગેરે બનાવી શકાયાં છે. એ માટે આપણે ડૉ. વૂડવર્ડના આભારી છીએ.

ડૉ. ઍમિલ ફિશરે પ્રયોગો દ્વારા સાબિત કર્યું છે કે વિભિન્ન ઍમિનો ઍસિડોની મેળવણીથી કરોડો પ્રકારનાં પ્રોટીન બની શકે છે ને પૃથ્વી પર પ્રાણીઓ અને વનસ્પતિની આટલી વિવિધતા માટેનું એ જ કારણ માને છે. જો કે આમાં મતભેદ છે. ડૉ. ડૅરોથી રિંચના મતાનુસાર એક દિવસ આવાં કૃત્રિમ પ્રોટીનથી હૃદય પણ બની શકશે, જે 'જીવંત' તો નહિ કહી શકાય પણ એ ધબકતું ચોક્કસ હશે.

આમ આવા પ્રયોગો આજ અમેરિકા, રશિયા, ઇંગ્લંડ વગેરેમાં થઈ રહ્યા છે. આપણે વિદેશમાં થતી વિજ્ઞાનની સિદ્ધિ પ્રત્યે જેટલા સજાગ છીએ તેટલા ઘરઆંગણાના બનાવોથી પરિચિત નથી! આપણામાંથી કેટલા જાણતા હશે કે ઇન્ડિયન ઍગ્રિકલ્ચરલ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ (દિલ્હી)ના ડૉ. ગિરિરાજસિંહ સિરોહી ચાર મહિના દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં જઈ વનસ્પતિશાસ્ત્રના સદીઓથી મૂંઝવનારા એક પ્રશ્નનું નિરાકરણ કરી આવ્યા છે? આવા શિરમોર અપાવે એવાં તો ઘણાં ઉદાહરણો છે. હું જો કહું કે ભારતમાં અત્યારે કૃત્રિમ જીવોત્પત્તિની બીજા દેશો કરતાં પણ વધુ પ્રગતિ થઈ રહી છે, તો એ સત્ય માનવામાં બહુ નહિ આવે, પણ એ હકીકત ખરી છે.

ઈ.સ. ૧૯૫૭માં ડૉ. કૃષ્ણબહાદુર અને તેમનાં પત્ની ડૉ. (શ્રીમતી) એસ. રંગનાયકીએ પોતાની પ્રયોગશાળામાં પ્રથમ જીવને અનુકૂળ વાતાવરણ સર્જ્યું. એ માટે તેમણે પેરાફૉર્માલ્ડીહાઈડ, પૉટૅશિયમ નાઇટ્રેટ, ફેરિક ક્લૉરાઈડ અને પાણીના મિશ્રણને જંતુરહિત (sterilized) કરેલા એક પાત્રમાં મૂક્યું. પછી તેને ૫૦૦ વૉટના વીજળીના ગોળા (bulb) સામે અમુક ચોક્કસ સમય સુધી રાખી કૃત્રિમ રીતે ઍમિનો ઍસિડ ઉત્પન્ન કર્યો. ત્યાર પછી તેમણે એ મિશ્રણ(solution)માં થોડું-ઘણું પરિવર્તન (pH : પરિવર્તન) કરીને વિભિન્ન પ્રકારના ઍમિનો ઍસિડ પણ બનાવ્યા. એ ઉપરાંત, તેમણે એકલા પેરાફૉર્માલ્ડીહાઈડ અને પાણીના મિશ્રણને કલીલ મૉલિબ્ડેનમ ઑક્સાઈડ સાથે મેળવીને તેને ૫૦૦ વૉટના વીજળીના ગોળા સામે રાખતાં પણ એ જ પરિણામ આવ્યું. આ પ્રક્રિયા માટે પેરાફૉર્માલ્ડીહાઇડ લેવાનું કારણ એ છે, કે પૃથ્વીના આદિ વાતાવરણમાં રાસાયણિક પ્રક્રિયાઓ દ્વારા સૌ પ્રથમ ફૉર્મિક ઍસિડ (formic acid), ત્યાર પછી ફૉર્માલ્ડીહાઈડ (formaldehyde)) અને પછી પેરાફૉર્માલ્ડીહાઈડ બન્યું હશે.

આ ઍમિનો ઍસિડ ઉત્પન્ન થયા પછી, એના અણુઓ જ્યારે પરસ્પર સંયોજાય છે, ત્યારે તેમનાથી કેટલાક નાના કોષ જેવું બને છે, જેને પેપ્ટાઇડ (peptid) કહે છે. આગળ જતાં તે નાના કોષો ભેગા મળીને મોટા કોષોનું રૂપ ધારણ કરે છે, જેને પૂર્વ-પ્રોટીન-પ્રોટીનાઇડ (fore-protein protenioid) કહે છે. એ પછી એમાંથી આ બે કરતાં વધુ મોટા કોષો બને છે, જેને પ્રોટીન (protein) કહે છે. આ આખા વિધિને 'બહુલીકરણ' કહે છે.

આ રીતે ઉત્પન્ન થતો પેપ્ટાઈડ ઈ.'૧૯૫૭-૫૮માં સાંપડ્યો. ત્યાર બાદ ડી. એસ. બી. રાજકીય કૉલેજ, નૈનીતાલના પ્રો. ઓંકારનાથ પર્તી અને તેમના સહાયક ડૉ. હરિદત્ત પાઠકે આ સંશોધનને આગળ ધપાવ્યું.

આ બધા પ્રયોગોથી પ્રતિપાદિત થયું કે અજીવ જનન (abiogenesis)ની પદ્ધતિથી ઍમિનો ઍસિડને ઉત્પન્ન કરવા માટે જે મૂળભૂત પદાર્થોની જરૂર હોય છે, તે છે : પાણી, કાર્બનનો જથ્થો, કેટલાંક ખનિજ અને વાતાવરણમાંના નાઇટ્રોજનનું પરિવર્તન કરનારો સૂર્યનો પ્રકાશ. આમ, પૃથ્વી પર પ્રથમ જીવની ઉત્પત્તિ જ્વાળામુખીના પ્રદેશોમાં તથા અન્ય ઉષ્ણતામાનવાળા પ્રદેશોમાં જ થઈ હોવી જોઈએ, જ્યાં તેમને આવું અનુકૂળ વાતાવરણ મળી શક્યું હશે.

પ્રો. પર્તી અને ડૉ. પાઠકે જે વિવિધ પ્રકારના કૃત્રિમ ઍમિનો ઍસિડ બનાવ્યા, તેમાંના કેટલાકને કાળા કાપડમાં વીંટાળીને અને કેટલાકને ઢાંક્યા વગર ૧૦૦૦ વૉટના વિદ્યુત-ગોળા નીચે ને પારજાંબલી કિરણોની સામે ચોક્કસ સમય સુધી મૂક્યા. જે કશનળીઓને કાળા કાપડમાં વીંટાળેલી હતી તેમની ઉપર ઉષ્ણતાના તરંગોની કોઈ અસર થઈ નહિ અને બાકીની ઉપર અસર થએલી જણાઈ. આવી અસર પામેલા ઍમિનો ઍસિડને વળી પાછા વિવિધ પ્રકારના પ્રકાશમાં ૬૦૦ કલાક સુધી જંતુરહિત અવસ્થામાં રાખી, તેના પરની અસર થોડે થોડે સમયે તપાસવામાં આવી, તો આશ્ચર્ય વચ્ચે એક પ્રકારના ઍમિનો ઍસિડ બીજા પ્રકારના ઍમિનો ઍસિડ ઉત્પન્ન કરતા જણાયા! વધુ આશ્ચર્ય તો એ હતું કે તેઓ પરસ્પર સંયોજાઇને પોતાની જાતે જ પેપ્ટાઈડ બનાવતા હતા; ને પ્રકાશમાં રાખવાનો સમય વધુ લંબાવતાં બીજાં અનેક જ્ઞાત-અજ્ઞાત ઍમિનો ઍસિડનાં લવણો બનતાં ગયાં.

આ પ્રયોગો દરમિયાન કેટલાક ચંબૂ (flask)માં જેલી (jelly) જેવો પદાર્થ જામી જતો જણાયો. પ્રથમ તો તેઓએ માન્યું કે એનું કારણ બહારનાં સૂક્ષ્મ જંતુઓનું આક્રમણ હશે; પણ પ્રયોગ કરતાં પહેલાં તેને વીંછળીને જંતુરહિત કર્યા છતાં પણ એવો પદાર્થ તો બન્યો જ. આ અંગે ડૉ. કૃષ્ણબહાદુરનો સંપર્ક સાધતાં (અનુ૦ પૃષ્ઠ ૫૦૨)

પચ્ચીસ વર્ષ પહેલાં



ડિસેમ્બર ૧૯૩૯ અંક ૧૯૨

ફરી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંનો શ્રી 'વનેચરે' કરાવેલો પંખીપરિચય જ ઉતારીએ :

"દેહની ઘટના સમાન ધોરણે થએલી હોવા છતાં ભિન્નભિન્ન મુખાકૃતિને લીધે પ્રત્યેક મનુષ્યને જેમ આપણે સહેજે ઓળખી શકીએ છીએ, તેમ પશુ-પંખી-જીવાત વગેરેને ઓળખવાનું પ્રત્યેક વ્યક્તિગત વિશિષ્ટ લક્ષણ હોતું નથી. કેવળ પંખીઓ જ લઈએ તો ત્યાં પણ ચાંચ, મોં, માથું, પગ, પાંખો, પૂંછડી, બધાંમાં એક જ જાતિનાં તમામ પંખીઓની અંગરચના એક જ સરખી, એક જ માપની, એક જ ગણતરીનાં પીછાંવાળી હોય છે. રંગનું ય એવું જ.

પણ આમાં એક અપવાદ છે. તે 'હૂપો'. એ એક જ પક્ષીકોટિ એવી છે કે જેમાં 'નાથોપેથાથી જુદો', એવો પંખીપંખી વચ્ચેનો વ્યક્તિભેદ કરી શકાય છે! આ ભેદક તત્ત્વ તે એમનાં અનેકરંગી પીછાંથી શરીર પર નીપજતી ભાત.

'હૂપો'નો સમગ્ર વર્ણ આછો રતૂમડો કે મેલો ગુલાબી – ગોરાડુ માટી જેવો હોય છે ને વચ્ચે વચ્ચે કાળા પટા હોય છે. પરંતુ અન્ય પંખીઓમાં આવી ભાત એક જ પ્રકારની હોય છે, ત્યારે હૂપોમાં પ્રત્યેક પંખીનું શરીર વિશિષ્ટ ભાતથી અલંકૃત હોય છે.

જગતભરમાં હૂપોની પાંચ કોટિઓ છે. એમાંની એક જ ભારતવર્ષમાં સ્થાયી નિવાસી છે. ગુજરાતમાં પણ એ જ પ્રત્યેક સ્થળે નજરે પડે છે. બીજી નવાઈની વાત એ છે કે એનો નામવાચક કોઈ જ શબ્દ નથી! અંગ્રેજીમાં 'હૂપો' અને આપણે ત્યાં 'હૂડહૂડ' નામે ઓળખાય છે, તે એની બોલી ઉપરથી.

ગામ બહાર વગડામાં હમેશાં જમીન પર ધૂળમાં રમતુંફરતું, કાળાધોળા ચટાપટાવાળી રતૂમડી કાયા, ને નીચે બે પાતળી ચાંચવાળું કાબર જેવડું પંખી દેખાય તો તે 'હૂડહૂડ' જ. સ્વભાવે વગડાઉ, એટલે વસતિમાં નજરે ન પડે, છતાં ઘણી વાર ગામને ગોંદરે કે વાડીખેતરમાં ફરતું દેખાય. ચાંચ મેલી કાળી, આંખો બદામી અને પગ સીસાના રંગે મેલા કાળાશપડતા. એનો આહાર છે ઝીણીમોટી જીવાત, નાનાં તીડગોકળાં વગેરે સુકોમળ જંતુઓ. એ આહારને અનુકૂળ એની ચાંચ લાંબી, પાતળી, નરમ: વચ્ચેથી સહેજ વળેલી: ધૂળમાંથી જીવાત વીણી ખાવા પૂરતી જ ઉપયોગી.

આ પંખીની ખરી શોભા તો એના માથા પરની કલગી: વાસઉઘાડ થઈ શકે એવી. ઉઘાડે ત્યારે જાપાની પંખા પેઠે; ગોળ, પહોળી, સુંદર. એને લીધે એ અત્યંત ગૌરવવંત લાગે છે. જ્યારે વાસે છે ત્યારે માથા ઉપર જાણે બીજી ચાંચ ન ઊગી હોય, તેમ પાતળી, અણીદાર, સોયા જેવી ટટાર, કવચિત્ પાછળ સહેજ ઝૂકતી, વાંકી. એની આ વિશિષ્ટતાને લીધે ભ્રમમાં ઘણા એને ઘંટીટાંકણીઓ (લક્કડફોડ) પણ કહે છે. ઘંટીટાંકણીઆ સાથે ભ્રમ થવાનું અન્ય કારણ છે એનો વિશિષ્ટ 'હુડહુડ' અવાજ; પરંતુ આ અવાજ એ ચાંચ પછાડીને નહિ પણ ગળામાંથી જ કાઢે છે. એની વિશિષ્ટતા એટલી જ કે આપણા પગ આગળ બોલતું હોય છતાં, તાંબટ કે કંસારા પેઠે, ડોકને ડાબા-જમણી હલાવીને બોલતું હોવાથી, એનો અવાજ છેટેથી આવતો હોય એવો સંદેહ થાય છે.

એની ચાલ અત્યંત મનોહર. એ ડગીપગી ભરતું, દડબડ દોડતુંફરતું હોય છે. પાંખો મોટી હોવા છતાં ઊડવામાં ભારે ઝડપવાળું કે ચપળ ન કહેવાય. વસંત ને ગ્રીષ્મ એનો ગર્ભાધાન-કાળ. સદૈવ જમીન પર વસનારું છતાં એવે વખતે એ ઝાડનાં બાકોરાં, ભેખડમાંનાં દર કે ભીંતનાં કાણાં શોધી એમાં સાંઠા-સાંઠીઓ, પાંદડાં-મૂળિયાં કે ઘાસ, અગર વાળઊન વગેરે પાથરીને (કે કવચિત્ ખુલ્લી જમીન પર પણ) પાંચથી આઠ ઈંડાં મૂકે છે."



સાહિત્યસંપર્ક

નોબેલ પુરસ્કાર નકારનાર સાહિત્યક
ઝયાં પૉલ સાર્ત્ર

"એમનાં સર્જનોમાં મુક્ત વિચારનું જે જોમ અને સત્ય શોધને માટેની જે તમન્ના રહેલાં છે તેણે આ યુગના વિચારો ઉપર દૂરગામી અસર પાડી છે"–એવા ગુણનિર્દેશ સાથે સ્વીડનની અકાદમીએ સાહિત્ય માટેના આ વર્ષના નોબેલ પારિતોષિકનો કળશ જેના માથે ઢોળ્યો તે ફ્રાન્સના આધુનિક ચિંતક અગ્રણી બુદ્ધિજીવી અને અસ્તિત્વવાદના પુરસ્કારક સાહિત્યકાર ઝયાં પૉલ સાર્ત્રે એ ઇનામ લેવાનો ઇનકાર કરીને દુનિયામાં એક સનસનાટી ફેલાવી છે.

એ પરત્વે અકાદમીને લખેલા પત્રમાં સાર્ત્ર જણાવે છે કે આ ઇનકારને અકાદમી કે એ પારિતોષિક સામે કશું નથી. પણ હું માનું છું કે લેખકે એક વ્યક્તિ મટીને આમ સંસ્થાવત્ બની જવાની ના જ પાડવી ઘટે, પછી તે ભલેને (આ કિસ્સામાં છે તેમ) શ્રેષ્ઠતમ માન હોય.

સાર્ત્ર લેખન-વ્યવસાય અંગે બહુ આકરા વિચારો ધરાવે છે. એનું કહેવાનું એમ છે કે જે લેખક સાહિત્ય, સમાજ કે રાજકારણમાં કોઈ ચોક્કસ સિદ્ધાંત ધરાવતો હોય તેણે માત્ર પોતાના ઉપાદાન–એટલે કે અહીં સાહિત્ય–ને જ ચુસ્તપણે વળગી રહેવું જોઇએ, કેમ કે એને અપાતી આવી વિશેષતાઓ તેના વાચકોને અનિચ્છનીય દબાણ નીચે આણી મૂકે છે. આ સિદ્ધાંતને વળગી રહીને એણે જીવનભર આવાં માનપાન લેવાની ના જ પાડી છે. લિજિયન ઑવ ઑનરનો ખિતાબ, કે કૉલેજ દ ફ્રાન્સમાં જોડાવાનું ઇજન–બંનેને એણે નકાર્યાં હતાં. અને લેનિન પ્રાઈઝ મળ્યું હોત તો એનો પણ એ જ રીતે પોતે ઇનકાર કર્યો હોત એમ એ કહે છે.



જો કે સાર્ત્રથી પરિચિત સાહિત્યકારોના સંપ્રદાયને આથી ખાસ આશ્ચર્ય થયું નથી. સાર્ત્ર જેવો વિદ્રોહી સાહિત્યકાર આમ જ કરે. નોબેલ પુરસ્કારના ઇતિહાસમાં આ બનાવ અપૂર્વ ગણાય. (ડૉ. ઝિવાગોના લેખક રશિયન સાહિત્યકાર બૉરિસ પાસ્તરનાકે કરેલો આવો અસ્વીકાર રાજકીય દબાણને કારણે હતો એ સુવિદિત છે.)

સાર્ત્ર આ જમાનાનો સૌથી તેજીલો પ્રહારક બુદ્ધિજીવી છે. સાહિત્ય-જગતમાં તેનો ઉદય અને વિકાસ એક તાનાશાહીના રૂપે થયો. અમૂર્તની ગહરાઈમાં પેસીને યથાર્થને પકડી પાડવાની આકાંક્ષા, એ તેની વિશેષતા છે. સાહિત્યમાં માર્ક્સીય અસ્તિત્વવાદના એ પિતા ગણાય છે. ૧૯મી સદીના તત્ત્વચિંતક કિર્કેગાર્દની પણ તેના પર અસર મનાય છે. આધુનિક સાહિત્યપ્રવાહના એના જેવા અગ્રણીઓની કૃતિઓ સમજવી એ અસાધારણ બુદ્ધિનું કામ છે, એમની અભિવ્યક્તિ એટલી ગૂઢ અને જટિલ છે કે એમની કૃતિઓના અનુવાદ કરવા પણ અશક્ય લાગે છે. આથી દુનિયાના પહેલી પંક્તિના બુદ્ધિજીવીઓ સિવાય બહુ લોકો એને જાણતા નથી.

એમની આ વિચારસરણીનું નિરૂપણ કરતા ચિંતન ગ્રંથો ઉપરાંત એમણે નવલકથાઓ, નવલિકાઓ નાટકો અને આલોચનાત્મક નિબંધો-પ્રબંધો પણ લખ્યાં છે. એમની પ્રતિભા એટલી બહુમુખી છે કે વ્યાવહારિક વિજ્ઞાન સિવાયના બીજા બધા જ વિષયો પર એમની કલમ ચાલી છે. ઈ. ૧૯૪૫થી પ્રકટ થતા એમના સાહિત્યિક સામયિક 'લે તેમ્પ્સ મૉદર્ન'માં એમના નિબંધો નિયમિત આવ્યા કરે છે.

અહીં એ નોંધવું જોઇએ કે આજ સુધીમાં ફ્રાન્સના પુત્રોએ વધુમાં વધુ (દસ) નોબેલ (સાહિત્ય) પારિતોષિક મેળવ્યાં છે: (૧) સલી પ્રુદહોમ (૨) એફ. મિસ્ત્રાલ (૩) રોમાં રોલાં (૪) આનાતોલ ફ્રાન્સ (૫) હાંરી બર્ગસૉં (૬) માર્તિન દુ ગાર્ડ (૭) આંદ્રે જીદ (૮) આલ્બેર કામૂ (૯) સાં જૉન પર્સ અને (૧૦) સાર્ત્ર.

સાર્ત્રનો જન્મ ઈ. ૧૯૦૫માં પારિસના એક નૌકા અફસરને ત્યાં થયો હતો. નવ વર્ષે પિતાના મૃત્યુથી નબાપા બનેલા એ કિશોરને એના નાના–દાદા કાર્લ શ્વાઈત્ઝરે ઉછેરી મોટા કર્યો. (એ મોટા ભાષાશિક્ષક હતા.) આ રીતે સાર્ત્ર ૧૯૫૨ના શાંતિ માટેના નોબેલ પારિતોષિક વિજેતા ડૉ. આલ્બર્ટ શ્વાઈત્ઝરનો દૂરનો ભાઈ થાય.

શબ્દકથા : કેવડો

સાધારણ જાણકારી હોય તે પણ કહેશે કે 'કેવડો' એટલે સંસ્કૃત કવિઓએ જેને 'કેતકી' નામ આપ્યું છે તે. વાત તો સાચી, પણ કેટલેક અંશે જ.

પ્રથમ તો વર્ણવિકાસની દૃષ્ટિએ 'કેવડો' અને 'કેતકી'ને જોડવાની વાત થોડીક મુશ્કેલ છે. 'કેતકી' ઉપરાંત 'કેતક' એમ પુલ્લિંગ શબ્દ પણ છે. 'કેતક'નું પ્રાકૃતમાં 'કેઅય' થાય. અપભ્રંશમાં 'કેવય' એમ વકારનો આગમ થાય છે. પછી 'લીમ–ડો'. 'જાંબુ–ડો' વગેરેની જેમ 'ડ' પ્રત્યય લાગીને કેવડો.' પણ 'વ' ભળે છે તેનો કોઈ નિયમ બાંધી શકાતો નથી. 'ધાતકી', 'ધાઅઈ' અને 'ધાવડી' (વૃક્ષવિશેષ) એમાં તથા 'બદર', 'બઅર' અને પછી 'બવર' દ્વારા 'બોર' એમાં પણ વકાર અદ્ધરથી ઉમેરાયો છે.

અર્થમાં પણ થોડોક વિશેષ છે. આપણે ત્યાં સર્વત્ર 'કેતકી' અને 'કેવડો' સમાનાર્થ નથી. સૌરાષ્ટ્રમાં 'કેતકીનો સોટો' જેને માટે વપરાય છે તે વનસ્પતિ 'કેવડા'થી જુદી છે. અંગ્રેજીમાં જેને 'સિસલ' કહે છે, જેનાં પાનની વચ્ચેથી ઊંચો સીધો સોટો નીકળે છે, જેની વાડ કરાય છે અને જેના રેસામાંથી દોરડાં બનાવાય છે, તે સૌરાષ્ટ્રની 'કેતકી'. તે agaveના પ્રકારની હશે એમ લાગે છે.

સંસ્કૃત કવિઓએ જેની મનભર પ્રશંસા કરી છે તે કેતકીને ગુજરાતી કવિઓ બિરદાવ્યા વિના કેમ રહે? 'વસંતવિલાસ'કાર નૈષધીયને અનુસરતાં કહે છે કે 'આ તે કેતકીનાં સુકુમાર પાંડુર પત્ર છે કે વિરહાતુર પ્રવાસીઓ માટે ભયાનક એવો ધૂમકેતુ? કે પછી એ વિરહીઓને વિદારનાર કરપત્ર (=કરવત)ની ધાર છે?

'પથિક-ભયંકર કેતુ કિ, કેતુકિ-દલ સુકુમાર
અવર તિ વિરહ-વિદારણુ, દારુણ કરવતધાર.' —હરિવલ્લભ ભાયાણી

અભ્યાસ પૂરો કરીને સાર્ત્ર તત્ત્વજ્ઞાનનો શિક્ષક થયો. બર્લિનમાં થોડોસમય ગાળ્યાને પરિણામેજર્મન વિચારકોની એના પરઅસર પડી; બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન થોડો જેલવાસ ભોગવ્યો ત્યારથી એ બુદ્ધિવાદી બન્યો. એની શરૂના કાળની અગ્રણી કૃતિઓમાં 'લા નૉસી' નામની નવલકથા અને 'લે મુર' નામે નવલિકા-સંગ્રહ હતાં. બીજા વિશ્વયુદ્ધ વખતની ફ્રાન્સની મુક્તિ ચળવળમાં તે જોડાએલો, અને ઈ. ૧૯૪૫થી તે 'લે તેમ્પ્સ મૉદર્ને' નામક સાહિત્યનું સામયિકચલાવે છે.

સામ્યવાદી વિચારસરણી ધરાવતા હોવા છતાં સામ્યવાદીઓ સાથે એ જોડાએલા રહ્યા નથી. પણ માનવતાવાદમાં એમની શ્રદ્ધા અતૂટ છે. એ કાંઈ આરામતખલ બુદ્ધિજીવી નથી, પરંતુ કાલ્ડ વેલ્ડની પેઠે જનજીવનમાં પણ સક્રિય ભાગ લેતા રહ્યા છે. બીજા વિશ્વયુદ્ધકાળની ફ્રાન્સ પરની જર્મન કબજાગીરી વખતે રાષ્ટ્રવાદીઓ તથા સામ્યવાદીઓએ ઊભી કરેલી 'પ્રતિરોધ સેના' (રેઝિસ્ટન્ટ મૂવમેન્ટ)માં તે જોડાએલા, અને હમણા સ્વતંત્ર થવા મથતા અલ્જિરિયામાં પોતાના દેશ ફ્રાંસે જે અત્યાચારો ગુજારેલા તેની ઝાટકણી કાઢીને ફ્રેન્ચ સૈનિકોને તેમણે લડવું છોડી દેવાનો અનુરોધ પણ કરેલો. કોઈ પણ દેશમાં લશ્કરને કરેલો આવો બોધ દેશદ્રોહી કાર્ય ગણાય; પરંતુ સાર્ત્રના માનવતાવાદને દેશકાળનાં કોઈ પણ બંધન નડતાં નથી.

નૌસિયા, ઍન્ટીપેસી, ધી એઈજ ઑવ રીઝન, ટ્રબલ્ડ સ્લીપ રિમાર્કેલ ઑવ વગેરે તેની જાણીતી નવલકથાઓ છે. રિસ્પેક્ટફુલ પ્રૉસ્ટિટ્યૂટ, ડર્ટી હૅન્ડ્ઝ, ધ ડેવિલ એન્ડ ધ ગાડે તથા ધ કન્ડેમ્ડ ઑવ અલ્ટોના વગેરે નાટકો પણ તેમણે લખ્યાં છે. રિસ્પેક્ટફુલ પ્રૉસ્ટિટ્યૂટમાં તેમણે અમેરિકન હબસી પ્રજાની દુર્દશા તથા ગોરાઓના અત્યાચારોનું પ્રભાવશાળી ચિત્રણ કર્યું છે.

સાર્ત્ર હાડોહાડ વ્યક્તિવાદી છેઅને સામ્યવાદી ફિલસૂફીના કટ્ટર આલોચક છે; પરંતુ જ્યાંજ્યાં માનવતાવિરોધી સંઘર્ષો ઊભા થયા છે ત્યાં ત્યાં સામ્યવાદીઓનો સાથ પણ એમણે કર્યો છે.

નવી નવલકથાઓ અને પ્રકીર્ણ પ્રકાશનો

(બહાદુરશાહ પંડિત)

પરાજિતા: શ્રી ચંદ્રવદન શુક્લની આ દીર્ઘકાય સામાજિક નવલકથામાં પ્રેમને ત્યાગ દ્વારા ભોગવવાની ઉન્નત મંગલભાવના નાયિકા કુમુદથી (પોતાના પતિ નિરંજનને પોતાની બહેન નીલા સાથે લગ્ન કરવાની સગવડ કરી આપવા) કરાતા ગૃહત્યાગથી દર્શાવાઈ છે. કથાના અર્ધા ભાગ સુધી નિરંજન કુમુદ વચ્ચે ઝઘડાથી શરૂ થઈ પ્રણયમાં પરિણમતા અને નિરંજનના પિતાના અનેકદમનશીલ પ્રયાસોનો સામનો કરી લગ્નમાં પરિણમતા પ્રસંગો આલેખાયા છે. લગ્ન-જીવન બાદ નિરંજનનું પોતાની બહેન નીલા તરફનું આકર્ષણ જોતાં એ બંનેને સુખી કરવા કુમુદ પોતાની પુત્રી આશા સાથે ગૃહત્યાગ કરે છે. પણ એની એક ઓરમાન બહેન મેરીના શબને જોઈ એમની વચ્ચેના અદ્ભુત સામ્યથી છેતરાઈ નિરંજન-નીલા અને અન્ય સૌ કુમુદને મૃત્યુ પામેલી માને છે. આઘાતથી ગંભીર માંદગીમાં પટકાએલો નિરંજન પ્રભાકરની સમજાવટથી નીલા સાથે લગ્ન કરે છે. એ બંનેને નૈનીતાલ જતાં આશાનો ભેટો થાય છે, જેની બૅગ નીલાની બૅગ સાથે બદલાઈ જતાં એમાંના પત્રો દ્વારા કુમુદના અલ્મોડા ખાતેના જીવનનો ખયાલ એમને આવે છે. અલ્મોડામાં સૌનું મિલન થાય છે ને આ દૃશ્ય જોતી કુમુદ મૃત્યુ પામે છે. કુમુદ, નિરંજન, નીલા, મનસુખરામ વગેરે પાત્રો સુરત, અલ્મોડા, નૈનીતાલ, આબુ વગેરે સ્થળો અને એ બંનેના સહકારથી બનતા અનેક વિવિધ બનાવો આકર્ષક છે, પણ નિરંજનના પિતાની દમનક્રિયા, કુમુદનો પૂર્વ-ઇતિહાસ, કુમુદના મૃત્યુ વિષે મેરી સાથેના સામ્યને લીધે થએલો આભાસ, નિરંજને નીલાને બચાવવા વાઘનો કરેલો પ્રતીકાર, ધનંજયરાયનો કુમુદ પર બળાત્કાર કરવાનો પ્રયાસ અને કુમુદનો સફળ પ્રતીકાર વગેરે બનાવો સ્વાભાવિક લાગવાને બદલે જાસૂસકથા જેવા તાલમેલિયા લાગે છે. લેખકે પોતે જોએલાં, સ્થળોનું વીગતપૂર્ણ આલેખન કરવાનો લોભ જતો કર્યો હોત તો કથાને વધુ સુશ્લિષ્ટ બનાવી શકાઈ હોત. આવી એકાદ બે બાબતો બાદ કરતાં પાત્રાલેખન, પ્રસંગોનું વૈવિધ્યપૂર્ણ આલેખન, મનોવિશ્લેષણ, વસ્તુ ગૂંથણી વગેરે જોતાં નવલકથા આકર્ષક, સુવાચ્ય ને ખેંચી રાખી શકે એવી બની છે. (પૃ.-૫૪૦ પ્રકાશકઃ વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ, મુંબઈ-૨. રૂ. ૯)

નથી સુકાયાં નીર: શ્રી હરિલાલ ઉપાધ્યાયની સંયુક્ત કુટુંબની ઓસરતી જતી ભાવનાને પુનર્જાગ્રત કરવા પ્રયાસ કરતી આ હેતુલક્ષી નવલકથામાં મોટા શેઠ નામે ઓળખાતા જીવરાજ શેઠ અને એમનાં પત્ની મોટાં શેઠાણી નાના ભાઈ ચીમન શેઠ અને નવી પત્ની નિરંજનાને, ઓરમાન બાળકો-ધનંજય-પુષ્પાને ખરાબ રસ્તે ચડાવતાં અટકાવી એમનો હૃદયપલટો કેવી ઉદારતા, સહનશીલતા અને ક્ષમાવૃત્તિથી કરાવે છે એનું આલેખન થયું છે.

રાણીગંજ અને ગંગાજળીની વાડી-એ બે સ્થળોએ રચાતી આ વાર્તામાં ફક્ત બે જ મહત્ત્વના બનાવો બને છે: ધનંજય-સુશીલા અને પુષ્પા-ગૌતમનાં લગ્ન અને મામૈયાએ પોતાના પુત્ર ભાણનો કરેલો વધ. પહેલા પ્રસંગ માટે મોટાં શેઠાણીએ કરેલા પ્રયાસોમાં એમની કુશળતા, દીર્ઘદૃષ્ટિ, ઉદારતા, મંગલભાવના વગેરેનું ઝીણવટભર્યું આલેખન છે; પણ લેખકે આ પાત્ર તરફના મમત્વના લીધે એમની પાસે નાનામાં નાનાં કામો કરાવીને અતિશયોક્તિનો દોષ વહોરી લીધો છે. ખલનાયક જેવા ભાણનો એનો પિતા જ વધ કરે એ પ્રસંગ આકર્ષક બને એવો છે, પણ લેખક એને બરાબર ખીલવી શક્યા નથી. આખી વાર્તાનો પ્રવાહ એવો સીધો સરળ ચાલ્યા કરે છે કે એમાં ધ્વન્યાત્મક બનાવો, ચોટદાર સંવાદો કે 'હવે શું'ની કુતૂહલવૃત્તિને અવકાશ જ નથી. એથી અહીં કથા છે પણ કલા નથી, એમ કહેવાનું મન થાય છે. (પૃ. ૨૬૮, પ્રકાશક ઉપર મુજબ. રૂ. ૪-૫૦)

મનચલી: બંગાળનાં સુવિખ્યાતલેખિકા શ્રીમતીપ્રભાવતીદેવી સરસ્વતીની નવલકથાનો શ્રી ટોપણ દયાળજી ઘેલાણીએ કરેલો આ અનુવાદ ડૉ. દેવીપદ ચૌધરીની પાશ્ચાત્ય ઢબે ઊછરેલી અપ્તરંગી પુત્રી શીલાના પરિવર્તનની કથા આલેખે છે.

ડૉ. ચૌધરી પોતાના મિત્ર નારાયણ ચૌધરીના મૃત્યુ પછી એના નાના પુત્ર યતીશને ડૉક્ટરીનું ભણાવી પોતાની પુત્રી શીલા સાથે પરણાવે છે, જે, સુશાન્ત નામના ભ્રમર સમા સ્વચ્છંદી યુવાનના પ્રેમમાં પડેલી શીલાને અને એના જેવા જ વિચારો ધરાવતી એની માતા સુનંદાને ગમતું નથી. યતીશ વધુ અભ્યાસાર્થે વિલાયત જઈ આવે છે અને મૃત પિતા તથા જીવંત માતા અપર્ણાની ઇચ્છામુજબ પોતાના વતનના નાના ગામડા ખાદિલપુરમાં ઑસ્પિટલ ખોલે છે. ડૉ. ચૌધરીનો પુત્ર વાસુદેવ ઇંગ્લંડથી આવતાં વિમાની અકસ્માતમાં મૃત્યુ પામે છે, જેના આઘાતથી એની માતા સુનંદા પ્રભુભક્ત બની જાય છે. શીલા પણ સુશાન્તનાં દુશ્ચરિત્રો જાણે છે અને પશ્ચાત્તાપ કરતી જેના તરફ પોતે સુગાતી હતી એ

ખાદિલપુર ગામમાં આવી પોતાના પતિ યતીશનાં ચરણોમાં નમી પડે છે.

ડૉ. ચૌધરી, તપતી, મમતા, શીલા, સુનંદા વગેરે પાત્રોનું આલેખન સુરેખ અને આકર્ષક છે. અને એમાં યે સ્ત્રીપાત્રો વિશેષ મનોહર છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ પર પૌર્વાત્ય સંસ્કૃતિનો વિજય દર્શાવતી આ ભાવનાપ્રધાન નવલકથામાં ફરજ, બંગાળનો દુષ્કાળ, બીજું વિશ્વયુદ્ધ વગેરેનું આલેખન આનુષંગિક રીતે કરવામાં આવ્યું છે. મોટા ભાગની બંગાળી નવલકથાઓની જેમ આમાં પણ આર્યનારીની ત્યાગભાવના, મૃદુતા, પતિભક્તિ, પવિત્રતા, કોમળતા વગેરે તપતી, મમતા ને અપર્ણાનાં પાત્રો દ્વારા વ્યક્ત થાય છે. 'ઘોરણુસર' જેવા કેટલાક અસંગત શબ્દ-પ્રયોગો બાદ કરીએ તો અનુવાદ એકંદરે સુવાચ્ય થયો છે (પ્રકાશક: એન. એમ. ઠક્કર ઍન્ડ કં., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; રૂ. ૪-૭૫)

વિરાટ વૈજ્ઞાનિકો: ફિલિપ કેનના 'જાયન્ટ્સ ઑવ સાયન્સ'ના અનુવાદરૂપે 'વિરાટ વૈજ્ઞાનિકો' નામથી ત્રણ ભાગોમાં પ્રસિદ્ધ થએલા આ પુસ્તકમાં કુલ ૫૦ વૈજ્ઞાનિકોનાં જીવન અને કાર્ય વિષેની માહિતી રોચક ભાષામાં અપાઈ છે. ઈ. સ. પૂર્વે ૫૮૨માં જન્મેલા પાઇથાગોરાસથી શરૂ કરી ઈ. સ. ૧૯૦૧માં જન્મેલા એનરિકો ફર્મી સુધીના આ બધા વૈજ્ઞાનિકોનાં જીવન અને વૈજ્ઞાનિક શોધખોળોનું વર્ણન વિદ્યાર્થીઓ અને વિજ્ઞાનના અભ્યાસીઓ માટે ઉપયોગી થઈ પડે એમ છે. નાના-મોટા સર્વ વૈજ્ઞાનિકો માટે 'વિરાટ' વિશેષણનો થએલો ઉપયોગ અને ક્વચિત્ દેખાતી વાક્યરચનાની શિથિલતા બાદ કરતાં શ્રી બંસીલાલ ગાંધીનો આ અનુવાદ એકંદરે સુવાચ્ય બન્યો છે. પૃ. અનુક્રમે ૧૨૬, ૧૩૬ ૧૧૪; દરેક ભાગની કિં. રૂ. ૨.

ગ્રહમાળાનો પ્રવાસ: રશિયન વૈજ્ઞાનિક અને લેખક એ. સ્તર્નફેલ્ડના અવકાશયાત્રા સંબંધી સુવિખ્યાત પુસ્તક 'ઇન્ટરપ્લૅનેટરી ટ્રાવેલ'નો શ્રી બટુક વોરાએ કરેલો આ અનુવાદ કૃત્રિમ ઉપગ્રહો, અવકાશયાન અને અવકાશયાત્રા અંગેની ભાવિ સિદ્ધિઓ રશિયામાં વિકસતા વિજ્ઞાનને અનુલક્ષીને આલેખે છે. આ સચિત્ર પુસ્તક, તાજેતરમાં રશિયામાં થઈ ગએલા અને થઈ રહેલા અવકાશની સફરના પ્રયોગો અંગે સંપૂર્ણ માહિતી સાદી ને સરળ ભાષામાં આપતું હોઈ, વિજ્ઞાનના અભ્યાસીઓ માટે ઉપયોગી છે. (બંનેના પ્રકાશક: વોરા ઍન્ડ કં. મુંબાઇ-૨, ૧૨૨; રૂ. ૨)

રોમિયો અને જુલિયેટ · રૂપ અને રચના

શેક્સપીઅરની મુગ્ધાવસ્થામાં રચાએલી આ અત્યંત રંગભરી કરુણાંત કૃતિ છે. 'ઑથેલો' કે 'હૅમ્લેટ' જેવી ઉચ્ચ નાટ્યકળા એમાં નથી, તેમ છતાં રોમિયો–જુલિયેટનું તેમાં થએલું પ્રેમનિરૂપણ વિશિષ્ટ કોટિનું છે. આવો ઉત્કટ–આવેશમય પ્રેમ શેક્સપીઅરની બીજી કોઈ કૃતિમાં જણાતો નથી.

રોઝાલિના પ્રત્યે પ્રથમ દૃષ્ટિએ જ પ્રેમ અનુભવનાર અને તે પછી જુલિયેટનું સૌંદર્યદર્શન થતાં જુલિયેટને જ હૃદયેશ્વરી તરીકે સ્વીકારનાર રોમિયોમાં ચાંચલ્ય તો છે જ, પણ એ ચાંચલ્ય છેવટે ઉત્કટ પ્રેમમાં પલટાય છે અને પ્રેયસી ખાતર જીવનસમર્પણ સુધી તે પહોંચી જાય છે. રોમિયો અને જુલિયેટની પ્રથમ મુલાકાત અત્યંત રંગભરી–કાવ્યમય છે. બંને એ જ સમયથી એક-બીજાનાં બની જાય છે. એ પછી અટારીમિલનનું દૃશ્ય આખા નાટકનું સૌથી વધુ રંગીન દૃશ્ય છે. એ દૃશ્ય પ્રેક્ષકો ભાગ્યે જ ભૂલી શકે. મૂળ નાટકમાં બંનેની વાણીમાંથી એ પ્રસંગે નરી કવિતા નિર્ઝરે છે.

અલબત્ત, આ બંનેનો પ્રેમ ઊછળતો ઊભરાતો વિશેષ છે–ખાસ કરીને, જુવાન વર્ગને તે વિશેષ રોચક થઈ પડે તેવો છે.

રોમિયો–જુલિયેટનાં છૂપાં લગ્ન થઈ ગયાં. તેની જાણ વડીલોને કરવાનો તેમને મોકો મળ્યો હોત તો? રોમિયો દેશપાર થયા પછી જુલિયેટના પિતાએ બીજા એક જુવાન પારિસ સાથે લગ્ન કરવાનું જુલિયેટ પર દબાણ કર્યું ત્યારે જુલિયેટ પોતાના લગ્ન થઈ ગયાનો નિખાલસ-સ્પષ્ટ એકરાર કરવાની નૈતિક હિંમત દાખવી હોત તો? અને છેલ્લે ધર્મગુરુ લૉરેન્સે રોમિયોને તાકીદે આવી જવાને મોકલેલો સંદેશો તેને મળ્યો હોત તો?—તો બે જીવનની નાહક બરબાદી કદાચ નિવારાઈ શકાત; પરંતુ પ્રેમના કરુણ અંજામ માટે કંઈક અંશે પાત્રને મહદંશે વિધાતા જવાબદાર જણાય છે.

છેલ્લા દૃશ્યમાં રોમિયોની આત્મહત્યાનો તથા કટાર કાળજામાં પરોવીને પ્રિયતમ-પતિની પાછળ મોતને ભેટતી જુલિયેટનો પ્રસંગ અત્યંત હૃદયસ્પર્શી છે. ત્યાં પણ ધર્મગુરુ જરાક વહેલા આવ્યા હોત તો? પરંતુ કિસ્મતમાં એમના છૂપા લગ્નજીવનનો કરુણ અંજામ લખાઈ ચૂક્યો હતો તેને કોણ મિથ્યા કરી શકે?

બે પ્રેમઘેલાં પંખીડાં ચમત્કારક રીતે સંધાયાં, સાવ ટૂંકા સમયમાં પણ પ્રેમની લિજ્જત તેમણે બરાબર માણી અને પ્રેમને ખાતર મરીને મોતને પણ તેમણે માણ્યું. એમની આ પરસ્પર માટેની પ્રેમ-કુરબાનીને કારણે જ આજે ય તે રોમિયો અને જુલિયેટ પ્રજાની સ્મૃતિમાં જીવી રહ્યાં છે. –**મધુસૂદન પારેખ**

શ્રી કૈલાસદર્શન: 'પરિભ્રમણ'ના આશ્રયે ગુજરાતનાં યુવકયુવતીઓએ હિમાલયના શ્રી કૈલાસ શિખર પર આરોહણ કર્યું, ત્યારે એમની સાથે ગએલા 'જન્મભૂમિ'ના પ્રવાસી–પત્રકાર શ્રી નરભેરામ સદાવ્રતીએ દૈનંદિની રૂપે આલેખેલા આ પ્રવાસ-વર્ણનમાં ઉત્તરકાશીથી શ્રી કૈલાસ સુધીના ૯૦ માઇલના વિસ્તારમાં સમાવિષ્ટ ગંગનાની, હરસીલ, ભૈરવઘાટી, ગંગોત્તરી, ગોમુખ, તપોવન વગેરે પ્રેક્ષણીય સ્થળોનાં હૃદયંગમ ને આકર્ષક શબ્દચિત્રો સાકાર થયાં છે, જે એમની પત્રકાર ઉપરાંત 'એક સાહિત્યભોક્તા કવિ'ની શક્તિનું પણ નિદર્શન કરાવે છે. ૩૧ ફોટોગ્રાફ, હિમાલયના એ પ્રદેશનો નકશો અને લેખકની સાદી, સરળ છતાં પ્રસંગે ભાવવાહી ને કાવ્યાત્મક બનતી શૈલી આને એક નોંધપાત્ર પ્રવાસગ્રંથ બનાવે છે. (પ્રકાશક: નરભેરામ માધવજી સદાવ્રતી, અમદાવાદ, પૃ. ૨૦૧; રૂ. ૫)

શ્રી મોરારજીભાઈ દેસાઈ: બે ભાગમાં પ્રસિદ્ધ થએલા શ્રી અંબાલાલ જોશીના આ જ નામના મોટા ગ્રંથનો શ્રી અનંતરાય રાવળે કરેલો આ સંક્ષેપ શ્રી મોરારજીભાઈના જન્મથી માંડી તેઓ ભારત સરકારના નાણાપ્રધાન થયા ત્યાં સુધીના ૬૪ વર્ષના જીવનકાર્ય દરમિયાનનાં કાર્યોનું આલેખન કરે છે, જેમાં છેલ્લાં બે પ્રકરણ—'વિશિષ્ટ પ્રસંગો' અને 'વ્યક્તિત્વ'—ચરિત્રનાયકના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓનું દર્શન કરાવી એમના વ્યક્તિત્વને જીવંત બનાવતાં હોઈ આકર્ષક લાગે છે. ગુજરાતના આ સર્વોચ્ચ નેતાને ઓછા સમજીને અન્યાય કરી બેસનારને આ ચરિત્ર-પુસ્તક વિચાર કરતા કરી મૂકશે એ નિર્વિવાદ છે. (પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧; પૃ. ૩૨૬; રૂ. ૫-૫૦)

એક વાત ચોક્કસ, કે સાર્ત્રના પ્રશ્નો તે આપણા પ્રશ્નો નથી. એમના પર વીતી તે આપણા પર વીતી નથી ને તેથી તે પ્રશ્નો ગુજરાતી પાર્શ્વભૂમિકામાં ઊતરતાં કૃત્રિમ લાગે છે. જગત નાનું બન્યું છે એ વાત સાચી છે, જગતના પ્રશ્નો આપણા બધાના પ્રશ્નો છે તે ય સાચું અને તેથી એ પ્રશ્નોની અનુભૂતિ આપણને હોય તે વાત પણ સાચી. પરંતુ એ અનુભૂતિનું વાતાવરણ ગુજરાતનું ન બની શકે. –'દર્શક'

કંકાવટી

કંઠે કરવા જેવાં ગીત

દુ:ખસુખ

(ઢાળ: હરિત્રેણ ગાય છે રે હો વનમાં)

દુ:ખસુખ આવે રે તે સ્હેજો!
માજીનાં ચરણકમલમાં રૂહેજો!
 દુ:ખસુખ આવે રે તે સ્હેજો!
સુખડાં તરતાં રે રૂડાં છે:
દુ:ખડાં પાછળ રે ઊંડાં છે:
માજીના ઊંડા-રૂડા સન્દેશ–
 દુ:ખસુખ આવે રે તે સ્હેજો!
સુખડાંની શોભા રે સુલભ છે:
દુ:ખડાંના હેતુ રે ગહન છે:
માજીના ગહન-સુલભ આદેશ–
 દુ:ખસુખ આવે રે તે સ્હેજો.
મા! તુજ પ્રેમલ રે રચના છે:
મા! તુજ સદર્થે રે ઘટના છે:
મા! તુજ સદર્થ-પ્રેમલ નિવેશ–
 દુ:ખસુખ આવે રે તે સ્હેશું:
 મા! તુજ ચરણકમલમાં રહેશું:
 દુ:ખસુખ આવે રે તે મા! સ્હેશું.

(કવિ ન્હાનાલાલ)



નીચે: ભરત માટે એક બુટ્ટી



કુટુંબની ધારક સ્ત્રી

આખી જિંદગીમાં વરવહુ કે કુટુંબીજનો વચ્ચે મતભેદ થાય જ નહિ એવું નથી. થાય, જરૂર થાય. પણ એક-બીજાનું દૃષ્ટિબિંદુ સમજવાની, પરસ્પર પ્રત્યે પ્રેમ અને માનથી જોવાની ઇચ્છા હોય તો એવા મતભેદો કદી ઉગ્ર સ્વરૂપ નથી લેતા અને કોઈ વાર કોઈ પ્રસંગ ઉગ્ર બની ગયો હોય તો એવા પ્રસંગે સહિષ્ણુતા અને ધીરજ રાખવાથી કમળપત્ર પર જળબિંદુની માફક સરી જાય છે. આવી સહિષ્ણુતાની જરૂર સ્ત્રીને વધારે હોય છે, કારણ કે એ કુટુંબની ધારક છે. આખા કુટુંબના સુખમાં અને સંપમાં સૌથી મોટો હિસ્સો એને આપવાનો હોય છે. જરાજરામાં જેનું સ્વમાન ઘવાઈ જાય, પોતાનો જ કક્કો ખરો કરવાની જેને ટેવ હોય, એવી સ્ત્રીનો સંસાર બહુ ચાલતો નથી.

પરણ્યાં પહેલાંનો પ્રેમ એ વરસાદના પૂર જેવો હોય છે અને એને જો લગ્નનો બંધ ન હોય તો ઘણાખરા કિસ્સામાં એ વહી જાય છે. લગ્ન પછી આવા પ્રેમને સદાય વહેતી નદીની માફક ધીર-ગંભીર થવું પડે છે. એ પ્રેમ કુટુંબને ફળદ્રૂપ બનાવે છે, તરસ્યાંને પાણી પાય છે અને વાતાવરણ ભીનું રાખે છે.

લીલાવતી મુનશી

ઘરગથ્થુ ઔષધ .... [૨૫ : રાઈ

દાળશાકના વઘારમાં સર્વત્ર વપરાતી રાઇને સંસ્કૃતમાં રાજિકા કહે છે કાળી ને રાતી બંને પ્રકારની રાઈનાં ગુણકર્મ લગભગ સરખાં છે.

ગુણકર્મ

રાઈ રસમાં તીખી, તીક્ષ્ણ, ઉષ્ણ બળતરા, કરનારી, પિત્ત કરનારી તથા વાયુ, કફ, બરોળનો રોગ, શૂળ જેવી (વાયુથી થનારી), વેદના ગોળો, કરમ તથા વ્રણ (ઘા)નો નાશ કરનાર છે. ડૉ. વામન દેસાઈના મત પ્રમાણે રાઇ થોડા પ્રમાણમાં લેવામાં આવે તો દીપન-પાચન છે. દાળશાકના વઘારમાં રાઇનો ઉપયોગ કરીએ છીએ તે અગ્નિને પ્રદીપ્ત કરનાર અને ખોરાકને પચાવનાર હોઈ લાભદાયી છે.

અપચો અને ઉદરશૂળ

રાઈનું ચૂર્ણ ૬ રતી, સાકર સાથે મેળવીને ખાઈ, ઉપર બે ચાર ઘૂંટડા પાણી પીવું. વાયુનું શમન કરી ખોરાકને પચાવશે. શૂળ બેસી જશે.

વિષ ઉપર

પેટમાં ઝેર ગયાને થોડો જ સમય થયો હોય તો એક તોલો રાઈને ઠંડા પાણીમાં સારી રીતે લસોટીને ૪૦ તોલા પાણીમાં મેળવી પાવું. પ્રવાહી પેટમાં જતાંની સાથે ઊલટી થશે અને એની સાથે અંદર ગયેલું વિષ પણ બહાર નીકળી જશે. તાત્કાલિક ઉપાય તરીકે આ પ્રયોગ યાદ રાખી લેવા જેવો છે.

કફજ્વર

સંચિત થએલો કફ ઓગળીને પોતાનું સ્થાન છોડી શરીરના સ્રોતોમાં વ્યાપી જાય છે. આ કફ જઠરાગ્નિને બુઝાવી દે છે. પરિણામે, ભૂખ મરી જાય છે અને શરીરમાં ધીમો તાવ રહ્યા કરે છે. આવા કફજ્વરમાં સવાર-સાંજ ચાર ચાર રતી રાઈનું ચૂર્ણ મધ સાથે ચટાડવામાં આવે તો થોડા દિવસોમાં જ કફપ્રકોપથી ઉત્પન્ન થએલો તાવ નાશ પામે છે, ભૂખ ઊઘડે છે, કફપ્રકોપથી શ્વાસ ચડતો હોય તો તે પણ દૂર થાય છે.

રાઈ પ્રસ્વેદ ઉત્પન્ન કરનારી છે. તાવમાં પરસેવાના સ્રોતોમાં કાચો આહાર-રસ પુરાવાથી સ્રોતો બંધ થઈ જાય છે. રાઈ એ સ્રોતોને ખુલ્લા કરી પરસેવો લાવી તાવ ઉતારે છે.

કફની ઉધરસ

ખૂબ કફ થયો હોય, ઉધરસ આવતી હોય એમાં રાઈનું સૂક્ષ્મ ચૂર્ણ ૪ રતી + સિંધવનું ચૂર્ણ ૨ રતી + ખાંડ ૧૨ રતી–એ પ્રમાણેનું મિશ્રણ સવાર-સાંજ આપવું. કફ છૂટો પડી જઇ મોં વાટે નીકળી જશે. બીજા દિવસે નરણા કોઠે હરડેનો એક રેચ આપી દેવો. ત્રણ-ચાર દિવસ રાઈ વગેરેનું મિશ્રણ આપવું. ઉધરસ અને કફ મટી જશે.

કાંટો વાગ્યો હોય

પગમાં કે બીજે કાંટો, કાચ કે ખીલી જેવું કંઈ વાગ્યું હોય અને ચામડીમાં ઊંડે ઊતરી ગયું હોય તો એ ભાગ પર રાઈનું ચૂર્ણ ઘી અને મધની સાથે મેળવીને લગાડવું. અંદર ગએલી વસ્તુ ઉપર આવશે ને નીકળી જશે.

વ્રણ

ઘામાં સડો ઉત્પન્ન થયો હોય અને કીડા પડ્યા હોય, તો કીડાઓને કાઢી, લીમડાનાં પાનના ગરમ ઉકાળાથી ઘાને સ્વચ્છ કરી, ઘી અને મધ સાથે મેળવેલું રાઇનું ચૂર્ણ વ્રણ પર લગાડી દેવું. થોડા દિવસમાં કીડાની ઉત્પત્તિ બંધ થશે અને ઘા રુઝાઈ જશે.

ઠંડી અને કંપ

પુષ્કળ ટાઢ વાતી હોય અને શરીર ધ્રૂજતું હોય, ઠંડી કેમે ય કરી દૂર થતી ન હોય, તો રાઈના ચૂર્ણને મધ સાથે મિશ્ર કરી પગનાં તળિયાં ઉપર લેપ કરી દેવો. વીસ મિનિટ પછી લેપ કાઢી લેવો. ઠંડી અને કંપ દૂર થઈ જશે.

વિષૂચિકા (કૉલેરા) તથા આફરો

વિષૂચિકાની (કૉલેરા) શરૂઆતમાં જ ૪ રતી રાઈનું ચૂર્ણ સાકર સાથે મેળવીને સવાર-સાંજ આપવાથી ફાયદો થાય છે.

જમ્યા પછી આફરો ચડતો હોય તો રાઈ, શેકેલી હિંગ, સૂંઠ, જીરું, સફેદ મરી અને સિંધવ–એ દરેક ૦ાા તોલો લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરી શીશીમાં ભરી રાખવું. આફરો ચડયો હોય ત્યારે ૧ થી ૨ વાલ ચૂર્ણ પાણી સાથે ફાકી જવું. થોડા વખતમાં જ આફરો બેસી જશે.

રાઈ પિત્તપ્રકોપક છે, એટલે જેમના શરીરમાં ગરમી કે બળતરા રહેતી હોય, અવારનવાર લોહી પડતું હોય એવાં સ્ત્રી-પુરુષોએ ચિકિત્સકની દેખરેખ વગર રાઈનો ઔષધીય ઉપયોગ કરવો નહિ. **લાભશંકર ઠાકર**

ઘરગથ્થુ વૈદું: વૈદ્ય હોરમસજી રતનશા અચારિયાએ આ પુસ્તકમાં આંખ-કાન-દાંતના સામાન્ય રોગોથી માંડી ક્ષય રોગ સુધીના ગંભીર રોગો મટાડવાના ઉપાયો, અરીઠાં, અરડૂસી, અજમો જેવી ચીજોથી શરૂ કરી યુકેલિપ્ટ્સ જેવી ચીજ સુધીની વિવિધ વનસ્પતિઓના ઔષધ તરીકેના ગુણધર્મો અનેક ક્વાથો, ચૂર્ણો, રસો, ભસ્મો, તેલો વગેરે વિષે તેમ જ જુદા જુદા રોગો માટેના હોમિયોપેથિક ઉપાયો વિષે સંક્ષિપ્તમાં ઉપયોગી માહિતી આપી છે. આયુર્વેદમાં શ્રદ્ધા ધરાવતા અને નાના-નાના રોગો માટે ડૉક્ટરો કે વૈદ્યો પાસે દોડી જવા ન ઇચ્છતા ગૃહસ્થોને આ પુસ્તક ઉપયોગી થઈ પડે એમ છે. (પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ-૧, પૃ. ૩૦૪, દોઢ રૂપિયો)

અથાણું

મોટા માણસોની હળવી વાતો

ઈ. ૧૯૨૨માં કૉંગ્રેસના બે પક્ષ (સ્વરાજ-પાર્ટી અને નાફેરવાદી) વચ્ચે રસાકસી ચાલતી હતી ત્યારે પંડિત મોતીલાલજીની સામે પંડિત માલવીયજીએ લાંબું ખંડનાત્મક વિવેચન કર્યું. તેના વળતા ઉત્તરમાં મોતીલાલજી ઊભા થઇને આટલું જ બોલ્યા: 'હું માલવીયજી કરતાં ત્રણ મહિને મોટો છું; એટલે મારા મનને આજે જે દીવા જેવું દેખાય છે તે એમના મગજમાં ત્રણ મહિના બાદ ઊતરશે!'

કબર પરનો અવસાનલેખ

કબ્રમાં સૂતા અહીં મશહૂર નામાંકિત હકીમ,
જેમણે હિકમતમાં નિતનોખી કરામત દાખવી;
એમની હિકમત-કરામતને જ આભારી છ આ
જેટલી દેખાય છે અહીં આપને કબરો બધી.

નવી કહેવતો

વખાણ્યો પ્રમુખ માઇકે વળગ્યો.
ઓઢી ફરે શાલ ને ચૂલાને હડતાલ.
ખોટાબોલાને ખોટ નહિ.
પહેલાં કરે હાજી હા, ને પછી કરે ઘા.
સગાની દોડ સંપત્તિ સુધી.

(છોટમ્)

પોતે ચામડીનાં દર્દોના નિષ્ણાત થવાનું શા માટે પસંદ કર્યું એવા પ્રશ્નના જવાબમાં એક ડૉક્ટરે કહ્યું: 'મારા દર્દીઓ કદી મને રાતે જગાડીને બોલાવતા નથી; એ રોગને કારણે તેઓ મરતા નથી અને મોટે ભાગે આવા રોગોનો અંત આવતો નથી.'

પત્ની: મેં તમને નહોતું કહ્યું કે આ રંજાડનારી બિલાડીને દૂર જંગલમાં મૂકી આવજો? એ તો પાછી આવી!

પ્રોફેસર: હું જંગલમાં જ મૂકી આવ્યો હતો; પણ પછી ભૂલો પડી ગયો, એટલે બિલાડીની પાછળપાછળ ચાલીને ઘેર આવ્યો.

શિક્ષક: દર મહિને ૧૦૦ રૂપિયા પાછા આપવાની શરતે હું તારા બાપુજીને ૧૦૦૦ રૂપિયા આપું, તો પાંચ માસ પછી તારા બાપુજીએ મને કેટલા રૂપિયા આપવાના રહે?

વિદ્યાર્થી: ૧૦૦૦, સાહેબ!

શિક્ષક: તું ગણિત બિલકુલ જાણતો નથી.

વિદ્યાર્થી: ના, સાહેબ, તમે મારા બાપુજીને જાણતા નથી.


એક: મારા પતિ એવા તો જક્કીછે કે તોબા!

બીજી: કેમ, કેવી રીતે?

એક: જો એમને એમ ખાતરી થઈ ગઈ હોય કે હું ખોટી છું, તો પછી હું મારી વાત સાચી ઠેરવવાને ગમે તેટલું મથું તો યે એ માનવાના નહિ.

દરદી: તમને ખાતરી છે, દાક્તર સાહેબ, કે મને સારું થઈ જશે? કેમ કે મેં સાંભળ્યું છે કે કેટલાક દાક્તરો સાચું દરદ જ પારખી શકતા નથી. દવા કરે ન્યૂમોનિયાથી ને દરદી મરી જાય ટાઇફૉડથી!

દાક્તર: એ તો કોઈ ગધેડો હશે! હું જો ન્યૂમોનિયાની દવા કરું તો મારો દરદી તો ન્યૂમોનિયાથી જ મરે.



જેમની સંસારમાં વસમી સફર હોતી નથી,
એમને શું છે જગત એની ખબર હોતી નથી.
જિંદગી ને મોતમાં છે માત્ર ધરતીનું શરણ,
કોઈની વ્યોમે હવેલી કે કબર હોતી નથી.

— જયંતીલાલ દવે, 'વિશ્વરથ'

સ્વ. આબાસાહેબ–દત્તાત્રેય ચિંતામણ મુજુમદાર

ગુજરાતની વ્યાયામપ્રવૃત્તિનું જન્મસ્થાન વડોદરા. ત્યાંની એ પ્રવૃત્તિના આદ્ય સંચાલકોમાં આબાસાહેબનું સ્થાન ઘણું મોખરાનું. લુપ્ત થતી જતી ભારતીય વ્યાયામવિદ્યાને એમણે પરિશ્રમપૂર્વક ત્યાં પુનર્જીવિત કરી હતી. ગઈ તા. ૨૨મી ઑગસ્ટે ૮૨ વર્ષની વયે એમનું અવસાન થતાં આ ક્ષેત્રે ન પૂરી શકાય એવી એક ખોટ પડી છે.


દત્તાત્રેય ચિંતામણ મુજુમદાર એ એમનું પૂરું નામ. મૂળ નાસિક જિલ્લાના પિંપળગાંવ તરફના ચિત્તપાવન બ્રાહ્મણ કુટુંબમાં પૂના મુકામે ઈ. ૧૮૮૨ની ૧૩મી ઑક્ટોબરે એમનો જન્મ થએલો. પિતા ચિંતામણ નારાયણ ઉર્ફે ભાઉસાહેબ વડોદરામાં પ્રતિષ્ઠિત ગર્ભશ્રીમંત આસામદાર હતા. વડીલોએ વડોદરા રાજ્યમાં મુજુમદારી મેળવેલી એટલે મૂળની કરંદીકર અટક મુજુમદારમાં ફેરવાઈ ગઈ.

પિતા અત્યંત વ્યાયામપ્રેમી હોઈ પુત્રને પણ એ માર્ગે દોરવા એમણે ઘર આંગણે વ્યાયામશાળા ઊભી કરી હતી. તરવામાં અને ક્રિકેટ પર પણ કિશોર દત્તાત્રેયને ઘણો સારો કાબૂ હતો. વડોદરામાં કૉલેજમાંથી બી. એ. થઈ મુંબઈમાં એલએલ. બી. થયા પછી દત્તાત્રેય ઉર્ફે આબાસાહેબે ૧૯૦૮માં વડોદરા રાજ્યમાં મુનસફ તરીકે નોકરી લીધી, ને ઉત્તરોત્તર આગળ વધતા જઈ ન્યાય, મુલકી ને હિસાબી ખાતાઓમાં કામ કરી, બાવીસ વર્ષ પછી ૧૯૩૧માં તેઓ આસિસ્ટંટ એકાઉન્ટન્ટ જનરલના પદેથી સ્વેચ્છાએ સેવાનિવૃત્ત થએલા. દરમિયાન જુદા જુદા તાલુકાઓમાં જ્યાં જ્યાં ફરવાનું થયું ત્યાં ત્યાં એમણે વ્યાયામનો પ્રચાર કર્યો, વ્યાયામશાળાઓ સ્થાપી, સગવડ થઈ શકી ત્યાં બધે લોકોને તરતાં શીખવાને પ્રેર્યા ને જ્યાં શૉખ દેખાયો ત્યાં ક્રિકેટ ઇલેવનો પણ ઊભી કરી.

યૂરોપની લોકસ્થિતિ નિહાળવા રાજ્ય તરફથી ૧૯૧૩ માં તેઓ છ માસ માટે એ દેશના પ્રવાસે ગએલા, ને એ વિષે પુસ્તક પણ લખેલું. ૧૯૧૫ના ઑક્ટોબરથી એમણે વ્યાયામ પ્રચારાર્થે મરાઠી અને ગુજરાતી ભાષામાં 'વ્યાયામ' માસિક શરૂ કર્યું, જેનું હિંદી અને અંગ્રેજીમાં પ્રકાશન પણ ૧૯૨૭માં આરંભેલું. પણ આશ્રયાભાવે અંગ્રેજી ૩ વર્ષ અને હિંદી માસિક ૨૦ વર્ષ અને મરાઠી 'વ્યાયામ' ૪૩ સુધી ચાલ્યાં; જ્યારે ગુજરાતી 'વ્યાયામ' આજ પચાસ વર્ષે પણ ડગુમગુ ટકી રહ્યું છે. અલબત્ત, આબાસાહેબે એની પાછળ ઘણું નુકસાન વેઠેલું, છતાં એથી નાહિંમત થઈ પોતાની વ્યાયામપ્રવૃત્તિમાં એમણે કદી મંદતા આવવા દીધી નહોતી. ખાનપાન અને આહારવિહાર સંબંધી નાનાં-મોટાં અનેક પુસ્તકો ને ચિત્રસંપુટો પણ એમણે પ્રકટ કરેલાં.એ સામયિકના પ્રકાશન તથા પુસ્તકો માટે એમણે શ્રી રામવિજય છાપખાનાની તથા શ્રી રામ પ્રોસેસ વર્ક્સની સ્થાપના પણ કરેલી. ભારતમાં વ્યાયામ વિષે આટલું વિસ્તૃત કાય કદાચ કોઈએ નથી કર્યું. તરતાં શીખવા માટે એમણે બંધાવેલો 'ચિંતામણ હોજ' પણ ગુજરાતમાં એ પ્રકારનો પ્રથમ હોજ હતો. વડોદરાની 'સૂરસાગર બોટિંગ ક્લબ'-ની સ્થાપના પણ એમણે જ કરેલી. ૧૯૨૭માં આવેલી ભયંકર રેલ વખતે એમણે આ રીતે તૈયાર કરેલા માણસો દ્વારા સેંકડો લોકોને બચાવેલાં.

આબાસાહેબે એક બીજી પણ પ્રચંડ યોજના વિચારેલી. ૧૯૩૫માં એમણે 'વ્યાયામ જ્ઞાનકોષ' પ્રસિદ્ધ કરવાનું કાર્ય હાથ ધર્યું, અને પ્રત્યેક ચાર સો-પાંચ સો પૃષ્ઠનો તથા અંદર આઠ સો નવ સો ચિત્રો એવા એના આઠ ખંડો પ્રસિદ્ધ કર્યા. એ જ રીતના એના બે ખંડ ગુજરાતીમાં

સંઘરેલા અનાજની જીવાત




લાલ બીટલ (રસ્ટ રેડ-લોર બીટલ): પુખ્ત જીવાત નાની સપાટ, લાલ કથ્થાઈ, સુંવાળી ને ઇંચના ૧/૮ ભાગ જેટલી લાંબી હોય છે. ખોરાક વિના બે માસ સુધી અને સામાન્ય રીતે ૪ થી ૬ મહિના સુધી જીવે છે.

ભાંગેલા દાણા, ખાસ કરીને ચોખા, ને લોટ, મેંદો, સોજી વગેરેની મુખ્ય જીવાત.



લાલ માથાવાળું લોટનું કીટક (લોંગ હેડેડ ફ્લોર બીટલ): લાલ રંગના કીટકને મળતું આવે છે. તે નાજુક, સપાટ, ઝાંખા કથ્થાઈ રંગનું અને ૧/૮ ઇંચ લાંબું હોય છે. લોટ અથવા દાણાના કચરાને વધુ પસંદ કરે છે.



ચપટું કીટક (ફ્લેટ ગ્રેઈન બીટલ) નાનું ચપટું, સહેજ લંબગોળાકાર, લાલ કથ્થાઈ રંગનું અને ૧/૬ ઈંચ લાંબું હોય છે. અનાજનો ભૂકો ખાય છે. આની ઇયળ ઘઉંના ગર્ભને ખાસ પસંદ કરે છે.

અને એક હિન્દીમાં પણ પ્રસિદ્ધ થયા છે. હજી યે અધૂરા રહેલા એ કાર્યને કોઈએ ઉપાડી લેવાની, અને એ દ્વારા ભારતીય વ્યાયામ વિદ્યાને જીવિત રાખવાની તક છે.

વ્યાયામવિષયક એમની આવી સેવાઓથી પ્રેરાઈ ઈ. ૧૯૨૫માં 'અખિલ મહારાષ્ટ્ર શારીરિક શિક્ષણ પરિષદે' પૂનામાં અને ૧૯૩૬માં ઉજ્જયિનીમાં એમને અધ્યક્ષપદ આપેલું. એમની સાઠ વર્ષની વયે મહારાષ્ટ્રે એમનો હીરકમહોત્સવ પણ ઊજવેલો.


આબાસાહેબ શ્રી અરવિંદ ઘોષના શિષ્ય હતા. વડોદરા કૉલેજમાં તેઓ એમની પાસે ભણેલા. ત્યારે શ્રી અરવિંદ વાઇસ પ્રિન્સિપાલ હતા. ૧૯૦૭ની સુરતની મહાસભા પછી શ્રી અરવિંદ રાજકીય ચળવળમાં લોકમાન્ય ટિળક અને બિપિનચંદ્ર પાલ સાથે જોડાયા ત્યારે સાથોસાથ તેઓ આધ્યાત્મિક જીવન પ્રત્યે પણ આકર્ષાએલા. ચળવળના ઝંઝાવાત વચ્ચે પણ એમણે શ્રી લેલે ગુરુ પાસે યોગસાધના કરવા માંડેલી અને એ માટે આબાસાહેબના મુજુમદાર વાડાના ઉપલા માળે જ એમણે નિવાસ કરેલો.

સ્વદેશીની ચળવળમાં પણ આબાસાહેબને ઘણી શ્રદ્ધા હતી. શુદ્ધ સ્વદેશી વસ્તુઓ સારુ એમણે ઘરઆંગણે એક સ્વદેશી સ્ટૉલ પણ ખોલેલો. એમણે યાત્રાઓ પણ ઘણી કરેલી અને એ વિષે દ્વારકા, જગન્નાથપુરી, રામેશ્વર, હિમાલયનાં ચાર ધામ તથા પશુપતિનાથ (નેપાળ) વિષે એમણે પુસ્તકો પણ લખ્યાં છે.

આબાસાહેબની સઘળી પ્રવૃત્તિઓમાં એમનાં પત્ની લક્ષ્મીબાઈ ઉર્ફે આક્કાસાહેબનો પણ ઘણો જ સહકાર હતો. 'મહિલા વ્યાયામ' નામે એમણે પણ એક સચિત્ર પુસ્તક પ્રકટ કરેલું. પોતે મિરજના પ્રસિદ્ધ મલ્લવિદ્યાવિશારદ સંસ્થાનાધિપતિ કૈ. સર ગંગાધરરાવ પટવર્ધન રાજેનાં પુત્રી હોવા છતાં એમણે કદી મોટપનો ભાર વેંઢાર્યો નહોતો. મુજુમદારવાડામાં વસતાં સૌને માટે તેઓ સદા સેવાતત્પર રહેતાં. આબાસાહેબના દત્તકપુત્ર નારાયણરાવનો પણ પિતાની પ્રવૃત્તિઓમાં ઘણો સહકાર રહેતો. આમ સકુટુંબ વ્યાયામાર્થે આટલી બધી સેવાઓ આપી જનાર આબાસાહેબના અવસાનથી આ ક્ષેત્રે જે ખોટ પડી છે એ આપણી વ્યાયામવિમુખ ગણાતી પ્રજામાંથી હવે ક્યારે ને કેમ પુરાશે એ કહેવું મુશ્કેલ છે.

બ્રિટનમાં કાશીના મહારાજાએ બંધાવેલો કૂવો


બ્રિટનમાં ઑક્સફર્ડશાયર પરગણામાં સ્ટૉક રો નામે એક નાનકડું ગામ છે. કાશીના મહારાજા ઈશ્વરીપ્રસાદ નારાયણસિંહે ત્યાં ઈ. ૧૮૬૪માં એક કૂવો બંધાવી આપ્યો છે. ગયા એપ્રિલની ૯મી તારીખે એની ત્યાં શતાબ્દી ઊજવાઈ હતી. અગાઉ આ સ્થળે પાણીની સખત તંગી હતી ને લોકોને માઇલો દૂરથી પાણી લાવવું પડતું. પોતાના મિત્ર અને બનારસ તરફના કમિશનર મિ. એડવર્ડ રીડની વિનંતિથી ઇંગ્લંડ સાથેના પોતાના સંબંધો અને મૈત્રીની યાદમાં મહારાજાએ આ કૂવો સ્ટૉક રોમાં બંધાવી આપ્યો. ત્યારે તો પાણી મેળવવા માટેનું ગામનું આ એકમાત્ર સ્થાન હતું. સાથે એના નિભાવ સારુ અને ગોચર અર્થે થોડી જમીન પણ ભેટ આપી હતી. મહારાજાની ઇચ્છાનુસાર એ જમીન પર આજે માત્ર ગાયને જ પ્રવેશ મળે છે. કૂવાનો કેટલોક ખર્ચ કાઢવા એમાં ૧૦૦૦ જેટલાં ચેરીનાં વૃક્ષો પણ છે. હમણાં ઊજવણી વખતે ડયૂક ઑવ એડિનબરોએ એક વધુ ચેરી વૃક્ષનું આરોપણ કર્યું છે.



કૂવો પાકો બાંધેલો ને ૩૪૯ ફૂટ ઊંડો છે. ઉપર સુંદર છત્રી અને સલામતી માટે થાળા પર લોખંડી કઠેડો પણ છે. એક બાલદી પાણી ખેંચતાં આઠેક મિનિટ જેટલો સમય લાગી જાય છે. જો કે હવે તો પાણી માટે અહીં બીજી વ્યવસ્થાઓ થઈ ગઈ છે, તો પણ લોકોની હાડમારી ભાંગી રાહત આપનારી હિંદી મહારાજાની આ એક ઉમદા ભેટને આજે યે ત્યાંના દેવળના વહીવટ હેઠળ સાચવી રાખવામાં આવી છે.

ઘરોનું ઘર

વસવાટોના પ્રશ્ન એકલા ભારતમાં જ નથી. સૌ રાષ્ટ્રોને એ મૂંઝવે છે. જર્મનીના એક ગૃહનિર્માતા જોસેફ કુપરે તેને આ વિશિષ્ટ ઉકેલ શોધી કાઢયો છે. તેમણે પૂરતી જગ્યાને અભાવે ઘરોનું એક ટાવર જ ઊભું કર્યું છે. ૪૮૦૦ ચોરસ વારના પાયા ઉપર ખડું કરેલું આ ઘરોનું ઘર લગભગ ૩૧૬ ફૂટ ઊંચું બનશે. અને ૨૫૦ કુટુંબો તેમાં આરામથી રહી શકશે. પચ્ચીસ માળની આ ભવ્ય ઇમારતમાં એકેએક વસવાટને પ્રકાશ આવી શકે તેવી વ્યવસ્થા ઉપરાંત સૌ જાણે અલગ અલાયદા મકાનમાં જ રહેતાં હોય એવી તેની રચના કરવામાં આવી છે, આવન-જાવનની વ્યવસ્થા પણ અહીં ઉત્તમ છે. તેમાં બજાર-હાટ માટે ખરીદી કેન્દ્ર, પોસ્ટ ઑફિસ, ડૉક્ટરોનાં કન્સલ્ટિંગ રૂમ, પુસ્તકાલયો–વાચનાલયો અને અનેક ઉપાહારગૃહો આવેલાં છે. રહેનારાઓની મોટરો નીચે જ પાર્ક કરી શકાય એવી ગોઠવણ છે અને વળી મકાનની ઠેઠ ઉપર બે મઝાનાં સ્નાન-ગૃહ (તરવાના હોજ) તથા સાથે ઊતરવા માટે એક મોટી હોટેલ પણ છે! કેટલી બધી વ્યવસ્થા! જાણે ગાગરમાં સાગર!




(યુ. પી. એસ.)


સિંહ વિષે વધુ

ગીરનું જંગલ સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લામાં આવેલ સાસણગીર નામના રેલવે સ્ટેશનની આજુબાજુના પ્રદેશમાં ભાગ્યે જ ૫૦૦ ચોરસ માઈલમાં ફેલાએલું છે. આટલા જંગલમાં ૨૮૦ સિંહો છે. એ સંખ્યા ઘણી ગણાય. જૂના જૂનાગઢ રાજ્યમાં જંગલ જેમજેમ કપાતું ગયું તેમતેમ સિંહોની સંખ્યા પણ ઘટી ગઈ. પરંતુ હાલ તે પરિસ્થિતિ નથી. આજે તો જંગલ તેમજ સિંહ બંને સુરક્ષિત બન્યાં છે, એટલે સિંહોની સંખ્યા ભવિષ્યમાં વધે તેવો સંભવ છે.

માન્યતા છે કે પૂર્વે સિંહો, ભારત, આફ્રિકા, ઇરાન, સીરિયા, પૅલેસ્ટાઈન ને ગ્રીસનાં જંગલોમાં પણ હતા. આજે માત્ર આફ્રિકામાં, અને એશિયામાં તો માત્ર સૌરાષ્ટ્રના ગીર જંગલમાં જ સિંહો છે.

સિંહનો પહેલા નંબરનો દુશ્મન મનુષ્ય છે. પૂર્વે ઇજિપ્ત, સીરિયા ને ઇરાનના રાજાઓ સિંહનો શિકાર કરવામાં અપૂર્વ મરદાનગી સમજતા. રોમના શાહી જમાનામાં ૪૦ વરસના અરસામાં ૫૦ હજાર સિંહોને પકડી રોમ લાવવામાં આવ્યા હતા એમ એક લેખકે લખ્યું છે. ત્યાં ગ્લૅડીએટરો હજારો પ્રેક્ષકો સમક્ષ સિંહો સાથે લડાઈ કરતા.





ઉપર: મારણના પેટમાંથી આંતરડાં ને મેલું ભરેલો ભાગ કાઢી દૂર મૂકવા જતો સિંહ
નીચે: મારણ ખાવા બેઠેલું સિંહકુટુંબ (બંને ફોટો: દત્તાત્રેય મો. ફાટક–જૂનાગઢ)

મુઘલ બાદશાહ કે સૂબો જ્યારે સિંહના શિકારે જતો ત્યારે એક જ સફારીમાં હજારો માણસોને સાથે લઈ જતો. તુર્કસ્તાનના બાદશાહો સિંહોના શિકારીને મોટું ઇનામ આપતા. આફ્રિકાની સ્વાહીલી જાતમાં તો સિંહનો શિકાર કરી તેની કેશવાળીની ટોપી માથા ઉપર પહેરે તેને જ કન્યા પોતાના વર તરીકે પસંદ કરે છે. તે શિકાર પણ મંચ ઉપર બેસીને કે બંદૂકથી નહિ પણ માત્ર એક જ ભાલા સાથે સામી છાતીએ સિંહને લલકારીને કરે છે. આફ્રિકામાં કેટલા સિંહો છે તે જાણી શકાયું નથી. કૉંગો, યુગાન્ડા, કેન્યા અને ટાંગાનિકા તેમ જ દક્ષિણ આફ્રિકાના જંગલોમાં સિંહો સુરક્ષિત રખાય છે. ગુજરાત રાજ્યે પણ હાલ ગીર પ્રદેશને સુરક્ષિત જાહેર કરેલો છે.

સિંહ શિકાર ઉપર તરાપ મારતી વખતે પ્રથમ પોતાનું માથું નીચું નમાવે છે ને પૂંછડાના ઝૂંડાને વળ દેતો હોય તેવું જણાય છે. તેની નજર શિકાર ઉપર સ્થિર થએલી જણાય છે. તરાપ મારવા અગાઉ તે ઘૂરકે છે; અને ઘરકતાં ઓચિંતા પોતાનો આગલા પગનો પંજો ફટકારે છે. એ પંજાની એક જ થપાટમાં પાડા જેવા મોટા પ્રાણીને તે જમીન ઉપર પટકાવી દે છે. શિકાર મરી જાય ત્યારે પ્રથમ તો મરેલું ચામડું ઊતરડવાનું કામ તે કરે છે. બરાબર પેટની વચ્ચેથી તીક્ષ્ણ નહોર વડે આખા પેટને સફાઈથી ચીરે ત્યારે ચામડું ચીરવાનો અવાજ નેનક્લાકના તાકામાંથી વેપારી રેજો ફાડે તેવો અવાજ દૂરથી સંભળાય છે. પછી પેટનો મેલાનો ભાગ અને આંતરડાં કાઢી નાખવા માટે સિંહ પોતાના આગલા બે પગોનો ઉપયોગ કરે છે. ભેંસ, બળદ, ગાય, ઘોડો, નીલગાય વગેરે પ્રાણીઓનું મરણ જ્યાં થયું હોય ત્યાં જઈ જોવાથી એ આંતરડાં ને પેટનો ભાગ કેવી સફાઈથી કાઢે છે તે જોઈ શકાય છે. મારણ કર્યા પછી ખૂબ લોહી પીને માંસલ ભાગમાંથી પ્રથમ તો શિકારની કલેજી, ફુક્ફા વગેરે સિંહ ખાઈ જાય છે. હવે તે લગભગ ધરાઈ રહ્યો હોય છે, એટલે પછી સિંહણ કે તેનાં બચ્ચાંઓ તે મારણનું માંસ ખાવા મંડી પડે છે.

ઘોડો, મોટી ભેંસ કે બળદ અગર તો નીલગાયનું મારણ સિંહે કરેલું હોય તો ત્રણથી ચાર દિવસ સુધી સિંહના કુટુંબને તેમાંથી ખોરાક મળી શકે છે. ખૂબ ખાધા પછી પાણી પી, જંગલમાં કોઈ ઘાટી ઘટાવાળા વૃક્ષને છાંયે જઈ તે સૂઈ રહે છે. ધરાએલો સિંહ સૂતો હોય ત્યારે તેની આંખો બંધ હોય છે, પરંતુ તેનું જડબું ઉઘાડું રાખે છે જેથી કાગડાઓ પોતાની ચાંચ વડે સિંહના દાંતમાં ભરાઈ રહેલું કાચું માંસ ખોતરીને ખાય છે. સિંહને તે ગમે છે.

સિંહોની એક ખાસિયત એ છે કે તે કોઇ મનુષ્ય ઉપર તરાપ મારતો નથી. હા, ઘવાએલો સિંહ જરૂર મનુષ્યો ઉપર પણ તૂટી પડે ખરો. ગીરના સિંહોને ઘોડાનું માંસ પ્રિય છે એમ લોકો માને છે, પરંતુ ઘોડા ઉપર સવારી કરીને કોઈ જંગલમાંથી પસાર થાય તો તેના ઉપર તે તરાપ મારતો નથી. એવી જ રીતે જો બળદ ખેડૂતના ગાડે જૂતેલો હોય અને ખેડૂત ગાડું હાંકી રહ્યો હોય તો તેવા બળદને પણ સિંહ મારતો નથી. સાધારણ રીતે, બિલાડી વર્ગનાં પ્રાણીઓને પાણી પ્રત્યે નફરત હોય છે, પરંતુ સિંહને સામે કાંઠે આવેલા જંગલમાં જવું હોય તો તે તરીને સામે કાંઠે જાય છે. સિંહનું સૌથી ઉપયોગી હથિયાર તેનું બળ છે. પાડો સિંહ કરતાં કદમાં મોટો હોય છતાં સિંહ પંજાની એક જ થપાટથી તેની ડોકને ભાંગી નાખે છે. સિંહ અને સિંહણ બંને મસ્તીમાં હોય ત્યારે બે અઠવાડિયાં સુધી તેમનું સંવનન ચાલ્યા કરે છે. આવા પ્રણયકાળમાં જ સિંહ સિંહ વચ્ચે માદા માટે દ્વંદ્વ થાય છે. —'પ્રજાબંધુ'માં સુરસિંહજી જાડેજા



ઝૂંપડીની લક્ષ્મી

ચિત્રકાર • બંસીલાલ વર્મા

આ રમ્ય-સુંદર કૃતિના ચિત્રવિસ્તારમાં આકારોની યોગ્ય માવજત કરીને શ્રમિક જીવનની સ્વાભાવિકતા અને સાદગીમાં પણ કેવી ચિત્રમયતા હોય છે તે કલાકારે પ્રત્યક્ષ કરાવ્યું છે. રોજની મજૂરીમાં રચ્યાંપચ્યાં રહેતાં આ પાત્રોના પોશાકની સુમેળભરી રંગ-મયતામાં તેમના ગરીબ જીવનના ઉલ્લાસની સમૃદ્ધિ દાખવી છે. પોતાના રંક ઘર-સામાનની વચ્ચે કલાકો સુધી એકધારી રીતે ટોપલા કે સાદડીઓ ગૂંથતાં થાકે જ નહિ અને જીવનમાં મસ્ત રહે એવું કયું માનસિક તત્ત્વ તેમને લાધ્યું હશે કે જે તેમને ઉપલા વર્ગના જેવી સ્પર્ધા કે પ્રપંચ અગર પૃથ્વીના પટ પર આવા ઉલ્લાસમાં રાખે છે?



શિયાળાનું દિવાસ્વપ્ન

ફોટો : અશ્વિન મહેતા

આ માસ (ડિસેમ્બર) ઈતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : વૉલ્ટ ડિઝની

દુનિયાભરના સિનેમા શોખીનોમાં પ્રિય 'મિકીમાઉસ'નાસર્જકડિઝનીતોજગવિખ્યાત છે. એનો જન્મ ઈ. ૧૯૦૧ની ૫મી ડિસેમ્બરે થએલો. બચપણમાં ઘરની ભીંતો પર ડામરથી જાનવરો ચીતરી એ પોતાનાશોખનેસંતોષતો. સોળ વર્ષની વયે



એ ટપાલી બન્યો. લશ્કરની કૂચ જોઈને એને લડવા જવાના અભરખા જાગ્યા. નાની ઉંમર એટલે સૈનિક બનવા તો ન મળ્યું, પણ રેડ-ક્રૉસમાં ડ્રાઈવર તરીકે એ ફ્રાંસની ભૂમિ પર યુદ્ધમેદાનોમાં નોકરી કરી આવ્યો. ત્યાંથી આવી એ કાન્સાસ પ્રાંતમાં એક ધંધાદારી ચિત્રકાર પેઢીમાં જોડાયો. તુક્કાબાજ ભેજું એટલે ઘેર પણ અવનવા પ્રયોગો કરતો. પાસે મોટર નહોતી એટલે ભાડે રાખેલા ઘરના ગરાજમાં રાત્રે - સ્થાનિક બનાવો વિષે કટાક્ષો ભરી ફિલ્મો બનાવતો, જે ત્યાંનાં છબીઘરોમાં બતાવાતી. પછી 'જૅક ઍન્ડ બિનસ્ટૉક' અને 'લિટલ રેડ રાઇડિંગનીહૂડ'ની બાળવાર્તાઓ-કાર્ટૂનફિલ્મો બનાવેલી, જે સ્થાનિક મંડળોમાં ને દેવળના મેળાવડાઓમાં બતાવાતી.

એ બધી ફિલ્મોના દાબડા સાથે એ નસીબ અજમાવવા હૉલીવૂડ ગયો. દૂર એકાંતમાં એક નાનું ઘર ભાડે લઈ એણે ત્યાં પોતાનો સ્ટૂડિયો ઊભો કર્યો. આજે એ સ્થાને એનો આલીશાન સ્ટૂડિયો છે. શરૂઆતમાં એણે એક 'ડેવિડ'ના પાત્ર સાથે ચીતરેલાં પ્રાણીઓના સંમિશ્રણવાળી ફિલ્મો તૈયાર કરી, પણ એ બરાબર જામી નહિ. પછી એણે 'ઑસ્વાલ્ડ, ધલકી રૅબિટ'નામક(એકપાત્ર સાથે) માત્ર પ્રાણીઓનાં જ પાત્રોવાળી ૨૬ કાર્ટૂન ફિલ્મો બનાવી. ન્યૂયૉર્કમાં પણ એ પ્રદર્શિત થઈ. ત્યાં એ ફિલ્મોના માલિકી હક્ક બાબત મતભેદ થતાં એ ન્યૂયૉર્ક ગયો. ઝઘડાની પતાવટ તો એના લાભમાં ન આવી પણ પાછા ફરતાં ગાડીમાં એને 'મોર્ટિમર માઉસ' નામે ઉંદરડાના એક નવા જ પાત્રની કલ્પના સૂઝી, તેની પત્ની લીલિયને એનું નામ 'મિકી માઉસ' રાખવા સૂચવ્યું. અને આમ, પોતાનાં ટીખળી પ્રરાક્રમો ને ચેટકોથી દુનિયાભરમાં વિખ્યાત થનાર 'મિકી માઉસ'નો જન્મ થયો.

લીલિયન પણ પ્રથમ તો એના સ્ટૂડિયોમાં સહાયક ચિત્રકાર તરીકે વૉલ્ટની ભાભીની ભલામણથી રહી હતી. પણ ૧૯૨૫માં વૉલ્ટે એની સાથે લગ્ન કરી લીધાં.

૧૯૨૭માં 'મિકી માઉસ'નું સર્જન થયું ત્યારે તેની બીજી વિશેષતા એ હતી કે એ ફિલ્મ બોલતી હતી. એ અગાઉની વૉલ્ટની ફિલ્મો મૂગી હતી. 'મિકી માઉસે' વૉલ્ટને સિનેમા-જગતમાં ભારે પ્રતિષ્ઠા અને મબલખ કમાણી કરાવી આપી. પોતાની સફળતાઓથી પ્રેરાઈ ડિઝની હવે સાહસો વધારતો ગયો. ૧૯૩૦માં એણે 'સિલી સિમ્ફની' નામે પ્રથમ રંગીન કાર્ટૂન ફિલ્મ બનાવી. ૧૯૩૮માં 'સ્નોવ્હાઇટ ઍન્ડ સેવન ડ્વાર્ફ્સ' નામે પ્રથમ વાર્તાચિત્ર સર્જ્યું. સળંગ લાંબી એ પ્રથમ રંગીન ફિલ્મ હતી. તે પછીનાં એનાં અનેક સર્જનોમાં 'પિનોકિયો', 'ફૅન્ટેશિયા', 'ડમ્બો', 'બામ્બી' 'સિન્ડ્રેલા' વગેરે વિખ્યાત છે. એ બધાંમાંથી તથા પોતાનાં સરજેલાં પાત્રોને ધંધાદારી ઉપયોગ માટે વાપરવા બદલ એને મળતી મબલખ રૉયલ્ટીની કમાણીમાંથી ઘરખર્ચ પૂરતી રકમ લઈ બાકીની આવક એ ધંધામાં રોકતો ગયો. પ્રાકૃતિક વિજ્ઞાનને લગતાં શૈક્ષણિક દષ્ટિએ ઘણાં કીમતી એવાં સુંદર ચિત્રો પણ એણે તૈયાર કર્યાં. એમાં ધ લિવિંગ ડેઝર્ટ, વૅનિશિંગ પ્રેરી, આફ્રિકનલાયન વગેરેમાં એણે પક્ષી પ્રાણી ને જીવજંતુની સૃષ્ટિની સુંદર દસ્તાવેજી રજૂઆત કરી. આ ઉપરાંત, એનાં ડેવી ક્રૉકેટ, લિટલેસ્ટ આઉટલૉ, ગ્રેટ લોકોમોટિવ ચેઝ, ડેવી ક્રૉકેટ ઍન્ડ ધ રીબર પાઈરેટ્સ, વેસ્ટવર્ડ હો, ધી વૅગન્સ, ઑલ્ડ યેલર, ૨૦,૦૦૦ લીગ અન્ડર ધ સી વગેરે વિખ્યાત છે. 'પીપલ્સ ઍન્ડ પ્લેસિઝ'ની એની એક શ્રેણી જગતના ઘણા વિસ્તારોના લોકજીવનની માહિતી આપે છે. આજે પણ ટેલિવિઝન ને સિનેમાઘરોમાં એનાં અનેક સર્જનો બાળકોને ને મોટેરાંઓને પણ મનોરંજન સાથે જ્ઞાન પીરસ્યે જ જાય છે.

ઈ. ૧૯૫૫માં એણે લાખો ડૉલરને ખર્ચે કૅલિફૉર્નિયામાં ૧૬૦ એકરના વિસ્તારમાં 'ડિઝની લૅન્ડ' નામે એક મનોરંજનપાર્ક સ્થાપ્યો છે. દુનિયાની છેલ્લામાં છેલ્લી શોધ ખોળનો ઉપયોગ કરી એણે અનેકવિધ પ્રકારનાં મનોરંજક સાધનો ત્યાં ઊભાં કર્યાં છે.

અને આ બધી સિદ્ધિઓ પછી યે એ પોતે તો એવા જ સીધોસાદો રહ્યો છે; અને હજી યે પોતાના ભેજામાંથી અનેક નવી અજાયબીઓ કાઢતો જાય છે, અને હવે તો એક વિશાળ પરિવાર રૂપ બની ગએલા એના સ્ટૂડિયોના કાર્યકરો એની એ કલ્પનાઓને આકાર આપતા રહે છે. અનેક ઈનામો ને વિદ્યાપીઠોની માનાર્થ ઉપાધિઓ એને મળી છે.

પ્રસંગવિશેષ : રેડિયમની શોધ, ૨૬મી ડિસેમ્બર, ૧૮૯૮

યુરેનિયમ નામે તત્ત્વમાં કિરણ ફેંકવાનો ગુણ છે, એમ હારી બેકરેલ નામના એક વિજ્ઞાનીએ શોધ કરી હતી. એ કિરણોદ્દગારિતાનો માદામ મેરી ક્યુરી અને એમના પતિ અધ્યાપક



પીઅરી ક્યુરી ફ્રાંસમાં અભ્યાસ કરી રહ્યાં હતાં. એમના એ સંશોધનો માટે ઑસ્ટ્રિયન સરકારે યુરેનિયમ કાઢી લીધા પછીની કાચી ધાતુ–પીચબ્લૅંડનો છપ્પન મણ જેટલો જથ્થો એ દંપતીને ભેટ આપ્યો હતો. સંશોધનો દરમિયાન જાણવા મળ્યું કે યુરેનિયમ પેઠે થોરિયમમાં પણ કિરણોદ્દગારિતા જોવા મળતી હતી. પણ ઇ. ૧૮૯૮ની ૨૬મી ડિસેમ્બરે ક્યુરી દંપતીએ આ બધાંથી યે લાખો ગણી વિશેષ કિરણોદ્દગારિતા–રેડિયો ઍક્ટિવિટી ધરાવતું એક તત્ત્વ પણ પીચ બ્લૅંડમાંથી શોધી કાઢ્યું. એ તત્ત્વ તે રેડિયમ. એના અસ્તિત્વની જાણ થયા પછી રેડિયમને શુદ્ધ સ્વરૂપે મેળવતાં તો ક્યુરી દંપતીને લગભગ ચાર વર્ષ લાગ્યાં હતા. ને ત્યારે પણ એ માત્ર દોઢ ગ્રામ જેટલું જ તૈયાર થઈ શક્યું હતું. એ રેડિયમની વૈજ્ઞાનિક સંજ્ઞા છે Ra. એટમિક વજન ૨૨૫.૯૫. એટમિક સંખ્યા ૮૮. ગલનબિંદુ ૭૦૦° સેન્ટીગ્રેડ. હવાના સીધા સંપર્કમાં આ રૂપેરી સફેદ તત્ત્વ લૂખું પડી જાય છે. યુરેનિયમ ધાતુઓના વર્ગનું જ એ તત્ત્વ પીચબ્લૅંડ ઉપરાંત ખનિજ કાર્નોરાઇટમાંથી યે મળે છે. રોગોપચાર અને ખાસ કરીને કૅન્સર તથા ચામડીના રોગોમાં અતિ ઉપયોગી રેડિયમ એના શુદ્ધ સ્વરૂપમાં અતિ અલ્પ માત્રામાં મળતું હોઈ એ અતિશય જ મોંઘું હોય છે.

અનુભૂત કુંદફૂ જીતે, આશ્ચર્યમ્! કૃષ્ણ કરે ઈ જીતે
આવડો મોટો મલક આપણો જીતે કેવી રીતે?

—ચાંપશીલાલ કવિ—

પત્નીને હીરાવાડાંની બીમારીને જ્યુ કામસર બહાર ગએલો તેનો સ્વામીના મોડે સુધી પાછો ન આવ્યો ત્યારે તેની ચિંતાથી તેની શોધમાં નીકળેલી તેની સ્ત્રીને પાસેના ખડક પરથી તે અકસ્માત મરણ પામેલો મળી આવ્યો. તેને ખભે નાખી તે હીરાવાડી પર લાવી એટલામાં શાન પડી ગઈ. એટલે પતિના શબની ફિકર ન કરતાં તેણે હીરાવાડી સંભાળી લીધી; કર્તવ્ય પહેલું કર્યું. તેના હીરા તો તેણે સલામત રાખ્યા, પણ તેને ફરતા શબને શીંગાચલાવતાં ન આવડ્યો, એટલે આખી રાત તેણે પોતાના હાથથી તેના હાથ ફેરવ્યે રાખ્યા, અને કાળજું કઠણ કરીને મનનું દુઃખ મનમાં દબાવી રાખ્યું—વહાણોની સલામતી સાચવી!

અનેકાર્થી શબ્દ: **ગવાક્ષ**=ગોખ; છજું કે ઝરૂખો; ગોખરુ; હાંડું, ખાડીબારું કે બાકું; દુર્યોધનના મામા શકુનીના છ ભાઈઓ પૈકી એક; રામની સેનાનો એક વાનરાધિપતિ; સાક્ષી કે સાહેદ; ગાયની આંખ; ગાયની આંખના આકારનું એક જાતનું રત્ન.

કહેવતોના અર્થ: 'જુદું ને મૂઉં બરાબર.' સંપ, સહકાર અને સહનશીલતાથી અખંડ ને માતબર રહેતાં અવિભક્ત કુટુંબની પ્રથાનાં મૂલ્ય ને મહત્તાની પ્રતીતિ જે કાળે સમાજમાં હતી, તે જમાનામાં કુટુંબથી વિભક્ત થઈને જુદું (જુદારું) કરવા (નોખા રહેવાની) નીકળનારને થતા નુકસાનની ગંભીરતા મરણ જેટલી ગણાતી, એમ આ કહેવત દર્શાવે છે.

કાચબાને દાંત નથી હોતા.

વૉટરપ્રૂફ કાગળની પહેલી પ્રથમ શોધ સને ૧૮૪૭માં થઈ હતી.

અવાજનું આંદોલન દરિયાને તળિયે મોકલીને તેને પાછા આવતાં લાગતા વખત પરથી દરિયાની ઊંડાઈ માપવામાં આવે છે.

ફ્યુચરના કાઉન્ટેન પેનને કદી ગરમ પાણીથી સાફ કરતા! ફ્યુચરનું નરમ પડી જઈ પેનમાં બધાં સાંધા ઢીલા થઈ જશે અને તે નકામી બની જશે.

સુકાઈ ગયેલા યુડૅપૉલિશમાં ટર્પેન્ટાઈનનાં થોડાં ટીપાં ઉમેરવાથી કામ આપશે.



બંને હાથે અને પગે છ આંગળાંવાળો પુરુષ


ખોટી વાત

અગ્નિ, જળ, વાયુ અને પૃથ્વી, એ ચાર મૂળ તત્ત્વો નથી; પણ અનેક તત્ત્વોનાં સંમિશ્રણ છે.

જમતી વેળા

કઢંગી રીતે બેસવાની ટેવ હોય,
મોટાં સબડકાં ભરવાની આદત હોય,
કોળિયો જમીને આંગળાંને ચાટતા કે
  છાંટતા હો,
સામા માણસને ગમે કે ન ગમે છતાં
  વાતો કરતા હો,
બીજી વાનીઓની ઉપેક્ષા કરી ગમતી
વાની ઉપર જ હાથ ચલાવતા હો,
જમી રહ્યા પછી જે હાથમાં આવ્યું તે
વડે દાંત ખોતરખોતર કરતા હો,
—તો જરૂર કોઈને પણ ત્યાં જમનાર
તરીકે તમે અળખામણા થઈ પડવાના.

આપણી ભાષામાં નીચેના શબ્દો એવા છે કે જે સીધા કે ઊલટા બંને તરફથી એક જ સરખા વાંચી શકાય. એવા 'ગતાગતરૂપ'ના બીજા નમૂના તમે શોધીને મઝા લઈ જુઓ: કટુક, કટક, કડક, કડાક, કશાક, કતક, કથોક, કપક, કલંક, કલાક, કારિકા, કાલિકા, કાકા, કાકો, ચાચો, જાણજ, ઝાઝા, ટાટા, ઠંઠું, ડુંડું, ડાંડો, તરત, દરદ, દશોદ, દાદા, નમન, નયન, નર્તન, નલિન, નવીન, નશીન, નાના, નામના, પડપ, ફાંફાં, બીબી, ભાભા, મડમ, મલમ, મામા, રબર, રૂબરૂ, લાલા, લીલી, વટાવ, શીશી, સમાસ, સરસ.



યુકેરિસ્ટિક કોંગ્રેસ માટે ભારત પધારેલા નામદાર પોપ પોલ છઠ્ઠાને બાઇબલ રાખવા માટે રાષ્ટ્રપતિએ ભેટ આપેલી હાથીદાંતની પીઠિકા. એની કોતરણી બંગાળ કારીગરોએ કરી છે.

આ અંકની ટોચથી ઉપરના સરનામામાં આપના ગ્રાહકનંબરની છેડે '૧૨'નો આંક આપેલો હોય તો

આ અંક સાથે

આપનું લવાજમ

પૂરું થાય છે

એ ચાલુ રાખવા માટે અમારે આપને વિશેષ કહેવાનું રહેતું નથી. એકતાળીસ વર્ષની પોતાની એકધારી કક્ષા અને પ્રણાલિ 'કુમારે' યથાતથ સાચવી રાખી છે અને વિશેષમાં આગામી વર્ષે આવતા

૫૦૦મા અંકની

જાહેરાત તો આપે વાંચી છે

એટલે અમને ખાતરી છે કે ચાલુ લવાજમમાં જ એ ખાસ અંકનો લાભ લેવા માટે આપ તત્કાલ જ આ સાથેનું કાર્ડ ભરી મોકલશો.


૧લી એપ્રિલ ૧૯૬૫ બાદ 'કુમાર'નું લવાજમ વધીને દેશમાં રૂ. ૧૫ અને પરદેશમાં રૂ. ૧૮ અથવા ૨૮ શિલિંગ થશે.

એ વિષયમાં ખાસ ધ્યાન ખેંચીએ છીએ કે તા. ૩૧ માર્ચ ૧૯૬૫ સુધીમાં જેમનાં લવાજમ **આગામી આખા વર્ષ માટેનાં**, એટલે કે ૧૯૬૫ના ડિસેમ્બર અંક સુધીનાં પૂરાં આવી ગયાં હશે તેમને જ બાર રૂપિયાના ચાલુ લવાજમનો લાભ મળશે.

એટલે જો આપનું લવાજમ ડિસેમ્બર ૧૯૬૫ સુધી પહોંચતું ન હોય અને વર્ષની અધવચના કોઈ માસમાં પૂરું થતું હોય તો તત્કાલ બાકી રહેતા એટલા માસના, દરેક માસના રૂપિયા એક લેખે ગણીને સાથેના કાર્ડ જોડે મોકલી આપશો.

અને જો સંજોગવશાત્ આપને **ગ્રાહક તરીકે ચાલુ ન રહેવું હોય** તો તેવા ખબર પણ આ સાથેના કાર્ડમાં ભરી મોકલવા આગ્રહભરી વિનંતિ છે.

એ જાન્યુઆરીની આખર સુધીમાં આપનો કશો જ ઉત્તર નહિ મળે તો આપ ચાલુ રહેવા ઇચ્છો છો એમ સમજીને અમે જાન્યુઆરી અંક વી.પી. કરીશું જે સ્વીકારી લેવા વિનંતિ છે.



ચાળીસ વર્ષની કુમારચર્ચા દાખવતું આ માનચિત્ર અમે ગયા ડિસેમ્બરમાં આપ્યું હતું. તેનો ચડતો જતો આંક આ એકતાળીસમે વર્ષે પણ, લવાજમ-વધારો થયા છતાં, ઘટ્યો નથી—બલ્કે થોડો વધ્યો છે. એ દર્શાવે છે કે 'કુમાર' તેના લવાજમની ભારોભાર જ નહિ પરંતુ તેથી વધારે મૂલ્યની વાચનસામગ્રી અને ચિત્રસમૃદ્ધિ આપવામાં લેશમાત્ર પાછું પડ્યું નથી.

લવાજમ કઈ રીતે મોકલશો?

આ સામેના કાર્ડમાં પાંચ પદ્ધતિઓ તે માટે દર્શાવી છે. તેમાં મનીઑર્ડરથી મોકલવાની પદ્ધતિ સૌથી સોંઘી અને સલામત છે. ચેક બીજી કોઈ બૅંકનો હશે તો ચારેક આના કમિશનના વધારે મોકલવા રહેશે; અને વી. પી.થી છપ પૈસા વધારે પડશે. જે રીતે મોકલતા હો તે પદ્ધતિ સામે આ કાર્ડમાં ✓ નિશાની કરવા વિનંતિ છે.

લવાજમ: ૩૧-૩-૬૫ સુધીમાં આખા વર્ષનું ભરનાર માટે જ
દેશમાં રૂ. ૧૨ - પરદેશમાં રૂ. ૧૫ કે શિ. ૨૪



પત્રમિત્ર વિભાગ

જર્મન પત્રમિત્રો



જર્મનીમાં પત્રમૈત્રી માટે 'Beacon' નામનું એક સામયિક નીકળે છે. એમાં ભારતમાં પત્રમૈત્રી બાંધવા માટેના સાધન તરીકે 'કુમાર'નું નામ Kumar તરીકે નહિ પણ કોઈની ભૂલથી Kumar Printery તરીકે ગયા અંકમાં છપાયું છે. ત્યારથી દરરોજ અમારા ઉપર પત્રમૈત્રી ચાહનારાં કુમાર-કુમારીઓ [તથા અન્યો]ના પત્રો આવ્યા જ કરે છે. આ નીચે તેમનાં નામ-સરનામાં તથા જરૂરી માહિતી છાપીએ છીએ. આશા છે કે 'કુમાર'ના વાચકો ભારતની શાન સચવાય એ રીતે તેમની સાથે (અંગ્રેજીમાં) પત્રવ્યવહાર કરશે. દરેક સરનામાને છેડે Germany એટલું ઉમેરી લેવું.

(1) Angela Fritzsche, 5401, Rubenach, Koblenzerstra Be 1; (age 15 years); general interests. (2) Barbara Esmann, 5628, Heiligenhaus, Hauptstr 176; (Girl – 18 years); reading, music, theatre, photography. (3) Barbl Herim, 834, Pfarkitchen, Sallingerstr. 16; (G-17); books, music, languages, dancing, travelling, collecting different things. (4) Barbel Strepp, 674, Landav/Pfalz, Maria-Ward-Schule, Cornichon st. 1; (G-14) swimming, reading, photography, postcards, stamps, animals, dancing, music, drawing, table-tennis. (5) Birgit Wolters, 28 Bremen 1, Manteuffelstr. 23, West Germany; (G-17) general interets. (6) Brigitte Braun, 7487, Gametinger, Kohenzollunst 82; (G-15) general intersts. (7) Brigitte Schonauer, 839, Passau, Fruhlingstr. 15; (G-17); stamps, swimming, reading. (8) Birgit Radtke, 518, Eschweiler Pregerstr. 12, West Germany; (G-13) stamps, reading, classical music. (9) Christa Roerig, 5 Cologne/Braunsfeld, Haltzstr, 22; (17) coins, stamps, postcards, history and geography. (10) Christel Will, 6719, Rodenbach/PF, Hauptstr. 32; (G-13); general interests. (11) Doris Boese, 2 Hamburg 53, Fangdieck strapse 142, West Germany; (15) every thing. (12) Ele Oschatz, mozartstrape, 8761, Monchberg; (G-14); riding, swimming, modern art, general interests. (13) Emmi Albig, 8581, Goldkronach, Bachgasse 64; (G-14); coins, postcards, swimming, skiing. (14) Erica Theis, 6638, Dillingen 1 Saar, Werderstr. 174, Hotel Duffler-Tor; (16) general interests. (15) Faulein, Ursula Heiland, 7967, Badwaldsee/Wurts, Unterurbader Weg 26; (15); dancing, modern music. (16) Gerhard Bucking, 6368, Bad Vilbel, Rechthienstrape 8; (14); geneal interests. (17) Gertraud Eser, 839, Passau, Residenzplatz 13, West Germany; (G-16); sports, stamps, postcards. (18) Gabriel Dickenbrok, 29, Oldenburg, Zarschweg 96; (16); viewcards, reading, photography. (19) Hella Weber, 64, Fulda, Am Kleegarten 62; (G-13); stamps, sports. (20) Ilka Malinowski, 43 Essen Haurzopf, Hatzper Strape 244; (15); view-cards, records, books of foreign countries. (21) Hanni Riebl, 839, Passau, Halserstr. 9; (G-17); books, music, langnages, dancing, travelling. (22) Ingeborg Rannert, 8806, Neuzndettelsau, Postfsach 23; (G-16); music, reading, olympics, stamps, coins. (23) Irmgard Von Lindern, 282, Bremen Grohn, Friedrich-Humbert str. 69, West Germany; (G-18); general interests. (24) Joe Stiel, 5529, Biesdorf, St. Joseph's College; (20); general interests.

(25) Birgitta Lang, 5982, Neuenrade, Bahnhobstr. 26, Federal Republic of Germany; (G-); General Interests: music, literature, politics and dancing. (26) Christine Aurich, 8501, Fencht 1 Nbg. Sammerk ellr 817; (G – 17);. Interests; stamps-collecting, reading, dancing, modern music. (27) Dagmar Radke, 43, Essen, Morikestrape 1; (G – 17); Interests: postcards, stamps and books of foreign countries. (28) Eva Landenberger, 795, Biberach/Riss Pflummernstr. 29; (G – 15½); Interests: geography, music, swimming, reading, postcards. (29) Gabriele Wurm, 674, Landau, Cormichonstr. 1, Western Germany; (– 17); Interests: music, drawing, archaeology. (30) Lieselatte Heiusle, 6836, Offersheim Am Alden Kirchhof 4; (– 15); Interests: collecting stamps and postcards together with other general interests. (31) Marlies Kiipper, 4102, Homberg–Ndrrh, Duisburgerstr. 1; (G – 16); Reading, dancing, swimming, stamps, pop – music and table-tennis. (32) Marliese Bohn, 816, Miesbach Obb. State, Landfrauenschule, Western Germany; (G – 21); Studying Agriculture; music, literature, interest in all sorts of animals (especially– cats, dogs and horses), agriculture and correspondence with same-interested persons. (33) Maike De Boer, 4459, Emlicheimikr. Bentheim Volzeler Mühlenweg 50; (– 16); modern music and postcards. (34) Maria Rattel, 86, Bamberg, Holzmarkt 2; (G – 16); reading, stamps-collecting, swimming, collecting fewcarts & coins. (35) Heike Worreschk, 22, Elmshorn, Klostersande 88; (G – 16); sports, stamps, music, reading. (36) Peter Henze, 3422, Bad Lauterberg-harz, Heikenberg Weg 8; music, sports, photography, stamps-collecting.

(37) Regina Carl, 7, Stuttgart-Botnang, Gallenklingenstrasse 37; (G – 16); stamps, coins, good books, music, swimming, correspondence, foreign coun-

tries and dancing. (38) Renata Eisenhut, 84, Regensburg, Dr. Hipp.-Str. 1; (G–17); sports, tennis, swimming, skiing, music, reading, postcard, dancing and correspondence sharing ideas & thoughts. (39) Renate Schermann, 8753, Obernburg/Main, Bergstrasse 42; (–15); Languages, playing guitar, swimming, collecting viewcards, dancing, politics, correspondence in English or German. (40) Rosie Kronseder, 8091, Schilchau 34, Post Evenhausen, iiber Wasserburg/Jun; (G–15); stamps, viewcards, reading and writing letters to girls generally, playing guitar, singing and dancing. (41) Wolfgang E. Wachholz, Bonetstr. 24, 42 Oberhausen; (–14); collecting stamps, ships, postcards and reading.

(42) Warlis Bopler, 899, Lindan B, Engl. Inotiteet, Laudurgotr. 3; (G-16); general interests. (43) Angela Henmannodorper, Address as above, (G–16) general intrests. (44) Doris Mayer, Address as above; (G-15); general interets. (45) Waltiaud Soradler, Address as above; (G-17); general interests. (46) Ingried Scrule, Address as above; (G-16); general interests. (47) Heidi Rathers, 7967, Bad Waldsee, an Bahnhof, Deutschland; (G–16); sports, stamps, postcards, travelling, dancing. (48) Elfriede Mull, 845, Amberg Triftiweg 2; (G-16); general interests. (49) Helen Prochoris. 7057; Winneuiten, Serlopstr. 10; (G-17); reading books, dancing, music, painting, postcards, collecting. (50) Mangelika Weiss 8601, Baunach, Bahnhofstr. 1; (G-15); stamps, animals, records, drawing, authographs, reading. (51) Julia Schober, 86, Bamberg, Podeldorfer str. 50/II; (G–13); stamps, swimming, animals-pictures. (52) Ingrid Mailahn, 48, Bielefeld, Am Kattenkamp Od, West Germany; (G-21); stamps, dancing, reading, music. (53) Angelika Mailahn, address as above; (G-17); stamps, dancing, reading, travelling, music. (54) Marianne Schwanninger, Hirhen 42½, 8261, Racherling; (B-15); general interests. (55) Miss Elfi Bublitz, 3388, Bundheim, Schlewecked Trift B, West Germany; (G-15); reading, dancing, swimming, movies, stamps, postcards, modern music. (56) Miss Reinhild Bothe, 3388, Bundheim, Dr. Heinaich Jasper str. 456, West Germany; (G-14); reading, politics, swimming, modern and classical music, jazz, stamps, postcards. (57) Gisela Gunther, 64, Fulda, Rheinslra Be 26; (G–16); general interests. (58) Barbel Zschummel, 235, Neumanster, Wittorfer Str. 29; (G-16); dancing, reading, modern music, sports. (59) Josef Berktold, 8980, Kornav 22/27, Oberstdorf. Allg; (B-16); stamps, pictures, postcards, swimming, skiing and dancing. (60) Ulrile Pontani; 601, Seeheim/Bergstr. Karolinenstr. 1; (B-18); sports, dancing, music, reading, writing diary, politics, history, social problems. (61) Edith Lumebaca (G-14) and Jese (G-17), Kolu 5, Earcugeld, Fortesses 22; swimming, music, stamps, reading. (62) Edeltrud Meyer, 674, Landau 1 Pfalz, Cornischon str. 1; (G-16); sports, skiing, swimming, dance. (63) Margit Adrian, 674, Landau 1/Holz. Cornichon str. 1; (G–16); sports, dance, music, skiing, swimming. (64) Astrid Balada, 3441, Niededunzchach, Kv. Eschwege, West Germany; (–16); reading, theatre, minerals, stamps. (65) Monika Beumer, 4704, Herringen 1, Hamm Hobzsrta Be 4; (G–16); general interests. (66) Miss Ulrike Gysler, 7, Stuttgart–Degerloch, Trummlestr; 8; (G–18), horses, and animals, riding, flowers and gardening, needle-work, reading, history, politics, philosophy and languages, stamps and postcards. (67) Jutta Dienstbies, 8901, Welden/Augsburg, Fuggerstr. 18; (–15); general interests. (68) Norbert Grdlewski, 8833, Kloster Rebdorf/Eicrst. (B–16); reading, stamps, swimming. (69) Werner Scribe; (address as 68); (–15); Aeroplanes. (70) Adelheid Weiss, 703, Boblinger, Koenigsbergerstr. 7; (-17); swimming, pop-records, languages, movies, postcards, dancing. (71) Christine Weinhardt, 703, Boblingen, Jaegerstr. 50; (G-17); swimming, pop-records, languages, stamps, viewcards, photography, painting, dancing. (72) Karl Blaun, 6799, Patersbuch den, Michelsbeg 18; (B-15); correspondence. (73) Christa Drendel, 7918, Illertissen, Bayern Auerstr. 30; (G-16); languages, music, viewcards, sports. (74) Gisela Pauli, 887, Gunzburg, Bayern, Bahnhofsplatz 5; (G-16) pen-pals. (75) Pia Lebelt, 7918, Illertissen, Bay, Auer Str. 19; (G–16); pen-pals. (76) Hargot Hilkert, 235, Neumunster/Holskum, Haurt 59; (G-15); reading, stamps, postcards, geography. (77) Jese Wlkert, 235, Neumunster/Holstrn, Haart, 59; photography, stamps, reading, geography. (75) Wolfgang Herbst, 35, Kassel-B., Schroderphtall; (B-15); sports, foreign languages, reading. (79) Margirt Steiger, 8908, Krumbach, Robert sterger-strabe 110; (G-16); swimming, collecting stamps and postcards, music. (80) Doris Kessler, 34, Gohingen, sohewiese 4, Deutschland, (B-15); general interests. (81) Elisabeth Dippold, 855, Forchheim, Bir Kenfelder, str. 24, West Germany; (G-14); swimming, reading, stamps, (82) Barbara Volkart, 851, Furth, 9, Schlobhof, 1; (G-15) general intersts, sport.

(ચાલુ)

'તારા યાત્રીઓનું પાપ મારા ઓષ્ઠ પર આવીને બેઠું!'

'ઓહ, અદ્ભુત મુસીબત! મારા ઓષ્ઠેથી પાપ કદું–તારા અધર પર સર્યું! એનો એકમાત્ર ઇલાજ...લાવ મારું પાપ, મને પાછું આપ!'

અને એ ઇલાજ કામયાબ નીવડ્યો.

મિજબાની પૂરી થઈ. મદહોશ બનીને રોમિયો વિદાય લઈ રહ્યો. જુલિયેટ અનિમેષ નેત્રે એ જુવાનને જતો જોઈ રહી. તેણે એક ઊંડો નિશ્વાસ મૂક્યો. એક પળમાં એના ચિત્તમાં વીજળી ચમકી: 'પ્રેમનાં અમી પાઈ જનારો આ જુવાન કોણ?'

એ પોતાના કુટુંબના કટ્ટર વેરી મૉન્ટેગ્યુનો પુત્ર રોમિયો હતો એ જાણીને તેને ફાળ પડી. આ આકસ્મિક પ્રેમની ફલશ્રુતિની આશંકા તેને પજવી રહી. બે ગભરુ હૈયાં વચ્ચે કૌટુંબિક કલેશની અડીખમ દીવાલ ખડી થતી તેને દેખાઈ. રોમિયોને એની પ્રિયતમાનો પરિચય મળ્યો ત્યારે એ પણ ઘડીભર મૂંઝાઈ ગયો. પરંતુ હવે હૈયું પરવશ હતું. જુલિયેટ વિના જીવતર બેકાર હતું.

સમારંભમાંથી એણે બહાર નીકળી ટહેલવા માંડયું. રાત ખાસી વીતી હતી, પણ ઘેર જવાનું તેને ગોઠ્યું નહિ. જુલિયેટની તેને મોહિની લાગી હતી. એના વિના હવે સર્વ શૂન્ય હતું. ફરી એ રમ્ય રાત્રિએ જુલિયેટનું સૌંદર્ય નીરખવા તે તડપી રહ્યો. પ્રેમનો એ દીવાનો દીવાલ કૂદીને જુલિયેટના ઉદ્યાનમાં આવી ઊભો. વાતાવરણ સૂમસામ હતું. હવા ધીરે-ધીરે વહેતી હતી. ચોતરફ દૃષ્ટિ ફેંકતો રોમિયો આગળ ને આગળ ગતિ કરી રહ્યો. પશ્ચિમમાં ચંદ્રા ધીમે ધીમે ઢળતી હતી. એણે તાજુબ થઈને એ ચંદ્રાના તેજમાં જોયું તો પૂર્વની અટારીમાં સૂર્યની જેમ ઝળહળતી જુલિયેટ વિચારમગ્ન ઊભી હતી. આંખો ભરીભરીને એ–માશૂકની–મનોહર મૂર્તિ જોઈ રહ્યો, મન ભરીને એને માણી રહ્યો.

જુલિયેટની સ્થિતિ વિચિત્ર હતી. હૈયામાં કંઈક ઊંડું દર્દ થતું હતું. એ દૂભતું હતું છતાં ગમતું હતું. સમારંભમાંથી તે પાછી ફરી, પણ તેનું ચિત્ત ક્યાંય ચોંટ્યું નહિ. તે એના શયનખંડની અટારીએ આવીને ઊભી. ગાલે હાથ ટેકવી એ વિચારમગ્ન બની: 'રોમિયો, શત્રુપુત્ર! પણ તેથી શું? કામદેવતાએ એક જ બાણે બે હૈયાં એક સાથે પરોવી દીધાં. હવે વીંધાયાં પછી હાણ શી?'

રોમિયોની તો એ આનંદરાત્રિ બની ગઈ. અટારીએ ઊભેલી પ્રતિમા પર એની દૃષ્ટિ જડાઈ જ રહી. જુલિયેટના હાથનાં મોજાંની પણ તેને ઈર્ષા આવી ગઈ: 'હું પણ એના મુલાયમ હાથનું મોજું હોત તો મોજથી એના ચિબુકને ચૂમતો હોત!'

જુલિયેટ અજંપાની માધુરી પ્રગટ કરી રહી હતી: 'પ્રિયતમ...રોમિયો, તું મૉન્ટેગ્યૂ કેમ થયો? મારે ખાતર તું મૉન્ટેગ્યૂ મટી જા...તું રોમિયો મટીને કેપ્યુલેટ બની જા. નામની તે શી વિસાત, વહાલા! ગુલાબને ગુલાબ ન કહેવાથી કંઈ તેની સુગંધ નાશ પામવાની છે? ગુલાબ ગમે તે નામ પામે પણ સુગંધ તો એની એ જ ને? તું પણ મારું ગુલાબ...તું કૅપ્યુલેટ બનીશ તેથી તારી પ્રેમસુવાસ નષ્ટ નહિ થાય, મારા રોમિયો...તું તો મારા રોમેરોમમાં વ્યાપી વળ્યો છે...હવે નામ સાથે શી નિસબત?'

રોમિયો આ સ્વગતોક્તિથી ધન્ય બની રહ્યો. હળવેકથી બોલ્યો: 'મધુરી જુલિયેટ, તારે કાજ મારું નામ આજ ખતમ કરું છું. તું મને નવું નામ દેજે વા તારા હૃદયનો કાન્ત કહેજે.'

આવા શબ્દો સાંભળી જુલિયેટ ચમકી ગઈ. રોમિયોને નીચે અટારી પાસે જોઇ તેના આનંદ-આશ્ચર્યની સીમા ન રહી: 'અરે, તું? અહીં? ચોકી ચુકાવીને દીવાલ કૂદીને તું શી રીતે આવ્યો?'

'પ્રેમના દેવે પાંખો આપી...અને નિર્જીવ દીવાલો પ્રેમના પૂર સામે ટકી શકે શી રીતે?'

'પણ...પણ ચોકિયાતો તને જોશે તો મારી નાખશે.'

'એમની સમશેર કરતાં ય તારાં નયન વધુ કાતિલ છે. જોખમ તો એનું છે, પ્રિય જુલિયેટ!'

'નહિ, વહાલા રોમિયો, ચોકીદારોની નજરે તું ચડીશ નહિ...'

'પણ તારો વિયોગ એ જ જીવતું દોજખ છે. તારા પ્રેમને ખાતર મોત મળે તો ય મહેફિલ છે.'

રોમિયોના આવેશભર્યા ઉદ્ગારો સાંભળી જુલિયેટ ગળગળી થઈ ગઈ. તેણે ધીમે સાદે કહ્યું: 'વહાલા રોમિયો...તું ચાહીશ ને મને જિંદગીભર? મારે તારી પાસેથી સોગંદ નથી સાંભળવા. તારી સચ્ચાઈનો મને ઇતબાર છે. આજે પહેલી મુલાકાતે ખીલેલી પ્રેમની કળી ફૂલ બનીને મહેકશે ક્યારે?' એવામાં એણે અંદરથી પરિચારિકાનો સાદ સાંભળ્યો. એ અધીરી બનીને બોલી રહી: 'મારા નાથ, કાલે તારા સંકેતની વાટ જોઈશ અને તારા એક ઇશારે મારું સર્વસ્વ તારે ચરણે ધરીને તારી પાછળ ચાલી નીકળીશ. અચ્છા ત્યારે, અલવિદા!'

એક આંખે ઇજન ને બીજી આંખે વિદાય દેતી જુલિયેટ રોમિયોને ફરીફરી તરસી આંખે જોઈ રહી.

રોમિયો જુલિયેટથી વિખૂટો પડચો, પણ તેને જંપ ન હતો. એ તરત જ ધર્મગુરુ ફાધર લૉરેન્સને મળ્યો. લૉરેન્સને રોમિયો પ્રત્યે સદ્ભાવ હતો. રોઝાલિના સાથેના તેના પ્રેમસંબંધની પણ તેમને જાણ હતી. પરંતુ જ્યારે રોમિયોએ તેમને જુલિયેટ સાથેના પ્રેમની વાત કરી ત્યારે તે અજાયબ થઈ ગયા. જુવાનોના ચંચળ પ્રેમની તેમણે ટકોર પણ કરી. પરંતુ તેમણે રોમિયોની બધી વાત સાંભળી ત્યારે તેમને વિશ્વાસ બેઠો. રોમિયો-જુલિયેટનાં લગ્ન કરાવી આપવા તે સંમત થયા. એમને મૉન્ટેગ્યૂ અને કૅપ્યુલેટ–એ બંને કુટુંબ સાથે સારો પરિચય હતો. એ બંને કુટુંબો વચ્ચેનો ઝઘડો આ લગ્નથી કદાચ કાયમ માટે દફનાઇ જશે એવી શુભાશા તેમને બંધાઈ.

રોમિયોએ સંદેશો મોકલ્યો કે તરત જુલિયેટ દેવળમાં નિશ્ચિત સમયે આવી પહોંચી. ધર્મગુરુ લૉરેન્સની સાક્ષીએ બંનેએ જીવનભર પરસ્પર વફાદારીના સોગંદ લીધા અને એમનો લગ્નવિધિ પતી ગયો.

લગ્ન પછી તરત એક દુર્ઘટના બની ગઈ. કૅપ્યુલેટના સમારંભમાં રોમિયોએ ગુપ્ત વેશે હાજરી આપી ત્યારથી કૅપ્યુલેટનો ભત્રીજો ટાઇબલ્ટ તેના પર છંછેડાએલો હતો. તેને ફટકારવાનો લાગ શોધતો હતો. એક પ્રસંગે રસ્તામાં તેને રોમિયોના બે મિત્રો–મર્ક્યુશિયો અને બેન્વેલિયો–ભેટી ગયા. રોમિયો પરની દાઝ તેણે તેના આ મિત્રો સામે કાઢવા માંડી અને નાહક કજિયો ઊભો કર્યો. રોમિયોના મિત્રો પણ કાંઈ ગાંજ્યા જાય એવા નહોતા. ઝઘડો વધ્યો ત્યાં જ રોમિયો લગ્ન પતાવીને ફરતોફરતો એ સ્થળે આવી પહોંચ્યો. એને જોતાં જ ટાઇબલ્ટની આંખમાં ઝેર આવ્યું. અપશબ્દોથી તેણે રોમિયોને નવાજ્યો, છતાં તે શાંત રહ્યો. ખૂબ વિનયથી, સૌજન્યથી તે કંકાસ ટાળવાની કોશિશ કરી રહ્યો. હવે તે જુલિયેટનો પતિ હતો. એ રીતે ટાઇબલ્ટ પણ તેનો સંબંધી થયો ગણાય. તેની સાથે હવે ટકરાવાની રોમિયોની જરા ય ઇચ્છા નહોતી. પણ ટાઇબલ્ટે તો લડી લેવાનો નિર્ધાર જ કર્યો હતો. રોમિયોનાં નમ્ર સ્નેહાળ વચનોથી તે વધુ મિજાજી બન્યો. મર્ક્યુશિયો અને બેન્વોલિયો આ તોછડાઈ સાંખી લેવા જરા પણ તૈયાર નહોતા. રોમિયો સાથેનો ટાઇબલ્ટનો ઝઘડો તેમણે પોતાના પર વહોરી લીધો. રોમિયોએ તેમને વાર્યા, છતાં વાત મારામારી સુધી

નહિ કલ્પેલી એટલી પ્રશંસા પામેલી આ વાર્તાતરમાળા આ જયંતી-વર્ષ સાથે પૂરી થતી હોવા છતાં આગળ ચાલુ રાખીને શેક્સપીઅરનાં બધાં જ નાટકોનો આસ્વાદ આપવાની અમારી વિનતિ ડૉ. મધુસૂદન પારેખે એવા અંદેશાથી અસ્વીકારી છે કે અવશેષ નાટકોથી કદાચ વાચકો કંટાળશે. એટલે આનો નિર્ણય અમે વાચકો ઉપર છોડીએ છીએ, અને પોતાનો અભિપ્રાય લખી મોકલવા વિનતિ કરીએ છીએ.

આવી પહોંચી. ટાઇબલ્ટે તલવાર ખેંચી અને મર્ક્યુશિયોએ તે વધાવી લીધી. બંને જીવલેણ યુદ્ધ ખેલવા લાગ્યા. ટાઇબલ્ટના એક સપાટાથી મર્ક્યુશિયો તમ્મર ખાઇને ઢળી પડ્યો. ટાઇબલ્ટને એથી તો ગર્વ ચડ્યો. એણે ફરી રોમિયોને છંછેડવા માંડ્યો. –યુદ્ધ માટે મેદાને આવવા પડકાર્યો. મિત્રને નજર સામે મૃત્યુ પામેલો જોઈ રોમિયોને રોષ તો ચડ્યો જ હતો—ટાઇબલ્ટે બળતામાં ઘી હોમ્યું. એકદમ રોમિયોએ શમશેર કાઢી અને ટાઇબલ્ટને આહ્વાન આપ્યું. ટાઇબલ્ટે બધી દાઝ એકઠી કરીને તલવાર વીંઝવા માંડી, પણ રોમિયોના યુદ્ધકૌશલ આગળ તે નિષ્ફળ ગયો. રોમિયોની તલવાર તેના હૃદય સોંસરી નીકળી ગઈ અને મર્ક્યુશિયોની બાજુમાં જ તે પણ પડ્યો.

વેરોનાના રાજવીને આની ખબર પડી. આ બંને કુટુંબને તેણે અગાઉ રસ્તા પર ઝઘડા નહિ કરવાની તાકીદ આપી જ હતી. તેણે બંને પક્ષની તપાસ કરીને ગુનેગાર શોધવા માંડ્યા. બંને પક્ષના સામસામેના આક્ષેપો તપાસીને તેણે ટાઇબલ્ટનો પણ દોષ વિચારીને અંતે રોમિયોને દેહાંતદંડને બદલે દેશનિકાલની શિક્ષા ફરમાવી.

જુલિયટને જ્યારે આ અમંગલ ઘટનાની ખબર પડી ત્યારે તેને પ્રથમ તો રોમિયો પ્રત્યે દુર્ભાવ પેદા થયો: 'આ હત્યારો મારો પતિ! મારા જ સગાને હણ્યો! દેખાવમાં નર્યો ફિરસ્તો, પણ સ્વભાવે તો રાક્ષસ! સુંવાળા ફૂલ જેવા હૃદયમાં સાપ સંતાયો હશે એની મને નહોતી ખબર! સુંદર, પણ સિતમગર! ઘેટાના ચામડામાં સંતાએલો વરુ અંતે પ્રગટ થયો! હાય હવે શું કરું?' એણે રોમિયોને ખૂબખૂબ ફિટકાર આપ્યો. આંસુ વહી ગયા પછી તેનો આવેશ–ઉન્માદ જરા શમ્યો. પતિ માટે ઘાતકી વિશેષણો ઉચ્ચાર્યાં તેની તેને શરમ લાગવા માંડી: 'અરે, મેં મારા જ નાથને આમ નવાજ્યો? મૂઈ હું! દામ્પત્યના હજુ માંડ ત્રણ કલાક થયા ત્યાં જ હું એનો ધિક્કાર કરવા લાગી ગઈ? નહિ રે નહિ, વહાલા રોમિયો, હું ભૂલી: તું જ સાચો છે. તેં ટાઇબલ્ટની હત્યા ન કરી હોત તો તેણે તારી હત્યા કરી હોત અને મારું સૌભાગ્ય નંદવાઈ જાત. હાશ, હું ઊગરી ગઈ. જે થયું તે સારા માટે. મારો રોમિયો જુગજુગ જીવો! પણ એ દેશપાર થશે? રોમિયો દેશપાર?' રાજાના ફરમાનના શબ્દો તેના મગજમાં ઘૂમરી લેવા લાગ્યા.

બીજી તરફ રોમિયોની મૂંઝવણનો પણ પાર ન હતો. જુલિયેટ વિના હવે પરદેશમાં જિવાશે કેમ એ મોટી ચિંતા હતી. એનું પ્રેમભીનું હૃદય પોચું પડી ગયું. દેશપારીનો તેને ડર ન હતો; પરંતુ જ્યાં જુલિયેટ ત્યાં જ તેનું જન્નત હતું. એ જુલિયેટથી તેને દૂરદૂર ધકેલી દેવામાં આવ્યો હતો. તે ધર્મગુરુ લૉરેન્સને મળ્યો અને કકળી ઊઠ્યો. આત્મહત્યા કરવાની તેને ઇચ્છા થઈ આવી. ધર્મગુરુએ તેની આ પોચટતા બરાબર ખંખેરી નાખી. તેને આશ્વાસન આપ્યું–હિંમત આપી. વેરોનાની હદબહાર મૅન્ટુઆ નગરીમાં જઈને વસવાની સલાહ આપી અને ત્યાં જુલિયેટને પ્રાપ્ત કરી લેવાની તરકીબ પણ સુઝાડી.

ત્યાં તો જુલિયેટનો સંદેશો તેને મળ્યો અને રાતે એ તેના આવાસમાં દોડી ગયો. પરણ્યાની પહેલી અને કદાચ છેલ્લી એ મિલનરાત્રિ હતી. રોમિયો-જુલિયેટ મળ્યાં, ભેટ્યાં, રમ્યાં, રડ્યાં, હસ્યાં, રિસાયાં ને મનાયાં! મધુરજની મન ભરીને એમણે માણી; વાતમાં ને વાતમાં રાત વીતી. પંખીના ટહુકારે પ્રભાત જાગ્યું. બંનેને મહાવસમું લાગ્યું. જુલિયેટની આંખ વરસી રહી: 'પ્રિય હૃદયનાથ, ફરી ક્યારેય આવું મધુર મિલન રચાશે ખરું?'

રોમિયોએ એની પાંપણ ચૂમી: 'વિશ્વાસ રાખ; વિયોગની મધરાત પછી મિલનનું પ્રભાત દૂર નહિ જ હોય. એ પ્રેમપ્રભાત આપણા જીવનનું અનેરું પ્રભાત હશે.'

પરંતુ જુલિયેટની આંસુભરી આંખોમાં આશંકા હતી, અંદેશો હતો: 'મારા નાથ, મને ઇતબાર નથી પડતો. ભાવી ભેંકાર લાગે છે. તને વિદાય દઉં છું ત્યારે કબ્રસ્તાનના ઉદરમાં પેસતો તને જોઉં છું. મારું ઉર ચિરાઈ જાય છે. આપણાં ભાગ્યનું શું નિર્માણ હશે?' અને ફરી એ ડૂસકાં ભરી રહી. રોમિયો [illegible] આશ્વાસન દીધું, પરંતુ એની આશંકાના પ્રબળ પડઘા એના અંતરમાં પણ પડી રહ્યા.

રોમિયો ગયો અને જુલિયેટની જીવનવાડી સૂનકાર બની ગઈ. આ આપત્તિકાળમાં એક બીજી ચિંતા તેને વળગી. તેના પિતા કૅપ્યુલેટે તેને માટે પૅરિસ નામનો એક ફૂટડો જુવાન શોધી કાઢ્યો હતો. જુલિયેટને તેમણે લગ્નની તાકીદ આપી, અને તેના હૈયામાં ફડકો પેઠો! તેણે બહાનાં બતાવવા માંડ્યાં. એથી તો એના પિતા ખૂબ ખફા થયા. રોમિયો સાથેના લગ્નની હકીકત પિતા સમક્ષ જાહેર કરવાની હિંમત જુલિયેટમાં ન હતી. તે સલાહ માટે એકદમ એમના વડીલ ધર્મગુરુ લૉરેન્સ પાસે દોડી ગઈ. ધર્મગુરુ પણ જરાક મૂંઝાયા. આખરે, તેમણે ઇલાજ સમજાવ્યો. તેમણે શરીરને ચાળીસ-બેંતાળીસ કલાક સાવ અચેતન કરી મૂકે એવા દ્રવ્યની એક શીશી તેને આપી અને યથાકાળે તેનો ઉપયોગ કરવાની સૂચના કરી.

નિરાંત અનુભવતી જુલિયેટ ઘેર પાછી ફરી. તેણે પિતાને પોતાના લગ્ન માટે સંમતિ આપીને પ્રસન્ન કરી દીધા. પૅરિસના ઉમંગનો પાર ન રહ્યો. લગ્ન માટે લાંબી વાટ જોવાની હતી નહિ. ગુરુવારનો દિવસ એના પિતાએ નક્કી કરી દીધો.

બુધવારે રાતે એકાંતમાં જુલિયેટ દ્રવ્ય પીને સૂતી. થોડીક જ મિનિટોમાં તે નિશ્ચેતન બની ગઈ. સવારે તેની પરિચારિકા તેને ઉઠાડવા આવી. શબ જેવી જુલિયેટ ચત્તીપાટ સૂતી હતી. એકદમ પરિચારિકા દોડી. કૅપ્યુલેટ દંપતીને આ દુર્ઘટનાની તેણે જાણ કરી. આખા ઘરમાં હાહાકાર મચી રહ્યો. તેના મૃત્યુનું કારણ કલ્પવાની પણ ધીરજ કોઈનામાં રહી નહિ. ટાઇબલ્ટના અવસાનનો ઘા હજુ તાજો હતો, ત્યાં એથી પણ વધુ કારમો જખમ કૅપ્યુલેટ કુટુંબને લાગ્યો. ધર્મગુરુ લૉરેન્સ ઠરાવેલા લગ્નમુહૂર્ત મુજબ આવી પહોંચ્યા. પરંતુ એ ઘરમાંથી લગ્નયાત્રાને બદલે સ્મશાનયાત્રા કાઢવાનું કર્તવ્ય તેને બજાવવું પડ્યું. પૅરિસ પોતાના કમભાગ્યને રડી રહ્યો.

ધર્મગુરુએ આ બધી ઘટનાઓની માહિતી સાથે એક ખાનગી સંદેશો રોમિયો પર વિશ્વાસુ સાથી જોડે મોકલ્યો હતો. તેમાં રોમિયોને તત્કાળ આવી પહોંચવાની તેણે સૂચના કરી હતી. પરંતુ સંદેશવાહકની ગફલતને કારણે એ સંદેશો રોમિયોને ન પહોંચ્યો. ઊલટું, જુલિયેટના મૃત્યુ-સમાચાર તે અગાઉ પહોંચી ગયા! રોમિયોના હૃદય પર વજ્રઘાત થયો. એ સાવ હૈયાસૂનો બની ગયો. હજી ગઈ રાતે જ તેને શમણું આવ્યું હતું. પોતે અવસાન પામ્યો; ત્યાં જુલિયેટ આવી, એના હોઠ ચૂમ્યા અને એ સંજીવનીએ તેને પુનર્જીવન આપ્યું. આ સ્વપ્નને બદલે અણધારી કઠોર વાસ્તવિકતા તેની સમક્ષ તરવરી રહી. એના મનમાં એક જ વાત ઘૂંટાતી હતી: 'જુલિયેટ હવે જીવતી નથી!'

જુલિયેટના પ્રેમનું સ્મરણ થતાં જ એનું સમગ્ર અંતર આવેશથી

ઉછાળા મારવા માંડયું. જુલિયેટ વિનાનું જગત વેરાન હતું – જીવન શુષ્ક હતું. એના અણુઅણુમાં જુલિયેટના નામનો પ્રાણપોકાર ઊઠયો. તે બાવરો બની ગયો. ઝેરની શીશી લઇને પ્રિયતમાના સોડમાં પોઢવા તે દોડતો વેરોના નગરીમાં આવી પહોંચ્યો.

અંધારી રાત હતી. સદાને માટે પોઢી ગએલી પ્રેયસીને પ્રેમનાં છેલ્લાં પુષ્પો અર્પણ કરવા એક જુવાન ધીરેધીરે ડગલાં ભરી રહ્યો હતો. એની આંખોમાં ગમગીની હતી, જીવનનો થાક હતો. તેની સાથે તેનો પરિચારક હતો. એ જુવાન જુલિયેટના લગ્નનો ઉમેદવાર પરિસ પોતે હતો. અચાનક તેણે જુલિયેટના શબ નજીક જતા એક પડછાયાને જોયો. તે ચોંકયો: 'અરે, આ તો રોમિયો! હદપાર થએલો ડાકુ! કૅપ્યુલેટ કુટુંબની મૃત કન્યાની બેઇજ્જતી કરવા આવ્યો?' તેણે એકદમ રોમિયો તરફ ધસીને તેને પડકાર્યો. રોમિયો તેને કરગરી રહ્યો: 'ભલા જુવાન, કૃપા કરીને મને અત્યારે સંતાપીશ નહિ. મારે હાથે બીજી હત્યા થશે તો મને બીજું પાતક લાગશે...તું ચાલ્યો જા. મારો જીવ અત્યારે અજંપાથી ઊછળી રહ્યો છે. એક ગાંડા ઝનૂને ચડેલા માણસની દયાથી તારો જીવ બચ્યો તેની વધામણી સૌને કહેજે – જા, મને મારું કામ કરવા દે.'

પણ પૅરિસ હઠયો નહિ. તેણે રોમિયોને આગળ વધતો રોકયો. રોમિયોનું દિમાગ એકદમ ઉશ્કેરાઈ ગયું: 'હજી તને જંપ નથી વળતો? લે, તું પણ સ્વાદ ચાખતો જા ત્યારે.' કહી એણે તલવાર ધુમાવી. બંને વચ્ચે જુલિયેટની કબર પાસે જ જંગ ખેલાયો. પૅરિસ પર જીવલેણ ઘા થયો અને તે ત્યાં જ મૃત્યુ પામ્યો. એનો નોકર ત્યાંથી જીવ લઇને નાઠો.

જુલિયેટની કબર પાસે ઘૂંટણિયે પડીને રોમિયો બેસી ગયો. એનું હૃદય કરુણ આક્રંદ કરી રહ્યું. મધુરજનીની મીઠી સ્મૃતિઓ હૈયામાં ઊભરાવા માંડી. તેની આંખો છલકાઈ ઊઠી. ગદ્‌ગદ કંઠે તે છેલ્લી અંજલિ આપી રહ્યો: 'મારી મધુર જુલિયેટ, તારા રૂપ પર મૃત્યુ પણ આફરીન થઈ ગયું? મૃત્યુએ તને કબરની કેદમાં જકડી લીધી? ઓહ...પણ તું સદાકાળ મારી છે. મૃત્યુ ય તને મારી પાસેથી ઝૂંટવી શકશે નહિ. હું —તારો જ છું, સદાસર્વદા તારો. તારી સોડમાં અમૃત પામ્યો છું તારી જ સોડમાં હવે મૃત્યુની લજ્જત માણીશ. જુલિયેટ, મારા જીવનની અમી, છેલ્લી ચૂમી...' એણે જુલિયટના ફિક્કા હોઠને ચૂમ્યા; અને શીશીમાં સાથે આણેલું ઝેર પીને તે જુલિયેટની પડખે પોઢી ગયો.

જુલિયેટનો જાગૃતિકાળ પાસે આવ્યો જાણીને લૉરેન્સ એની કબર સમીપ ચાલ્યો. ત્યાં તો કબર પાસે લોહીનું ખાબોચિયું ને બે લાશ જોઈ તે ફફડી ઊઠયો. બંને લાશ તેણે ઓળખી. તેનું નૂર ઊડી ગયું: 'અરે, બધો ખેલ ખલાસ! જરાક મોડું થઈ ગયું–બે જિંદગી બરબાદ થઈ ગઈ!'

જુલિયેટનો દેહ સળવળવા માંડ્યો. એને ભાનમાં આવતી જોઈ લૉરેન્સને ભારે મૂંઝવણ થઈ. રોમિયોના મૃત્યુ-સમાચાર જુલિયેટને કહેવાની તેનામાં હામ ન રહી. તે ત્યાંથી સરકી ગયો.

જુલિયેટ જાગી. પોતાની પાસે જ પ્રાણપ્રિય રોમિયોનું શબ જોઇને તે ભયથી છળી ઊઠી: 'હાય! આ ઝેરનો જામ મારા હૃદયનાથના હાથમાં? ઓહ! મારે ખાતર એ મોતને ભેટયો? એણે ઝેર પીધું? ઓ રોમિયો...મારા નાથ! ઝેરની લજ્જત તેં એકલે માણી? બે ટીપાં પણ મારે કાજે નહિ?' એ આવેશમાં આવી ગઈ. 'ફિકર નહિ, મારા નાથ! તારા હાથે ઝેર ન મળ્યું, તારા હોઠેથી એ ચૂસીને હું મોતને માણીશ.' તેણે રોમિયોના સૂકા હોઠ ચૂમી લીધા.

એટલામાં બહાર ધાંધાટ મચી રહ્યો. જુલિયેટને માગ્યું મોત મળ્યું નહિ. બહારના લોકો અંદર ધસી આવે તે પહેલાં જ તેણે પોતાની પાસે છુપાવી રાખેલી કટારી કાઢીને પોતાના કાળજામાં પરોવી દીધી. ✿

શિવકુમાર જોષી

સમરેશે સવારનું છાપું ખોલ્યું. એનો હાથ ધ્રૂજતો હતો. એક પછી એક કૉલમ એણે જોઈ લેવા માંડયાં. ચાનો કપ અને ટોસ્ટની પ્લેટ લઈને અતસી આવી. તેણે હસતાં હસતાં પૂછયું: 'શું, 'વૉન્ટેડ'નું કૉલમ વાંચો છો? આ નોકરીથી અસંતોષ છે? કે પછી પેલા હિમાંશુને ગોઠવી શકાય તે માટે મૅટ્રિમોનિયલની જાહેરાતો જુઓ છો?'

પત્નીના ટીખળનો સમરેશ શો જવાબ આપે? ફિક્કું ઉપચાર પૂરતું હસીને પત્નીનું ધ્યાન, પોતાના ચહેરા ઉપર મોડી રાતથી મંડાઈ ચૂકેલા પેલા ભાવ ઉપર ન પડે તે માટે છાપું વધુ ઊંચું કરી એણે મુખ ઢાંકી દીધું, અને ટેવ તરીકે રકાબીમાં પડેલો ટોસ્ટ હાથમાં લીધો. પણ મોંમાં મૂકવાની હિમ્મત ન ચાલી. એક પછી એક કૉલમમાં એની નજર ફરી રહી, અને 'સિટી નોટ્સ' કૉલમની નીચે નાની સરખી જગ્યા રોકતા એક સમાચાર ઉપર અંતે ચોંટી ગઈ. સૂક્ષ્મદર્શક કાચમાંથી પચાસ–સો ગણો મોટો થઈથઈને એક એક અક્ષર એની સમક્ષ પડકાર કરતો, સૂતો હોય ત્યાંથી બેઠો થઈને વાચાળ બન્યે જતો હતો:

'લગભગ રાતના સાડા દસ વાગ્યે સ્ટ્રૅન્ડ રોડ ઉપરથી પસાર થતી એક પ્રાઇવેટ મોટરકાર સાથે અથડાતાં, અંદાજે સત્તાવીસ વર્ષની એક યુવતી—જેની ઓળખ પડી શકી નથી—રસ્તા ઉપર સખત રીતે ઘાયલ થએલી મળી આવી હતી. ઍમ્બ્યુલન્સમાં લઈ જતાં રસ્તામાં જ એનું મૃત્યુ થયું હતું. અકસ્માતમાં સંડોવાએલી મોટર નાસી છૂટી હતી...'

મોટર નાસી છૂટી હતી!...'અરે અતસી! પછી બિહારી મોટર ધોઈ ગયો કે નહિ?' સમરેશે સફાળા ઊભા થઈને પત્નીને પૂછયું.

'અત્યારના પહોરમાં કયારે ય બિહારી મોટર ધોવા આવે છે?... કેમ, આજે વહેલા ભાગવું છે? કોઈ ખાસ ઍપૉઇન્ટમેન્ટ? હજી રાતે અગિયાર વાગ્યે તો ઘેર આવ્યા છો.'

'અગિયાર કયાં થયા હતા? સાડા દસે તો હું પથારીમાં પડયો હતો.'


'એમ? મારા મનમાં કે તે વખતે ઘડિયાળમાં સાડા અગિયારનો ડંકો વાગેલો.' અતસી પોતાને કામે ચાલી ગઈ.


થોડી વાર છાપું વાંચવાની ગડમથલ કર્યા પછી સમરેશ ઊભા થઈને ગરાજની ચાવી લીધી. ચૂપચાપ સીડી ઊતરીને ગરાજ ખોલ્યું. આગળના બમ્પરથી માંડીને પૈડાંની ધાર, અને વાંકા વળીને નીચેનો ભાગ પણ ફરીફરીને તપાસી લીધો. કયાંય કશો લોહીનો ડાઘ કે એવું કાંઈ દેખાતું તો નથી ને? એણે ચીવટથી જોયું, પણ કશું યે નજરે ન પડયું. થોડી હાશ અનુભવી ઝડપથી એ ગરાજની બહાર આવ્યો ને બારણું બંધ કરવા જાય છે ત્યાં બિહારી બાલદીમાં પાણી અને સાફસૂફી માટેની બીજી સામગ્રી લઈને સામે મળ્યો.

'રાતે મોટરમાં મારાં ચશ્માં ભૂલી ગયો હતો એટલે...' બિહારીને પોતાનાં પગલાંના બચાવમાં કશો યે ખુલાસો કરવાની જરૂર ન હતી એમ સમરેશને થોડી ક્ષણો વીત્યા પછી જ સમજાયું. એના લૂલા બચાવનો પડઘો બિહારીના મુખ ઉપર પડયો હતો? એની નજરમાં આશ્ચર્ય જ હતું કે બીજું કશું? ઝડપથી તે સીડી ચડી ગયો ત્યાં સામે અતસી મળી: 'બિહારી ગરાજની ચાવી શોધતો હતો. છાપું વાંચતાં વાંચતાં તમે નીચે ગરાજમાં ચાલ્યા ગએલા?'

'મારાં ચશ્માં મોટરમાં ભૂલી ગયો...' બિહારીને આપેલું એ જ કારણ અતસી પાસે સમરેશે બોલી નાખ્યું. પણ એ કેવું જુઠું બહાનું હતું તેની અતસીને ખબર પહોંચી ગઈ હતી.

'આજે તમને થયું છે શું? ચશ્માં તો સવારથી જ પહેરીને છાપું





'આકડે મધ' ('કુમાર' ૪૯૦ : પૃ. ૪૩૦). વર્ષો પહેલાં આ કહેવત મેં પ્રથમ આપની જ પાસેથી સાંભળેલી. ઉત્તર ગુજરાતમાં એ પ્રચરિત હોય એવું મારા જાણવામાં નથી.

આ કહેવત ઘણા પ્રાચીન કાળથી ચાલતી આવી છે તે નીચેના અવતરણ પરથી જણાશે :

अक्के (પાઠાન્તર अर्के) चेन् मधु विन्देत
किमर्थं पर्वतं व्रजेत् ।
इष्टस्यार्थस्य संसिद्धौ
को विद्वान् यत्नमाचरेत् ॥

ઘરખૂણે (अक्के) [આકડે (अर्के)] મધ મળતું હોય તો પહાડ સુધી શા માટે રખડવું ?

દુષ્કર ઉપાયો છોડી દઈને સુકર ઉપાયમાં જ પ્રવૃત્તિ કરવી, એવો જનતા-જનાર્દનનો પણ અભિપ્રાય છે, એ દર્શાવવા માટે ઉપરનો શ્લોક સુપ્રસિદ્ધ ન્યાયાચાર્ય વાચસ્પતિ મિશ્રે (નવમું-દસમું શતક) એમના सांख्यतत्त्व कौमुदी ગ્રન્થમાં (પૃ. ૭ 'तत्र लौकिनाम् आभाणकः' (લોકોક્તિ) વચનથી ટાંક્યો છે. આ જ શ્લોક એમના અન્ય ગ્રન્થ न्यायवार्त्तिक तात्पर्य टीका (પૃ. ૩૨૦)માં પણ આવે છે.

આપણા સામાન્ય દેખાતા શબ્દપ્રયોગોનાં મૂળ કેટલાં જૂનાં હોય છે, એનું બીજું એક દૃષ્ટાન્ત પણ વાચસ્પતિના ગ્રન્થમાં મળે છે. બ્રહ્મસૂત્રશાંકરભાષ્યની ભામતી નામની ટીકામાં વાચસ્પતિએ "हडि निगडादिषु" લખ્યું છે (૧. ૩. ૧). આમાંનો हडि શબ્દ એ આપણો 'હેડ' (હેડમાં પૂરવું) શબ્દ જ છે. આજે યે બિહારમાં તે એ જ અર્થમાં પ્રચરિત છે.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

'કુમાર' (જુલાઈ)માં 'વિવિધા' ગમ્યું. માઈકલ ઍન્જેલોના આદમ-જન્મના ચિત્રમાં એના ડાબા પગમાં સ્ત્રીનું ધડ સમાવ્યું છે એવો ઉલ્લેખ વાંચ્યો છે. એ વાત રસમય લાગી. એ દૃશ્યની સારી છાપ આપ બની શકે તો છાપશો ને આ ખૂબીથી માહિતગાર કરશો. [*જુઓ સામેનાં ચિત્રો]

એનાં ચિત્રો એ વખતે સ્નાનખંડ માટે વધુ અનુરૂપ ગણાયાં ! [આથી આ ટીકા કરનાર Biagio da Cesenaને પણ એણે એક ભીંતચિત્રમાં ગધેડાના કાન લગાવીને ગોઠવી દીધો !]



પણ પોપ પૉલ ચોથો તો એથી પણ આગળ ગયો. એણે તો 'સ્નાનગૃહ'નાં આ દૃશ્યોનાં અડવાં અંગો ઢાંકવા બીજા એક ચિત્રકારને આદેશ પણ આપી દીધો! માઇકલે પીછી હેઠે મૂકી ત્યારે કળાના એક પ્રકરણનો અંત આવ્યો. એનાં આ ચિત્રો આજના યુગના કોઈ પણ ચિત્ર સાથે સરખાવી શકાય નહિ.

એનાં ચિત્રો જોવા માટે રજાઓના દિવસોમાં રોજ છ હજાર માણસો સિસ્ટાઈન ચૅપલમાં ટોળે વળે છે. એનો વિશાળ હૉલ ૧૩૩ ફીટ લાંબો, ૧૪૪ ફીટ પહોળો અને ૬૮ ફીટ ઊંચો છે. પોપ સિસ્ટસ ચોથાએ બંધાવેલા આ ચૅપલનું નામ એના ઉપરથી પડ્યું છે. પછી એના ભત્રીજા પોપ જુલિયસ બીજાએ ૧૫૦૮માં માઈકલને એમાં ભીંત-ચિત્રો આલેખવા રોક્યો. એ વખતે ૩૪ વર્ષની ઉંમરનો માઈકલ શિલ્પી તરીકે જ પ્રખ્યાત હતો. એનાં Pieta તથા David એ વખતે પંકાએલાં હતાં.

પણ ભીંતચિત્રો આલેખવાની કળા અટપટી હતી. ભીંતના ભીના પ્લાસ્ટર ઉપર પૂરા કદનું ચિત્ર-સંયોજન ટ્રેઇસ કરવાનું; પછી એમાં રંગ ભરવાના. પ્લાસ્ટર સુકાય તેમ ભીંત અને રંગનાં કેમિકલ-રીઍક્શનથી ચિત્ર એના ઉપર કાયમી થઈ જાય. ચિત્રકામ કરતી વખતે ભીંતનું પ્લાસ્ટર તાજું, ભીનું જ જોઈએ. આ રીતે ૫૫૯૫ ચોરસ ફૂટની છત દોરતાં એને સાડા ચાર વર્ષ લાગ્યાં. દરમિયાન એને પોપ જુલિયસની પ્રેરણા મળતી રહી. તે એનું કામ જોવા જાતે માચડા પર ચડીને છતે પહોંચતો.

માનવી પશુ મટી મનુષ્ય થયો ત્યારથી તેણે કલ્પનાને સાકાર કરવા ચિત્ર-કળાનું માધ્યમ અપનાવ્યું છે. માઈકલ ઍન્જેલો જેવાએ અથાગ પરિશ્રમ કરી આબેહૂબતા ખડી કરી, તો આજના કળાકારોએ ફક્ત વિચારોને જ પ્રાધાન્ય આપી રંગ અને રેખાને ગૌણ બનાવ્યાં. એને નામ મળ્યું 'મૉડર્ન આર્ટ'નું. આ યુગમાં તો ચિત્રકારોએ પીછી મૂકીને બીજાં અનેક સાધનોનો સર્જનમાં ઉપયોગ કર્યો. કોઈએ સીધા ટ્યૂબના લપેડા કરી ચિત્ર ઉપજાવ્યું; કોઈએ રંગ મેળવવાની છરીનો જ ઉપયોગ કર્યો; કોઈએ રંગ-પાટીને જ ચિત્ર બનાવ્યાં; કોઈએ લોખંડના ભંગારના ટુકડાઓને રેણ કરી આકાર બનાવ્યા; કોઈએ ઝાડની ગાંઠો છોલીને ગોઠવી દીધી; કોઈ તરંગીએ વાંદરાના હાથમાં પીછી આપી લપેડા કરાવી ચંદ્રકો જીત્યા; કોઈએ ખુલ્લા માનવદેહ ઉપર જુદાજુદા રંગો લગાવી તેને કૅનવાસ પર આળોટાવીને છાપ લઈને નામના મેળવી; હમણાં વળી કોઈએ સાઇક્લોસ્ટાઇલ મશિનમાં થતા ડાઘાડૂઘીના કાગળો ફ્રેમ કરી દીધા, તો કોઈએ વળી વાદળી જેવા પ્લાસ્ટિક ઉપર ઍસિડ છાંટી વત્તો-ઓછો ભાગ બા-